નેશનલ બુક ટ્રસ્ટનાં પુસ્તકો માટે સંપર્ક કરો :


મુખ્ય કાર્યાલય
**નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા**
શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર
**નહેરુ ભવન, 5 ઇન્સ્ટીટ્યૂશનલ એરિયા, ફેસ-II**
**વસંત કુંજ, નવી દિલ્હી-110 070**
ફોન : 91-11-26707700 | ઈ-મેલ : office.nbt@nic.in

**એનબીટી મેટ્રો બુક શૉપ**
• કશ્મીરી ગેટ દિલ્હી મેટ્રો સ્ટેશન • વિશ્વવિદ્યાલય દિલ્હી મેટ્રો સ્ટેશન
ઈ-મેલ : nro.nbt@nic.in

**મુંબઈ**
રવીન્દ્ર નાટ્ય મંદિર, પહેલો માળ
પુ. લ. દેશપાંડે મહારાષ્ટ્ર કલા અકાદમી
પ્રભાદેવી, મુંબઈ - 400 025
ફોન : 022-23720442, 24320380
ઈ-મેલ : nbtindiamumbai@yahoo.com
wro.nbt@nic.in

**બેંગલુરુ**
હોલ નં. 1, બી.ડી.એ. શોપિંગ કોમ્પ્લેક્સ
બનશંકરી 2 સ્ટેજ, બેંગલુરુ - 560 070
ફોન : 080-26716303
ઈ-મેલ : sro.nbt@nic.in

**કોલકાતા**
જલાનસેવા ટ્રસ્ટ બિલ્ડીંગ, બીજો માળ
61, મહાત્મા ગાંધી રોડ , કોલકાતા - 700 009
ફોન : 033-22413899
ઈ-મેલ : ero.nbt@nic.in

**ચેન્નઈ**
ભોંયતળિયું, ઈ.વી.કે. સંપત બિલ્ડીંગ, ડી.પી.આઈ. કેમ્પસ, કોલેજ રોડ, નુંગમબક્કમ, ચેન્નઈ - 600 006
ફોન : 044-28252663
ઈ-મેલ : bpc.chennai@nbtindia.gov.in

**હૈદરાબાદ**
જી 2-6, ભોંયતળિયું, ગૃહકલ્પ કોમ્પ્લેક્સ, ગાંધી ભવનની સામે, નામપલ્લી, હૈદરાબાદ
ફોન : 040-27077333
ઈ-મેલ: bpc.hyderabad@nbtindia.gov.in

**ગુવાહાટી**
અસમ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ બિલ્ડીંગ
હેદાયતપુર, મોઝા ઉલુબરી, ગુવાહાટી
ફોન : 0361-2131522
ઈ-મેલ : bpc.guwahati@nbtindia.gov.in

**અગરતલા**
લાઈબ્રેરી (પુરા ગ્રંથગાર), અગરતલા
એ.એમ.સી.નું ભોંયતળિયું, અગરતલા
ફોન : 0381-2328990
ઈ-મેલ : bpc.agartala@nbtindia.gov.in

**પટણા**
73/40, ઑફીસર્સ ફ્લેટ, બેલી રોડ
પુનાઈચકની પાસે, પટણા (બિહાર) - 800 001
ફોન : 0612-2546967
ઈ-મેલ : bpc.patna@nbtindia.gov.in

**કટક**
ઉત્કલ સાહિત્ય સમાજ કેમ્પસ, ટાઉન હોલ રોડ
તેલેંગા બજાર, કટક - 753 009, ઓડિશા
ફોન : 0671-2308799
ઈ-મેલ : ero.nbt@nic.in

**એર્નાકુલમ/કોચી**
બી 2 , રેવેન્યુ ટાવર ( ગવર્નમેન્ટ લૉ કોલેજ)
પાર્ક એવેન્યુ, એર્નાકુલમ, કોચી - 682 011
ફોન : 0484-2367702
ઈ-મેલ : nbt.kochi@gmail.com

**લખનઉ**
વિશ્વવિદ્યાલય મેટ્રો સ્ટેશન કોન્કોર્સ, લખનઉ

**www.nbtindia.gov.in**


ગુજરાતી પુસ્તકો

સૂચિપત્ર 2022

Azadi Ka Amrit Mahotsav

# સૂચિપત્ર 2022

# ગુજરાતી પુસ્તકો

Knowledge PARTNER of THE NATION

**નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા**
શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર

# અનુક્રમ


| | |
|---|---|
| નેશનલ બુક ટ્રસ્ટ વિશે | 3 |
| અમારો પ્રકાશન કાર્યક્રમ | 7 |
| ભારત-ભૂમિ અને લોકો | 11 |
| લોકોપયોગી સમાજવિજ્ઞાન | 15 |
| લોક-સંસ્કૃતિ અને સાહિત્ય | 16 |
| તરુણ ભારતી | 17 |
| રીડર | 19 |
| સર્જનાત્મક શિક્ષણ | 19 |
| લોકોપયોગી વિજ્ઞાનમાળા | 20 |
| ઈતર પુસ્તકો | 23 |
| આદાન-પ્રદાન | 25 |
| નવલેખન પુસ્તકમાળા | 42 |
| સુવર્ણજયંતી પુસ્તકમાળા | 43 |
| ભારતીય સાહિત્યનિધિ | 44 |
| વિશ્વ-સાહિત્ય | 44 |
| રાષ્ટ્રીય જીવનચરિત્રમાળા | 45 |
| નહેરુ બાલ-પુસ્તકાલય | 53 |
| એશિયા-પૅસિફિક સંયુક્ત પ્રકાશન કાર્યક્રમ | 104 |
| નવશિક્ષિત સાહિત્યમાળા | 105 |
| સતત શિક્ષણ | 121 |
| નેશનલ બુક ટ્રસ્ટ 'પુસ્તક ક્લબ' | 123 |


*** સૂચિપત્રમાં દર્શાવેલાં પુસ્તકોની કિંમતમાં ફેરફાર હોઈ શકે. ઓર્ડરનાં પુસ્તકો ઉપલબ્ધ થયા વખતની કિંમત ધ્યાનમાં લેવાશે.**

Catalogue of Gujarati Publication - 2022

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
નેહરુ ભવન, 5 ઇન્સ્ટીટ્યૂશનલ એરિયા, ફેસ-II
વસંત કુંજ, નવી દિલ્હી-110 070 દ્વારા પ્રકાશિત

www.nbtindia.gov.in

Lasertypeset by Stylus Graphics, Ahmedabad and
printed at First Impressions, New Delhi

# નેશનલ બુક ટ્રસ્ટ વિશે

પુસ્તકો અને વાચનની આદતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 1957માં ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળની એક સ્વાયત્ત સંસ્થા તરીકે નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. નેશનલ બુક ટ્રસ્ટની પ્રવૃત્તિઓને પાંચ મુખ્ય વિભાગમાં વહેંચી શકાય : (1) પ્રકાશન (2) પુસ્તકોનો પ્રસાર-પ્રચાર અને પુસ્તક-વાચનને પ્રોત્સાહન (3) ભારતીય પુસ્તકોનો વિદેશમાં ફેલાવો (4) લેખકો તેમ જ પ્રકાશકોને સહાય; અને (5) બાલ-સાહિત્યને પ્રોત્સાહન. આ મુખ્ય વિભાગો વિશેની વિગત નીચે મુજબ છે :

**પ્રકાશન**

સમાજના બધા જ વર્ગો અને બધી જ વયના વાચકો માટે અમે સામાન્ય પ્રકારની વાચનસામગ્રી પ્રકાશિત કરીએ છીએ. કથા-સાહિત્ય તેમજ ઇતર વિષયોને લગતાં અંગ્રેજી, હિન્દી અને ભારતની અન્ય અગિયાર ભાષાઓમાં વિભિન્ન શ્રેણીઓ અંતર્ગત પ્રમાણમાં ઓછી કિંમતનાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે. આમાં અસમિયા, ઉર્દૂ, ઓડિયા, કન્નડ, ગુજરાતી, તમિલ, તેલુગુ, પંજાબી, બાંગ્લા, મરાઠી અને મલયાલમ ભાષાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કશ્મીરી, કોંકણી, નેપાળી, રાજસ્થાની, સિંધી અને મણિપુરી જેવી ભાષાઓમાં પણ પુસ્તકો પ્રકાશિત થાય છે. તે ઉપરાંત, એક પ્રયોગ લેખે બાળકો માટેનાં ચૂટેલાં શ્રેષ્ઠ પુસ્તકોના અનુવાદ કેટલીક જનજાતીય ભાષાઓ ગોંડી, ભીલી, સંથાલી, મગહી, ભતરી, હલબી, ભોજપુરી તથા પૂર્વોત્તરની કેટલીક ભાષાઓ જેમકે આઓ, નાગા, કોકબોરક, ખાસી, ગારો, નેવારી, બોડો, ભુતિયા, મિસિંગ, મિઝો, લિમ્બૂ અને લેપ્ચા વગેરેમાં પણ કરાયા છે. આ સિવાય સંસ્કૃત ભાષામાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવે છે. કુલ મળીને 50થી વધુ ભાષાઓ તેમ જ બોલીઓમાં પુસ્તકો પ્રકાશિત થાય છે

સામાન્ય વાચકો માટે ઘણી અગત્યતા ધરાવનાર છતાં ભારતમાં સાધારણ રીતે જેની અવગણના થઈ રહી છે એવી માહિતીસભર સામગ્રીનાં પુસ્તકોના પ્રકાશન પર અમે વિશેષ ધ્યાન આપીએ છીએ. જેમકે સામાન્ય વાચકોને માટે લોકોપયોગી વિજ્ઞાન તથા અન્ય માહિતીપ્રદ વાચનસામગ્રી કે જેમાં દેશનાં વિભિન્ન પાસાંઓ પરનાં પુસ્તકો સામેલ છે.

પ્રજ્ઞાચક્ષુ વાચકોને શ્રેષ્ઠ વાચનસામગ્રી ઉપલબ્ધ કરાવવાના પ્રયત્નો હેઠળ અમે અમારાં કેટલાંક ચૂંટેલાં પુસ્તકોનું બ્રેઈલ લિપિમાં પ્રકાશન કર્યું છે.

વિભિન્ન ભાષાઓમાં મૂળ અને અનુદિત પુસ્તકો અને તેમની નવી આવૃત્તિઓના પ્રકાશનની ગતિ વધારીને દરેક ભાષામાં પુસ્તકોનો એક સંતુલિત સેટ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસમાં અને ઘણે અંશે સફળ રહ્યા છીએ. અત્યાર સુધીમાં અમે લગભગ 37,000 શીર્ષકો પર પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. જેમાં મૂળ, પુનઃમુદ્રણ અને ભારતીય ભાષા અને અંગ્રેજીમાં અનુવાદ સામેલ છે. સાથોસાથ, પુસ્તકોના વિક્રય અંગે અભિનવ અને પરિવર્તનશીલ નીતિ અપનાવીને અમે અમારાં પ્રકાશનોને આર્થિક દષ્ટિએ સદ્ધર કરવા અને એને સહજ સુલભ કરાવવાના ઉદ્દેશથી એક પ્રભાવશાળી વેચાણ-તંત્ર સ્થાપિત કરવાના માર્ગે આગળ વધી રહ્યા છીએ.

## પુસ્તકોનો પ્રચાર-પ્રસાર અને પુસ્તક-વાચનનો વિકાસ

દેશભરમાં પુસ્તક-મેળાઓ અને પ્રદર્શનો યોજીને પુસ્તકો અને વાચન-પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં અમે અગત્યનો ભાગ ભજવીએ છીએ. ખાનગી અને જાહેર ક્ષેત્રમાં પ્રકાશકોએ બહાર પાડેલાં સસ્તી કિંમતનાં પુસ્તકોનાં ભાષાવાર તેમજ વિષયવાર સંખ્યાબંધ પ્રદર્શનો યોજવાનું પણ અમે શરૂ કર્યું છે. એમાં નવશિક્ષિતો માટેની વાચનસામગ્રીનો સમાવેશ થાય છે જેને ગામડાંમાં રજૂ કરવામાં આવે છે. સપ્ટેમ્બર 1992માં શરૂ કરાયેલી પુસ્તક પ્રદર્શનોની આ યોજના હેઠળ અમે અત્યાર સુધીમાં ઈશાન રાજ્યો સમેત અસમ, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, કેરળ, ગુજરાત, ગોવા, ઝારખંડ, તમિલનાડુ, દિલ્હી, પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણા, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં 15,000થી વધુ હરતાંફરતાં પુસ્તક પ્રદર્શનો યોજ્યાં છે.

અત્યાર સુધીમાં અમે અમદાવાદ, ઇન્દોર, રાજકોટ, કોલકાતા, ચેન્નઈ, ચંદીગઢ, જયપુર, તિરુવનંતપુરમ, નાગપુર, નવી દિલ્હી, પટણા, રાંચી, બેંગલોર, ભોપાલ, મુંબઈ, લખનઉ અને હૈદરાબાદમાં વગેરે શહેરોમાં એમ કુલ મળીને 40 રાષ્ટ્રીય પુસ્તકમેળા યોજી ચૂક્યા છીએ. દેશનાં મોટાં શહેરોમાં પણ બાળ-પુસ્તક મેળા/સમારોહ આયોજિત કરવામાં આવ્યા. આ મેળાઓમાં અમે પુસ્તકનિર્માણ, ઉત્પાદન, તેમજ વિતરણ સાથે સંકળાયેલા લોકો માટે ગોષ્ઠીઓ, કાર્યશિબિરો યોજીએ છીએ. 'લેખકને મળો' તથા અન્ય સાહિત્યિક ગતિવિધિઓ આ મેળાનાં મુખ્ય આકર્ષણ હોય છે જે પુસ્તક મેળાને એક તહેવારમાં ફેરવી નાખે છે.

અમે નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં વિશ્વ પુસ્તક મેળાનું આયોજન કરીએ છીએ. 1972થી વિશ્વ પુસ્તક મેળાનું આયોજન દર બીજા વર્ષે થતું રહ્યું. એશિયા અને આફ્રિકામાં યોજાનારો આ સૌથી મોટો પુસ્તક મેળો છે. પ્રગતિ મેદાનના વિભિન્ન મંડપોના લગભગ 36,000 ચો.મી.થી વધુ ક્ષેત્રમાં થતા આ મેળામાં દેશ-વિદેશના 1200થી વધુ પુસ્તક-વેપારીઓ ભાગ લે છે. દરેક વિશ્વ પુસ્તક મેળાનું એક વિષયવસ્તુ 'થીમ પેવેલિયન' રખાય છે. વર્ષ 2013થી દર વર્ષે વિશ્વ પુસ્તક મેળો યોજાય છે. આ વર્ષે (2021માં) કોવિડ-19ના કારણે 29મો નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો 6થી 9 માર્ચ 2021 સુધી આભાસી સ્વરૂપે (Virtual Edition) યોજાયો હતો જેમાં ઑનલાઈન ચર્ચાગોષ્ઠીના અનેક કાર્યક્રમો થયા હતા.

## પ્રકાશન પ્રશિક્ષણ કોર્સ

પુસ્તક-ઉદ્યોગના વિકાસ હેતુ અમે પુસ્તક-પ્રકાશન અને વેચાણની સાથે જોડાયેલ લોકોને માટે સેમિનાર અને કાર્યશાળાઓ યોજીએ છીએ. પ્રકાશનની સાથે સંકળાયેલા કાર્યકરોને માટે તાલીમ આપવા અને એમને આધુનિક પદ્ધતિઓથી પરિચિત કરવાના વર્ગોનું પણ અમે આયોજન કરીએ છીએ. યુવા પ્રતિભાઓને આકર્ષવા અમે 'પ્રકાશન એક પરિચય' વિષય પર એક કોર્સ પણ ચલાવીએ છીએ. 1996થી અત્યાર સુધીમાં 70થી વધારે તાલીમ પાઠ્યક્રમ આયોજિત કરી ચૂક્યા છીએ. અન્ય ક્ષેત્રીય ભાષાઓમાં પણ એવા કેટલાક પાઠ્યક્રમો યોજાય છે. 4-16 ડિસેમ્બર 2006 દરમિયાન 'પ્રકાશન પ્રશિક્ષણ કોર્સ' અમદાવાદમાં યોજાયો હતો. અને એ પછી એક આવો જ કોર્સ ગુજરાત વિદ્યાપીઠ ખાતે થયો હતો.

## રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ

દર વર્ષે 14થી 20 નવેમ્બર દરમિયાન અમારી પહેલ દ્વારા દેશભરમાં 'રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ' ઉજવવામાં આવે છે. જેમાં શૈક્ષણિક અને અન્ય સંસ્થાઓ તથા સાહિત્ય/પ્રકાશનની સંસ્થાઓ પુસ્તકો સાથે સંકળાયેલા કાર્યક્રમો, સ્પર્ધાઓ તેમ જ પ્રદર્શનો યોજે છે.

## વિશ્વ પુસ્તક રાજધાની

ભારતની રાજધાની દિલ્હીને વર્ષ 2003-04 માટે વિશ્વ પુસ્તક રાજધાની જાહેર કરેલી. આ અવસરે ઉજવાયેલ માનવ વિકાસ ઉન્નયનનાં બધાં કાર્યો માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાને કેન્દ્રિય અમલીકરણ (નોડલ એજન્સી) તરીકે નીમવામાં આવ્યું હતું. આ ઉત્સવ 23 એપ્રિલ 2003થી શરૂ થઈને 22 એપ્રિલ 2004 સુધી ચાલ્યો હતો.

## એન.બી.ટી-પુસ્તક ક્લબ

વાચન-રુચિને પ્રોત્સાહન આપવા માટે અમે 'નેશનલ બુક ટ્રસ્ટ પુસ્તક ક્લબ' યોજના શરૂ કરી છે. આ ક્લબના સભ્યો અમારાં બધાં પ્રકાશનો પર વિશેષ વળતર તથા VPPથી પુસ્તકો મંગાવવા પર ટપાલ ખર્ચ પર વિશેષ છૂટ મેળવી શકે છે. એની આજીવન સભ્ય ફી વ્યક્તિદીઠ માત્ર 100 રૂપિયા છે જ્યારે સંસ્થાઓ માટે સભ્ય ફી રૂ.500 છે.આ સિવાય બધા સભ્યોને નેશનલ બુક ટ્રસ્ટના હિંદી અને અંગ્રેજીમાં પ્રકાશિત માસિક ન્યુઝલેટરના માધ્યમે અમારી પ્રવૃત્તિઓની જાણકારી પણ આપવામાં આવે છે. વધુ વિગત આ સૂચિપત્રના છેલ્લા પાને આપી છે.

## આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાઓમાં ભાગીદારી

વિદેશોમાં ભારતીય પુસ્તકોનો ફેલાવો થાય તે માટે અમે મુખ્યત્વે એશિયાઈ અને આફ્રિકી દેશોમાં આંતરરાષ્ટ્રીય પુસ્તક-મેળાઓમાં ભાગ લઈએ છીએ અને તેમાં ભિન્ન ભિન્ન ભારતીય પ્રકાશનોનાં પસંદ કરેલાં પ્રકાશનો રજૂ કરવા ખાસ પ્રદર્શનોની વ્યવસ્થા કરીએ છીએ. 1970થી અત્યાર સુધીમાં અમે 350થી વધુ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાઓમાં ભાગ લઈ ચૂક્યા છીએ. એમાં ફ્રેંકફર્ટ પુસ્તક મેળો, બોલોના પુસ્તક મેળો, ઝિમ્બાબ્વે આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો અને સમય પર બીજિંગ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો તથા શ્રીલંકા, શારજાહ, ઢાકા, અબુધાબી, ટોકિયો, બેંગકોક, કુઆલાલુમ્પુર, સિંગાપોર, મનિલા, કરાંચી અને ઓસ્ટ્રેલિયાના પુસ્તક મેળાઓ સામેલ છે. મેક્સિકોમાં યોજાત આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં ભારત તરફથી વિશેષ ભાગીદારી કરવામાં આવી હતી.

## સ્થાપના દિવસ વ્યાખ્યાન શ્રેણી

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા દર વર્ષે પહેલી ઑગષ્ટે પોતાનો સ્થાપના-દિવસ ઉજવે છે. આ અવસરે વિવિધ સાહિત્યક કાર્યક્રમો અને અન્ય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સાહિત્યક્ષેત્રના અગ્રણી પુરુષ અથવા મહિલા વિદ્વાન, વિચારકો કે જેમનું પ્રકાશન જગતમાં નોંધપાત્ર પ્રદાન રહ્યું હોય તેઓને સ્થાપનાદિવસ નિમિત્તે વ્યાખ્યાન માટે આમંત્રિત કરાય છે.

**લેખકો તેમ જ પ્રકાશકોને સહાય**

ઉચ્ચ શિક્ષણ માટે વાજબી કિંમતે પુસ્તકોના પ્રકાશને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી અમે પૂર્વસ્નાતક અને ડિપ્લોમા માટેના અભ્યાસક્રમોને લગતાં પાઠ્યપુસ્તકો અને સંદર્ભ-સામગ્રીના લેખકો અને પ્રકાશકોને નાણાંકીય સહાય આપીએ છીએ. આ યોજના અંતર્ગત કેવળ એવાં જ પુસ્તકોના પ્રકાશન માટે આર્થિક સહાય (સબસીડી) આપવામાં આવે છે જે સ્પષ્ટરૂપે આવશ્યક જણાય અને જે વિષયોને લગતાં સ્વીકાર્ય ધોરણ મુજબનાં પુસ્તકો ઉપલબ્ધ ન હોય અથવા વિદ્યાર્થીઓ ખરીદી ન શકે એટલાં મોંઘા હોય. અત્યાર સુધીમાં અમે મહદ્અંશે 936થી વધુ અંગ્રેજી પુસ્તકોના પ્રકાશન માટે આર્થિક સહાય આપી છે. ભારતીય ભાષાઓના વિચારોત્તેજક કથા-સાહિત્યનાં પુસ્તકોના પ્રકાશન માટે પણ આર્થિક સહાય આપી શકાય.

**બાલ-સાહિત્યને પ્રોત્સાહન**

વિભિન્ન ભારતીય ભાષાઓમાં બાલ સાહિત્યના પ્રકાશનને યોગ્ય દિશા આપવા તેને સુવ્યવસ્થિત કરવા, તેનું યોગ્ય આયોજન કરવાના ઉદ્દેશથી ૧૯૯૩માં અમે ‘રાષ્ટ્રીય બાલ-સાહિત્ય કેન્દ્ર’ની સ્થાપના કરી હતી. કેન્દ્ર વિકસાવવા ઉપરાંત કાર્યશિબિરો અને પ્રદર્શનો યોજવામાં આવે છે. અને ‘વાચક-મંચો’ની સ્થાપના દ્વારા શાળા કક્ષાએ વાચનની આદતને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. આ કેન્દ્ર બાળ-સાહિત્યને લગતા મુદ્દાઓ પર સર્વેક્ષણ તેમ જ સંશોધનનું કાર્ય પણ કરે છે. આ કેન્દ્ર ‘રીડર્સ ક્લબ બુલેટિન’ નામે બાળ-સામયિક (માસિક) પણ પ્રકાશિત કરે છે.

**પુસ્તક પ્રોત્સાહન કેન્દ્ર**

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા દ્વારા દેશ ભરમાં પુસ્તક પ્રોત્સાહન કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. પ્રથમ તબક્કામાં ટ્રસ્ટે હૈદરાબાદ, ચેન્નાઈ, કટક, ગુવાહાટી,અગરતલા, પટણા અને કોચીમાં પુસ્તક પ્રોત્સાહન કેન્દ્ર (BPC) ઊભાં કર્યાં. આ સ્થળોએ સાહિત્યિક કાર્યક્રમો અને પુસ્તક વિમોચન કાર્યક્રમો વગેરે યોજાય છે. પુસ્તક પ્રોત્સાહન કેન્દ્રમાં એનબીટી પુસ્તકોની વેચાણની દુકાનો તેમજ રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં પુસ્તકો પહોંચાડવા મોબાઈલ વેન પણ હોય છે.

**ઈ- બુક્સ**

નેશનલ બુક ટ્રસ્ટે ભારતીય ડાયાસ્પોરા અને ટેક્નોલોજીનો ઉપયોગ કરતા યુવા વાચકોની માંગને આધીન વધુ વેચાણ ધરાવતાં પુસ્તકો ઈ-બુક આવૃતિઓ પ્રકાશિત કરી છે. આ ઈ-બુક અંગ્રેજી, હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

**દ્વિભાષી પુસ્તક શ્રેણી**

વળી શિક્ષણ નીતિ 2020ની માર્ગદર્શિકાને અનુરૂપ નેશનલ બુક ટ્રસ્ટે બાળકો માટે દ્વિભાષી પુસ્તક આવૃતિની એક નવી પેટા શ્રેણી પણ શરૂ કરી છે.

# અમારો પ્રકાશન કાર્યક્રમ

અમે કેટલીક સુગ્રથિત પુસ્તકમાળાઓ અંતર્ગત પુસ્તકોનું પ્રકાશન કરીએ છીએ જેનું વર્ણન નીચે મુજબ છે :

### ભારત-ભૂમિ અને લોકો

આ શ્રેણીમાં ભારત વિશેના વિવિધ વિષયો જેવા કે ભૌતિક પર્યાવરણ, વિવિધ સાંસ્કૃતિક પરંપરાઓ તથા વનસ્પતિ અને પશુ-પક્ષીજગત વગેરેને આવરી લેતાં પુસ્તકો સામાન્ય વાચકને ધ્યાનમાં રાખીને લખવામાં આવ્યાં છે. નિષ્ણાત લેખકો દ્વારા સુસ્પષ્ટ અને સરળ ભાષાશૈલીમાં લખાયેલાં આ પુસ્તકો વસાવવાથી ભારત વિશે સર્વગ્રાહી માહિતી આપતું પુસ્તકાલય બની શકશે.

### તરુણ ભારતી

આ પુસ્તકમાળા અંતર્ગત પુસ્તકો પ્રકાશિત કરવાનો મુખ્ય આશય 18 વર્ષની આસપાસની વયનાં વાચકોને સામાજિક, આર્થિક અને રાજનૈતિક, ઐતિહાસિક તેમ જ ભૌગોલિક વિષયોને લગતા એવા મુદ્દાઓ અને વિકલ્પોથી પરિચિત કરાવવાનો છે, કારણ કે ભવિષ્યમાં ક્યારેય તેમને વિકટ પરિસ્થિતિનો કદાચ સામનો કરવો પડે. આ પુસ્તકો તેમનામાં જિજ્ઞાસા પેદા કરી તેમને વધુ વાંચવા પ્રેરણા આપે છે.

### લોકોપયોગી વિજ્ઞાનમાળા

આ પુસ્તકમાળાનો ઉદ્દેશ સામાન્ય વાચકોને તેમની આસપાસના જગત તેમ જ વિજ્ઞાનની પ્રગતિ વિશે સમજવામાં મદદ કરવાનો તથા રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને તેને લગતી અન્ય બાબતો અંગે પરિચિત કરાવવાનો છે. આ શ્રેણીનાં પુસ્તકો સુબોધ ને રસપ્રેરક શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવે છે; અને આલેખ, રેખાચિત્રો, તસવીરો વગેરે સહિત વાચન- સામગ્રી સુસ્પષ્ટ રીતે પીરસવામાં આવે છે.

### લોકોપયોગી સામાજિક વિજ્ઞાન

આ પુસ્તક શ્રેણી અંતર્ગત સામાન્ય વાચકોને માટે લોકપ્રિય વિચારો તેમ જ લોકોપયોગી બાબતો પર આધારિત પુસ્તકો પ્રકાશિત કરાય છે. એમાં સામાન્ય રીતે કેળવણી વિષયક ચર્ચાવિચારણા સુધી જ મર્યાદિત ન રખાતાં આ પુસ્તકો સામાન્ય વાચકવર્ગ અને બિનશૈક્ષણિક સ્વરૂપમાં તેમ જ સંક્ષેપમાં રજૂ કરવામાં આવે છે.

### આદાન-પ્રદાન

વિભિન્ન પ્રદેશોના સર્જનાત્મક સાહિત્યના આદાન-પ્રદાન થકી રાષ્ટ્રીય એકતા વધારવાની અનુપમ ક્ષમતા રાખનારી આ એક વિશિષ્ટ પુસ્તકમાળા છે. આ શ્રેણી અંતર્ગત વિભિન્ન

ભાષાઓની સુપ્રસિદ્ધ રચવાનો અન્ય ભાષાના વાચકોને અનુવાદ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમાં મુખ્યત્વે નવલકથા અને વાર્તાઓ સામેલ છે. 'આદાન-પ્રદાન'માં માત્ર સમકાલીન કૃતિઓનું જ પ્રકાશન કરવામાં આવે છે, તેથી અમે ભારતીય સાહિત્યની ઉત્કૃષ્ટ અમર કૃતિઓ 'ભારતીય સાહિત્ય નિધિ' નામની પુસ્તકમાળા હેઠળ પ્રગટ કરીએ છીએ.

## ભારતીય સાહિત્ય નિધિ

આદાન-પ્રદાન પુસ્તકમાળામાં માત્ર સમકાલીન રચનાઓ પ્રકાશિત કરાય છે, તેથી બધી ભારતીય ભાષાઓના શ્રેષ્ઠ (Classic) સાહિત્યનું પ્રકાશન આ પુસ્તકમાળા અંતર્ગત કરાય છે.

## લોક-સંસ્કૃતિ અને સાહિત્ય

આ પુસ્તકમાળા એક પ્રદેશના વાચકોને દેશના અન્ય પ્રદેશોની લોક-સંસ્કૃતિ અને સાહિત્યનો પરિચય કરાવે છે જેણે તે પ્રદેશના લોકોને અલગ સાંસ્કૃતિક ઓળખ આપી છે. આ શ્રેણીનાં પુસ્તકોમાં જે તે પ્રદેશ, ત્યાંના લોકો, દંતકથાઓ, પુરાણ-ગ્રંથો, ધર્મ, રીતરિવાજો, પરંપરાઓ, મેળા અને તહેવારો, સંગીત, નૃત્ય, નાટક, કલાઓ અને હુન્નરો તેમ જ લોક-સાહિત્ય વગેરેનાં વર્ણનો આપવામાં આવે છે. હાલ વિદ્યમાન હોય તે સમેત વર્તમાન તેમ જ નિર્માણ હેઠળના લોકસાહિત્યના રૂઢિજડ ઢાંચાથી દૂર હટીને હવે આકર્ષક રૂપરેખામાં આલેખાયેલું સચિત્ર લોક-સાહિત્ય પ્રસ્તુત કરવાનું નક્કી કર્યું છે.

## રાષ્ટ્રીય જીવનચરિત્રમાળા

'રાષ્ટ્રીય જીવનચરિત્રમાળા'માં ભારતીય સમાજ, સંસ્કૃતિ, વિજ્ઞાન, અર્થવ્યવસ્થા અને રાજકારણની સાથે ભારતીય ચિંતનના વિકાસમાં અસાધારણ ફાળો આપનાર ભારતીય રત્નોમાં જીવનચરિત્ર પ્રકાશિત કરવામાં આવે છે. આ પુસ્તકોમાં સંબંધિત વ્યક્તિઓનાં જીવન અને સમયનું પ્રામાણિક, તટસ્થ, વિસ્તૃત તેમ જ વિશ્લેષણાત્મક વર્ણન હોય છે.

## આત્મકથા

આ નવી શરૂ કરાયેલ પુસ્તક શ્રેણી અંતર્ગત સામાજિક, રાજકીય તેમજ સાહિત્ય ક્ષેત્રની અસાધારણ પ્રતિભાઓ કે જેમના પ્રદાને દેશનું ગૌરવ વધાર્યું હોય એવા વ્યક્તિઓની આત્મકથા પ્રકાશિત કરવામાં આવે છે.

## નહેરુ બાલ-પુસ્તકાલય

'નહેરુ બાલ-પુસ્તકાલય' પુસ્તકમાળાનો ઉદ્દેશ રોચક અને માહિતીપ્રદ સાહિત્યના એક સમૃદ્ધ ભંડારનો વિકાસ કરવાનો છે જેને બાળકો સ્વેચ્છાએ વાંચી શકે. દેશભરનાં બાળકોને તેમની માતૃભાષામાં વિભિન્ન વિષયો પર સમાન વાચન-સામગ્રી ઉપલબ્ધ કરાવીને આ પુસ્તકમાળા રાષ્ટ્રીય એકતાનો પણ વિકાસ કરે છે. આ શ્રેણીનાં પુસ્તકો ચાર વય-જૂથમાં એટલે કે શાળાએ જવાની ઉંમરનાં નાનાં બાળકો, 6-8, 9-11 અને 12-14 વર્ષ જૂથનાં બાળકોની માંગ પૂરી પાડે છે. આ પુસ્તકોની સજાવટ માટે ચિત્ર વગેરે તૈયાર કરવાનું કામ વિશેષ પ્રકારે કરાવવામાં

આવે છે અને બધાં પુસ્તકોમાં રંગીન તથા/અથા શ્વેત-શ્યામ ચિત્રો, રેખાચિત્રો તેમ જ તસવીરો હોય છે. શાળાએ જવાની ઉંમરનાં નાનાં બાળકોનાં પુસ્તકોમાં જો કેટલાક શબ્દો આપવામાં આવે તો તે બહુરંગી ચિત્રો/તસવીરના સહાયક માત્ર હોય છે, ચિત્રો આપમેળે વાર્તા કહી જાય છે. નહેરુ બાલ-પુસ્તકાલય અંતર્ગત વીરગાથા નામે એક નવી પેટા પુસ્તક શ્રેણી અને યુવા-તરૂણો માટે ભારતીય કથાસાહિત્યની અન્ય પેટા શ્રેણી પણ છે.

### એશિયા-પેસિફિક સંયુક્ત પ્રકાશન કાર્યક્રમ

યુનેસ્કોના ઉપાશ્રયે એશિયાઈ લેખકો દ્વારા, એશિયાઈ બાળકો માટે પુસ્તકો તૈયાર કરવાનો આ નવો પ્રયત્ન છે. વિવિધ દેશોનાં બાળકોને વાંચવાની મજા આવે એવાં રસપ્રદ લખાણો તૈયાર કરવામાં આવ્યાં છે. આ પુસ્તકો જુદાં જુદાં મનને જોડતા પુલ બને છે અને આ વિશાળ ખંડનો વારસો તૈયાર કરે છે.

### નવલેખન

નવોદિત લેખક પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા નવલેખન પુસ્તકમાળા શરુ કરવામાં આવી. એમાં 40 વર્ષની વય સુધીના લેખકોની મૂળ રચનાઓ તથા એમના સંપદાન પ્રકાશિત કરવામાં આવે છે.

### મહિલા લેખન

મહિલા લેખન પુસ્તકમાળા મહિલા લેખિકાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી શરુ કરવામાં આવી છે.

### નવસાક્ષરો માટે પુસ્તકો

'નવસાક્ષર સાહિત્યમાળા'નાં મોટા ભાગનાં પુસ્તકો સ્થાનિક ભાગીદારીથી ગ્રામીણ ક્ષેત્રોમાં આયોજિત કાર્યશાળાઓમાં તૈયાર કરવામાં આવે છે. લેખકો/વિશેષજ્ઞો દ્વારા પણ પુસ્તકો લખાવાય છે તથા પુસ્તકોનાં રૂપાંતર અને સંક્ષેપ પણ કરવામાં આવે છે. પુસ્તકોને નવસાક્ષરોની માંગને અનુરૂપ બનાવવા માટે આ પુસ્તકો તેમની સુપરિચિત ભાષા-શૈલીમાં લખવામાં આવે છે અને નવસાક્ષરો દ્વારા વંચાવીને તેમને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. આ પુસ્તકોમાં ચિત્રો પણ હોય છે.

### સતત શિક્ષણ

સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠના અવસરે ટ્રસ્ટે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વાચકો માટે ભારતીય ભાષાઓમાં વિવિધ વિષયોનાં 50 પુસ્તકોનો સેટ તૈયાર કરવાનું નક્કી કરેલું. એમાં સ્વતંત્રતા આંદોલન, આઝાદીનાં ગીતો, દેશભક્તો અને નેતાઓ, આપણા તહેવારો, ધાર્મિક સ્થળો, પર્યાવરણ વગેરે વિષયોનાં પુસ્તકો ઉપરાંત પ્રમુખ ભારતીય ભાષાઓની કેટલીક નવલકથાઓની સંક્ષિપ્ત આવૃત્તિઓનું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું હતું.

### વિશ્વસાહિત્ય
આઝાદી મળ્યા પછીના ગાળામાં પ્રકાશિત અને મૂળમાં વિભિન્ન ભાષાઓમાં લખાયેલ ચૂંટેલી નવલકથાઓ હવે અંગ્રેજીમાં અનુવાદ કરીને પ્રકાશિત કરાઈ રહી છે જેથી કરીને એ કૃતિઓ દેશના અંગ્રેજી વાચકોને સુલભ થાય તેની સાથોસાથ એને આંતરરાષ્ટ્રીય મંચ અને વાચકો પણ મળે. આ ઉપરાંત એશિયાઈ, આફ્રિકી અને લેટિન અમેરિકી દેશોની સમકાલીન રચનાઓનાં સંકલન પણ પ્રકાશિત કરવાની દરખાસ્ત છે.

### ભારતીય ડાયસ્પોરા
આ શ્રેણીમાં દુનિયાના જુદા જુદા ભાગોમાં વસતા અપ્રવાસી ભારતીયો વિશે તથા અપ્રવાસી સમુદાયોનાં કાર્યો પર કેન્દ્રિત પુસ્તકો પ્રકાશિત કરાય છે. અપ્રવાસી વિચાર વિમર્શ આજે અભ્યાસ માટેના એક મહત્ત્વના ક્ષેત્ર તરીકે ઊપસી રહ્યું છે.

### આફ્રો-એશિયાઈ દેશ
એશિયા તથા આફ્રિકાના દેશ સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને આર્થિક શક્તિ સ્વરૂપે આગળ આવ્યા છે તથા સરખી સ્થિતિના કારણે તે અભ્યાસનું એક મહત્ત્વનું ક્ષેત્ર બન્યા છે. આ શ્રેણી અંતર્ગત ભૌગોલિક-રાજકીય, વિજ્ઞાન અને ટેક્નોલોજી, વપાર, કૃષિ, શિક્ષણ, સ્વાસ્થ્ય જેવાં ક્ષેત્રોને આવરી લેતા વિષયો પર પુસ્તકો પ્રકાશિત કરાય છે.

### સર્જનાત્મક શિક્ષણ
આ પુસ્તકમાળાનો ઉદ્દેશ નવી શિક્ષણપ્રણાલી અને શિક્ષણમાં સહાયક સામગ્રી પર પુસ્તકો પ્રકાશિત કરવાનો છે, જેનો પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક સ્તરના શિક્ષણમાં સક્રિય રીતે સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ શ્રેણીનાં પુસ્તકો શિક્ષણ પ્રત્યે વ્યાવહારિક દૃષ્ટિકોણ અપનાવવા અંગે શિક્ષકો તથા કેળવણીના ક્ષેત્રે સંકળાયેલા અન્ય લોકોની માંગ પૂરી પાડે છે.

### સુવર્ણજયંતી પુસ્તકમાળા
ટ્રસ્ટે તેની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે આ પુસ્તક શ્રેણી શરૂ કરી. વિવિધ ભારતીય ભાષાઓમાં ચૂંટેલાં સંકલનો આ શ્રેણીમાં પ્રકાશિત કરાય છે. આઝાદી પછીનાં વર્ષોમાં પ્રકાશિત શ્રેષ્ઠ લેખનો એકથી બીજી ભાષામાં વાચકોને પણ સુલભ થાય એ હેતુથી આ શ્રેણીમાં ઉત્કૃષ્ટ સંપાદનો પ્રકાશિત કરવામાં આવે છે.

### બ્રેઈલ પુસ્તકો
ટ્રસ્ટ પ્રજ્ઞાચક્ષુઓ માટે ચૂંટેલાં વિવિધ પુસ્તકો આ શ્રેણી હેઠળ પ્રકાશિત કરે છે.

### ઈતર પુસ્તકો
ઉપરોક્ત પુસ્તકમાળાઓમાં મહત્ત્વનાં જે પુસ્તકોનો સમાવેશ નથી કરી શકાયો તે ઈતર પુસ્તકો તરીકે પ્રકાશિત કરવામાં આવે છે.

# ભારત-ભૂમિ અને લોકો

**આપણાં સામાન્ય પક્ષીઓ**
Common Birds
સાલીમ અલી અને લઈક ફતેહઅલી   અનુવાદ : વિજયગુપ્ત મૌર્ય   પૃ. 130   રૂ. 38.00
આ પુસ્તકમાં આપણા દેશમાં જોવા મળતાં વિવિધ પ્રકારનાં પક્ષીઓ પૈકી લગભગ સવાસોથી વધુ પક્ષીઓનું રંગીન ચિત્રો સહિત વર્ણન છે. પક્ષીઓ વિશેની માહિતી તેમના વર્ગ અને કુળ પ્રમાણે સવિસ્તાર આપવામાં આવી છે. સામાન્ય વાચકથી માંડીને પક્ષીશાસ્ત્રીઓ અને પક્ષીનિરીક્ષકો સુધીના લોકો માટે આ પુસ્તક સમાન રીતે ઉપયોગી અને રસપ્રદ છે.
ISBN 81-237-1731-8

**આપણું ન્યાયતંત્ર**
Our Judiciary
બાલમુકુંદ અગ્રવાલ   અનુવાદ : દિનેશ શુક્લ   પૃ. 220   રૂ. 65.00
આ પુસ્તકમાં ભારતની પ્રાચીન સમયથી લઈને હાલની ન્યાય-વ્યવસ્થા વિશે મુદ્દાસર સમજાવવામાં આવ્યું છે. જુદી જુદી અદાલતો, પંચો, ન્યાયપંચો વગેરેની જાણકારી સહિત ન્યાય મેળવવા માટે અપીલ કરવાના હકથી માંડીને ન્યાયતંત્રના જુદા જુદા તબક્કાઓની માહિતી આપવામાં આવી છે. કાયદાવિદથી લઈને સામાન્ય નાગરિક સુધીના દરેકને માટે હાથવગા સંદર્ભગ્રંથની ગરજ સારતું પુસ્તક.
ISBN 81-237-4193-6

**આપણું બંધારણ**
Our Constitution
સુભાષ સી. કશ્યપ   અનુવાદ : બિપીનચંદ્ર એમ. શુક્લ   પૃ. 252   રૂ. 130.00
આ પુસ્તક ભારતના બંધારણનો જે રીતે વિકાસ અને અમલ થયો છે તથા જે રીતે બંધારણીય કાયદાનો ન્યાયતંત્રીય અર્થઘટન દ્વારા વિકાસ થયો છે તે રીતે તેનું વિશ્લેષણ કરે છે. એમાં બંધારણના દરેક ભાગ, પ્રકરણ અને આર્ટિકલને તેમના વિવરણ સહિત સમાવી લેવાયા છે. હકીકતલક્ષી, તટસ્થ અને વિશ્લેષણલક્ષી હોવાથી આ પુસ્તક બંધારણીય કાયદાના વિદ્યાર્થીઓથી માંડીને વકીલો, શિક્ષકો અને સામાન્યજન માટે સમાન રીતે વાચનયોગ્ય બન્યું છે.
ISBN 978-81-237-3941-0

**ઔષધીય વનસ્પતિ**

Medicinal Plants

સુધાંશુકુમાર જૈન    અનુવાદ : એમ.વી.એમ. કેસરી    પૃ. 198    રૂ. 48.00

ભારતના પ્રાચીન સાહિત્યમાં તથા લોકસાહિત્યમાં વનસ્પતિના ઔષધીય ગુણોના અનેક ઉલ્લેખ મળી આવે છે. પરંતુ વૈજ્ઞાનિક પદ્ધતિથી વનસ્પતિનું પરીક્ષણ કરવાની પ્રવૃત્તિ આધુનિક યુગમાં જ જોવા મળે છે. ભારતના લોકોની માંદગીઓ મટાડવા માટે વપરાતી દવાઓમાંની લગભગ પોણા ભાગની દવાઓ વનસ્પતિમાંથી બને છે. આ પુસ્તકમાં 100થીયે વધુ ઔષધીય વનસ્પતિનાં સચિત્ર વર્ણનો લેવામાં આવ્યા છે.

ISBN 81-237- 1409-2

**કેરળ**

Kerala

કૃષ્ણ ચૈતન્ય    અનુવાદ : રતિલાલ મહેતા    પૃ. 214    રૂ. 13.75

નાનકડુ રાજ્ય કેરળ ભારતની અખંડિતતાની ઝાંખી કરાવે એવી ખાસ સમૃદ્ધ પરંપરા ધરાવે છે. એ દ્રવિડ પ્રદેશ છે, પરંતુ આર્યોની સંસ્કૃતિને એણે પચાવી છે; એટલું જ નહિ, એણે સાંસ્કૃતિક વારસામાં મૂલ્યવાન ફાળો પણ આપ્યો છે. આ પુસ્તકમાં તેનો સમગ્ર ચિતાર રજૂ થયો છે.

**ગુજરાતી થિયેટરનો ઇતિહાસ**

History of Gujarati Theatre

હસમુખ બારાડી    પૃ. 176    રૂ. 49.00

ગુજરાતી ભાષાના છેલ્લાં દોઢસો વર્ષના થિયેટરના ઇતિહાસમાં થિયેટર-કલા નાટ્યપ્રવાહો, નટ-દિગ્દર્શકો, નાટ્ય-લેખકો તથા રંગકર્મીઓના પ્રદાનની તબક્કાવાર તવારીખનું નવા દષ્ટિકોણથી વિશ્લેષણ કરતું આ પુસ્તક નાટ્યસાહિત્યના ઇતિહાસથી જુદું પડે છે.

ISBN 81-237-1995-7

**પરંપરાગત ભારતીય નાટ્યરંગ**

Traditional Indian Theatre

કપિલા વાત્સ્યાયન    અનુવાદ : પ્રકૃતિ કશ્યપ    પૃ. 216    રૂ. 200.00

આ પુસ્તકમાં ભારતની નાટ્યપરંપરાના કેટલાક પ્રકારોનું અધ્યયન સંકલિત છે. આ પ્રકારો નથી 'લોક' કે નથી 'શાસ્ત્રીય' અને છતાં બંનેના સંમિશ્રણ જેવા છે. વિવિધ નાટ્યપ્રકારોમાં બાહ્ય સ્વરૂપ તથા અભિવ્યક્તિનું વૈવિધ્ય છે અને તે સાથે ભારતીય તત્ત્વોનું સામ્ય પણ છે.

ISBN 978-81-237-1780-7

**પારસી પ્રજા**

The Parsis

પિલૂ નાણાવટી અનુવાદ : હોરમસદિયાર દલાલ પૃ. 188 રૂ. 110.00

આ પુસ્તક આધુનિક ભારતના વિકાસમાં નોંધપાત્ર ફાળો પ્રદાન કરનાર પારસી પ્રજા વિશે તેમના ઉદ્ગમસ્થાનથી માંડીને આજ સુધીના ઈતિહાસનું ચિત્રણ કરે છે. તેમજ તેમના ધાર્મિક ક્રિયાકાંડો અને રીત-રિવાજો અંગે પણ ટૂંકમાં છતાં મુદ્દાસર અને સચોટ હેવાલ પૂરો પાડે છે.

ISBN 978-81-237-2147-7

**પુષ્પાચ્છાદિત વૃક્ષો**

Flowering Trees

એમ. એસ. રંધાવા અનુવાદ : ઈશ્વર કૃષિકાર પૃ. 112 રૂ. 135.00

ફૂલવાળાં વૃક્ષોની વિગતવાર માહિતી આપતા આ પુસ્તકમાં આ વૃક્ષો ક્યાં ક્યાં મળી આવે છે, એમનો ઉછેર-વિકાસ કેવી રીતે થાય છે, એમની ખાસિયત શું છે વગેરે વિશે સચિત્ર વર્ણન કરવામાં આવ્યું છે. વાસ્તુકારોથી માંડીને કુદરતના ચાહકો માટે રસપ્રદ ને ઉપયોગી પુસ્તક.

ISBN 978- 81-237-4172-7

**બંગાળી થિયેટર**

Bengali Theatre

કિરણમપ રાહા અનુવાદક : હસમુખ બારાડી પૃ. 168 રૂ. 155.00

બંગાળી થિયેટરનો છેલ્લા દોઢસો વર્ષમાં જે રીતે વિકાસ થયો એનું અવલોકન આ પુસ્તકમાં છે. બંગાળી થિયેટર ઉપર પડેલી અસરો, જે વાતાવરણમાં એનો જન્મ થયો અને આજે એની જે સ્થિતિ છે એની અહીં વિશદ્ છણાવટ છે. નાટ્યક્ષેત્રના રંગકર્મીઓ અને વિભૂતિઓ, નાટ્યકારો અને નાટ્યગૃહો, નટો અને દિગ્દર્શકોનો અહીં વિગતપૂર્ણ પરિચય ઉપલબ્ધ છે.

ISBN 978-81-237-7083-3

**બાગનાં ફૂલો**

Garden Flowers

વિષ્ણુ સ્વરૂપ અનુવાદ : ઈસ્માઈલભાઈ નાગોરી પૃ. 240 રૂ. 125.00

આકર્ષક અને વિપુલ ચિત્રો સાથે સરળ ભાષામાં લખાયેલું આ માહિતીસભર પુસ્તક પુષ્પોની અવનવી દુનિયાની યાત્રા કરાવે છે. ભારતનાં ઉદ્યાનોમાં ઊગતાં ફૂલો તથા તેમને ઉગાડવાની પદ્ધતિઓનું આમાં વર્ણન છે.

ISBN 978- 81-237-1456-1

**ભારતની રાષ્ટ્રીય સંસ્કૃતિ**

The National Culture of India

એસ. આબિદ હુસૈન

અનુવાદક : રમણલાલ પી. શાહ પૃ. 212 રૂ. 200.00

ભારતમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઘણી બધી વિવિધતા રહેલી હોવા છતાં એના ઊંડાણમાં એકતા રહેલી છે એ વિચારધારા પર આ પુસ્તક વિદ્વતાપૂર્ણ પ્રકાશ પાડે છે. આ પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિના પ્રારંભ કાળથી વર્તમાન સમય સુધીમાં થયેલા વિકાસની કેન્દ્રવર્તી લાક્ષણિકતાઓનો નિર્દેશ કરાયો છે.

ISBN 978-81-237-7044-4

**શાકભાજી**

Vegetables

વિશ્વજિત ચૌધરી અનુવાદ : સી.એચ. પાઠક (પ્રેસમાં)

આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ જેમને શાકભાજી ઉગાડવામાં રસ છે તેમને સફળતાપૂર્વક શાકભાજી ઉગાડી શકે તે માટે જરૂરી હકીકતો અને સિદ્ધાંતોનો પરિચય કરાવવાનો છે. આ સચિત્ર પુસ્તક શાકભાજીની ખેતી સંબંધી વિગતવાર માહિતી આપે છે.

**સામાન્ય વૃક્ષો**

Common Birds

ડૉ. એચ. સંતપાઉ અનુવાદ : ચંદ્રવદન હી પાઠક પૃ. 140 રૂ. 85.00

આ પુસ્તકમાં ભારતીય વૃક્ષોની વિવિધતા, સુંદરતા, તેમનાં કાર્યો અને ઉપયોગિતાની રસપ્રદ માહિતી આપવામાં આવી છે. રસ્તા કે ઘર-આંગણે ઊગતાં વૃક્ષો તથા આપણા દેશનાં અન્ય વિશિષ્ટ વૃક્ષોનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

ISBN 978-81-237-1790-6

# લોકોપયોગી સમાજવિજ્ઞાન

### કાળાપાણી : આંદામાનની કેદી વસાહત

Kalapani (Andaman Ki Dandi Basti)

પ્રમોદકુમાર અનુવાદક : નિવ્યા પટેલ પૃ. 120 રૂ. 85.00

આ પુસ્તકમાં કાળાપાણી એટલે કે આંદામાન-નિકોબારની સેલ્યુલર જેલના રાજકીય કેદીઓનો ઇતિહાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આંદામનની જેલની કોટડીઓ, ત્યાંનો વહીવટ અને શિસ્ત તથા રાજકીય કેદીઓ ઉપર ગુજારવામાં આવેલા અત્યાચારો તથા તેઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરાયો છે. ISBN 978-81-237-6985-1

### ગૌરવ સહિત વિકાસ : સંપૂર્ણ રોજગારના સમર્થનમાં

Development With Dignity

અમિત ભાદુરી અનુવાદ : લલિત નગરશેઠ પૃ. 100 રૂ. 75.00

આ પુસ્તકમાં 1947માં ભારત બ્રિટિશ શાસનથી સ્વતંત્ર થયું ત્યારથી લોકશાહી અને આર્થિક વિકાસની વચ્ચે શરૂ થયેલી આંતરપ્રક્રિયાને કારણે ઉદ્ભવેલા પડકારોની રજૂઆત કરવામાં આવી છે. આર્થિક વિકાસની પ્રક્રિયા શરૂ કરવા માટેની જરૂરી વાસ્તવિક પગલાની સ્પષ્ટ અને લોકભોગ્ય શૈલીમાં રજૂઆત કરવામાં આવી છે. ISBN 978-81-237-6977-6

### ભગતસિંહ : ચૂંટેલાં ભાષણો અને લખાણો

Bhagat Singh : Select Speeches & Writings

સંપાદક : ડી. એન. ગુપ્તા અનુવાદ : અલકેશ પટેલ પૃ. 148 રૂ. 115.00

ભગતસિંહ એક મહાન દેશભક્ત અને ક્રાંતિકારી હતા. માત્ર 23 વર્ષની યુવાન ઉંમરે શહીદ થયેલા આ મહાન દેશભક્તે જેલમાં વાંચેલાં પુસ્તકોમાંથી જે નોંધો કરી હતી તેમાંથી અને તેમણે કરેલાં નિવેદનો, તેમ જ લખેલા પત્રો - આ પુસ્તકમાં છે. ISBN 978-81-237- 6875-5

### ભારતમાં લોકતંત્ર

Democracy in India

ચંદર પ્રકાશ ભાંભરી અનુવાદક : ટીના દોશી પૃ. 108 રૂ. 55.00

ભારત દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર છે. આ પુસ્તક લોકપ્રિય રાજકીય સહભાગિતા માટેના અસંખ્ય માર્ગોનું નિર્માણ કરવાના ભારતના લોકતાંત્રિક પ્રયોગની કામગીરી દર્શાવે છે. આ વિચારોત્તેજક પ્રવેશિકા વિદ્યાર્થીઓ અને રસરુચિ ધરાવતા સામાન્ય વાચકો માટે આકર્ષક તથા માહિતીપ્રદ વાચન પૂરું પાડે છે. ISBN 978-81-237-5941-8

# લોક-સંસ્કૃતિ અને સાહિત્ય

## કેરળ : લોકો અને સંસ્કૃતિ

Folklore of Kerala

કવલમ્ નારાયણ પાણિક્કર    અનુવાદ : શશિન ઓઝા    પૃ. 142    રૂ. 75.00

આ પુસ્તકમાં કેરળના લોકો, તેમનાં પુરાકલ્પનો ને કથાઓ, ધર્મ, સમાજ, રીતરિવાજ, મેળા, તહેવારો, લોકસાહિત્ય, સંગીત, નૃત્ય, રંગભૂમિ ઇત્યાદિનો વિદ્વાન લેખકની કલમે સમાવેશ કરવામાં આવ્યો છે. ISBN 978-81-237-3402-6

## ગુજરાતની લોકવિદ્યા

Folklore of Gujarat

હસુ યાજ્ઞિક    પૃ. 150    રૂ. 105.00

આ પુસ્તકમાં ભારતના અત્યંત મહત્ત્વપૂર્ણ રાજ્ય ગુજરાત પ્રદેશ અને તેની પ્રજા વિશે પુરાકલ્પ અને પુરાકથા, ધર્મ અને લોકમાન્યતા, પરંપરા અને રીત-રિવાજ, ઉત્સવ અને મેળા, વિવિધ ભાષાઓ અને તેની બોલીઓની કંઠપરંપરા, લોકસંગીત અને વાદ્યો, લોકરંજક કલાઓ અને કસબો, ગુજરાતની લોકવિદ્યાનાં સંશોધનો અને સંપાદનો સાથે અભ્યાસપૂર્ણ પરિચય આપવામાં આવ્યો છે. ISBN 81-237-3377-7

## મહારાષ્ટ્ર (લોકસંસ્કૃતિ અને સાહિત્ય)

Folklore of Maharashtra

સરોજિની બાબર    અનુવાદક : મૃણાલિની દેસાઈ    પૃ. 164    રૂ. 12.25

મહારાષ્ટ્ર રાજ્યના લોકજીવન અને લોક-સંસ્કૃતિ વર્ણવતા આ પુસ્તકમાં એ પ્રદેશની ભૂમિ અને લોકોનું વર્ણન છે. રીતરિવાજો અને વારતહેવારોની માહિતી છે. દંતકથાઓ તથા લોકગીતો પણ સંકલિત છે.

## વિશ્વ-એના આરંભે

When the World Was Young

વેરિયર એલ્વિન    અનુવાદ : પ્રવીણ દરજી    પૃ.116    રૂ.60.00

વિખ્યાત નૃવંશશાસ્ત્રી ડૉ. વેરિયર એલ્વિને ભારતના પર્વતીય અને વનપ્રદેશોમાંથી પોતાને જાણવા-સાંભળવા મળેલી કથાઓ તેના યથારૂપે અહીં સંકલિત કરેલી છે. ભારતીય લોકકથાઓની અમર કૃતિઓની શ્રૃંખલામાં આ સચિત્ર પુસ્તક અનોખી ભાત પાડે છે.

ISBN 978-81-237-3674-7

# તરુણ ભારતી

**આઝાદીના મુકદમા**

Trials of Independence

બી. આર. અગરવાલ અનુવાદ : સાધના પૃ. 176 રૂ. 85.00

બ્રિટિશ શાસન દરમ્યાન થયેલા કેટલાક મહત્ત્વના મુકદમાનો સમાવેશ કરતું, સ્પષ્ટ સુગઠિત સરળ શૈલીમાં લખાયેલું આ પુસ્તક સામાન્યજન અને વકીલોને માટે સમાન રીતે રસપ્રદ છે. છેલ્લા મોગલ શાસક બહાદુરશાહ ઝફરથી શરૂ થઈને બાળ ગંગાધર તિલક, શ્રી અરવિંદ, વિનાયક સાવરકર, મોહનદાસ ગાંધી, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ અને શેખ અબ્દુલ્લાના મુકદમાનું વર્ણન કરવામાં આવ્યું છે. ISBN 81-237-1399-1

**આપણું પર્યાવરણ**

Our Environment

લઈક ફતેહઅલી અનુવાદ : રાજુભાઈ જંત્રાણિયા પૃ. 100 રૂ. 60.00

આ પુસ્તકમાં ભારપૂર્વક જણાવાયું છે કે આપણા પર્યાવરણને થતું મોટા ભાગનું નુકસાન અજાણતાં થાય છે. પ્રાકૃતિક તત્ત્વોના કાર્ય-કારણનો સંબંધ દર્શાવી લેખિકાએ પર્વતો, જંગલો, નદીઓ, સમુદ્રો, ગામડાં અને શહેરોની પરિસ્થિતિના પૃથક્કરણ દ્વારા ભારતના પર્યાવરણનું વાસ્તવિક ચિત્ર ખડું કર્યું છે, તથા આપણા પર્યાવરણને આપણે કેટલું બગાડ્યું છે અને સતત બગાડી રહ્યાં છીએ તે તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે. ISBN 81-237-1464-5

**કેટલાક ભારતીય ક્રિકેટ-ખેલાડીઓ**

Some Indian Cricketers

રુસી મોદી અનુવાદ : રૂપા મજમુદાર પૃ. 104 રૂ. 7.75

ક્રિકેટ વિષયના ઊંડા અભ્યાસી અને ખેલાડી રુસી મોદી લિખિત આ પુસ્તકમાં ભારતના કેટલાક બહુ જાણીતા ભૂતપૂર્વ ક્રિકેટ ખેલાડીઓ વિશેની માહિતી આપવામાં આવી છે.

**ટ્રેકિંગ**

Trekking

મનોહર પુરી અનુવાદ : કુન્દન વ્યાસ પૃ. 140 રૂ. 60.00

એક અનુભવી ટ્રેકરે લખેલા આ પુસ્તકમાં ટ્રેકિંગ વિશે મહત્ત્વની જાણકારી આપવામાં આવી છે. ટ્રેકિંગ સંબંધી નાની નાની બાબતોની વિગતવાર છણાવટ કરતું આ પુસ્તક ટ્રેકિંગ રસિકો માટે એક માર્ગદર્શિકારૂપ છે. ISBN 81-237-4194-4

**ભારતીય સમાજ**

Indian Society

શ્યામચરણ દુબે  અનુવાદ : હર્ષિદા રામુ પંડિત  પૃ. 132  રૂ. 65.00

ભારતીય સમાજનાં ઐતિહાસિક મૂળ, વૈચારિક આધારો અને સામાજિક સંરચનાને વિશે કંઈક જાણવા ઇચ્છનાર યુવાન વાચકોને ધ્યાનમાં રાખીને લખાયેલું આ પુસ્તક ભારતના પ્રાચીન અને અર્વાચીન સમાજને સમજવા માટે વિભિન્ન સ્રોતોનો આધાર લે છે.

ISBN 81-237-1360-1

**સ્વૈચ્છિક આંદોલનો અને ગાંધી અભિગમ**

Volantary Action and Gandhian Approach

ડી. કે. ઓઝા  અનુવાદક : રમેશ બેટાઈ  પૃ. 88  રૂ. 50.00

યુવા-તરુણ વાચકોને ધ્યાનમાં રાખી લખાયેલા આ પુસ્તકમાં ગાંધીવાદી અભિગમ ધરાવતાં ત્રણ સ્વૈચ્છિક આંદલનોનું વર્ણન કરવામાં આવ્યું છે. હિમાલય પ્રદેશમાં જંગલોના સંરક્ષણ માટે જાણીતું 'ચિપકો આંદોલન', મહારાષ્ટ્રમાં બાબા આમ્ટેએ શરૂ કરેલી કુષ્ઠ રોગ પીડિતોની સેવા-શુશ્રૂષા ચળવળ અને ગુજરાતમાં શ્રમજીવી મહિલા કામદારોના શોષણ સામેના આંદલનરૂપે ઇલા ભટ્ટ દ્વારા સ્થાપિત-સંચાલિત 'સેવા' સંસ્થા વિશે અહીં જીવંતચિત્રણ થયેલું છે.

ISBN 978-81-237-4020-1

# રીડર

**વિનોબા-વિચાર-દોહન**

Vinoba Vichar Dohan

સંપાદક : પરાગ ચોલકર　　અનુવાદ : મીરા ભટ્ટ　　પૃ. 224　　રૂ. 100.00

આચાર્ય વિનોબા વીસમી સદીના મહાન પુરુષોમાંના એક હતા. તેમણે રાજકારણ સમાજશાસ્ત્ર સહિત અનેક વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા છે. આ સંકલનમાં વિનોબાના જીવનદર્શનની ઝલક મળે છે.　ISBN 978-81-237-6195-4

# સર્જનાત્મક શિક્ષણ

**તોત્તો-ચાન**

Totto-Chan

તેત્સેકો કુરોયાનાગી　　અનુવાદ : રમણ સોની　　પૃ. 168　　રૂ. 105.00

જાપાનની વિખ્યાત ટી.વી. કલાકારનાં બાળપણનાં સંસ્મરણોનું આત્મકથા સ્વરૂપે વર્ણન આ પુસ્તકમાં થયું છે. લેખિકાએ પોતાના શાળા-જીવનની વાતો અને સત્ય ઘટનાઓ નાની નાની પ્રસંગકથાઓ રૂપે રજૂ કરી છે. બધા ક્ષેત્રના અને આબાલવૃદ્ધ માટે સમાન રીતે રસપ્રદ પુસ્તક.　ISBN 978-81-237-3499-6

**સર્જનશીલ જીવન અને શિક્ષણ**

Education and Creative Living

ત્સુનેસાબુરો માકીગુચીનાં વિચારો અને ભલામણો

અનુવાદ : પ્રા. નરેશ વેદ　　પૃ. 268　　રૂ. 115.00

જાપાનના મેધાવી શિક્ષણશાસ્ત્રી તથા જાપાની શિક્ષણનીતિના પ્રખર આલોચક ત્સુનેસાબુરો માકીગુચીના શિક્ષણ અને જીવન વિશેના વિચારો આ પુસ્તકમાં સંકલિત છે. આ પુસ્તકોમાં તેમણે જાપાનની તત્કાલીન શિક્ષણ-પ્રથામાં રહેલી ખામીઓનો નિર્દેશ કરવા સાથે જીવન તથા શિક્ષણાર્જનને સકારાત્મક મૂલ્યો સાથે જોડીને સુધારા અંગેની ક્રાંતિકારી ભલામણો કરી છે.

ISBN 81-237-3601-3

# લોકોપયોગી વિજ્ઞાનમાળા

**આપણા જળસ્રોતો**

Our Water Resources

રામ　　અનુવાદ : દિનેશ શુક્લ　　પૃ. 112　　રૂ. 70.00

આ પુસ્તકમાં જળસ્રોતોની સમસ્યાઓ અંગે સામાન્ય વાચકને માહિતી આપવામાં આવી છે. સમસ્યાના નિરાકરણ માટે થતા પ્રયત્ન તેમ જ નવી શક્યતાઓની ભલામણો પર વિચાર કરવામાં આવ્યો છે.　ISBN 978-81-237-1500-1

**કૂતરાની તાલીમ વિષયક સંપૂર્ણ માર્ગદર્શન**

A Manual for Dog Training

ગૌતમ ઉન્ની　　અનુવાદ : હિમાંશી શેલત　　પૃ. 100　　રૂ. 75.00

પાલતુ પ્રાણીઓ વિશે સાચી સમજ લોકોમાં કેળવાય અને તાલીમની બારીક વિગતો અંગેની સભાનતા વધે એ ઉદ્દેશથી આ પુસ્તક લખાયું છે. કૂતરાના માલિકો અને રસ ધરાવતા વાચકો કૂતરાની તાલીમ અંગે જાણકારી મેળવે એ એનો આશય છે. કૂતરાના માનસિક સંચલનો અને એને લાગણીપૂર્વક કેળવવાની પદ્ધતિઓ અહીં દર્શાવ્યાં છે.

ISBN 978-81-237-6503-7

**તમે અને તમારું આરોગ્ય**

You and Your health

ડૉ. વી.એન. ભાવે, ડૉ. એન.એસ. દેવધર, ડૉ. એસ.વી. ભાવે

અનુવાદ : હરિત દેરાસરી　　પૃ. 428　　રૂ. 72.00

સામાન્ય જનતા માટે સરળ ભાષામાં લખાયેલું આ પુસ્તક આરોગ્ય અને રોગના સામાન્ય ખ્યાલથી લઈને શરીરની રચના તથા કાર્યની સમજ આપે છે. માંદગીના પ્રકાર, માંદગીના જીવાણુઓ અને કીટાણુઓથી થતાં વિવિધ સંક્રમણો, ઇન્જેક્શનોથી થતા પ્રતિરક્ષાના કાર્યક્રમો, પોષણનો ફાળો, બાળપણ, કૌમાર્ય અને વૃદ્ધત્વમાં પેદા થતી સમસ્યાઓ અને જાતજાતના રોગો વિશે નિષ્ણાતોએ લખેલા લેખોનો સંગ્રહ.

ISBN 81-237-1120-1

### તમે અને તમારો આહાર

Your Food and You

કે.ટી. અચાયા    અનુવાદ : કુમુદ શાહ    પૃ. 100  રૂ. 55.00

આ નાનકડા પુસ્તકમાં આપણા આહાર અંગેના તમામ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. તેલ, ચરબી, ડેરીનાં ઉત્પાદનો, પ્રોટીન વગેરે વિષયો ઉપર લેખકે મેળવેલા બહોળા અનુભવનું આલેખન થયું છે. આહાર અને સ્વાસ્થ્ય સંબંધી કાળજી માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે.

ISBN 81-237-3275-6

### દમ-એક તબીબી કોયડો

Asthma

એમ.પી.એસ. મેનન    અનુવાદ : પુલોમા શાહ    પૃ. 64   રૂ. 45.00

દમથી પીડાતા હજારો લોકો માટે આ રોગ અણઉકલ્યો કોયડો છે. દમના નિયંત્રણનો શ્રેષ્ઠ ઉપાય છે દર્દી પોતે પોતાની ખામીઓ જાણે તથા તબીબી મદદ ક્યારે લેવી તેની તેને ખબર પડે. આ પુસ્તિકા દર્દીને કેન્દ્રમાં રાખીને લખવામાં આવી છે. દમ રોગ સંબંધી અનેક સામાન્ય પ્રશ્નોના ઉત્તર આ માંદગીના પ્રખ્યાત વિશેષજ્ઞે આપ્યા છે.

ISBN 978-81-237-1475-2

### ભારતીય રમકડાં બનાવવાનો આનંદ

Joy of Making Indian Toys

સુદર્શન ખન્ના    અનુવાદ : પ્રહ્લાદ છ. પટેલ    પૃ. 148    રૂ. 70.00

આ પુસ્તકમાં નહીંવત ખર્ચે અને ઘરમાં જ બનાવી શકાય આ એવાં સૌથી વધુ રમકડાંની સચિત્ર માહિતી આપવામાં આવી છે. બાળકો પોતાની રીતે જાતે-પોતે રમકડાં બનાવી શકે તે માટે એક માર્ગદર્શિકાની ગરજ સારતું આ પુસ્તક.

ISBN 978-81-237-8779-4

### ભારતનાં અસુરક્ષિત પ્રાણીઓ અને તેમનું સંગોપન

Endangered Animals of India and Their Conservation

એસ. એમ. નાયર    અનુવાદ : નરેશ માંકડ    પૃ. 92   રૂ. 90.00

આ પુસ્તકમાં ભારતનાં વિરલ અને અસુરક્ષિત પ્રાણીઓ અને તેમનાં સંરક્ષણ વિશે માહિતી આપવામાં આવેલી છે. સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપ, ઊભયજીવી અને અપૃષ્ઠવંશી પ્રાણીઓની રહેણીકરણી અને નિવાસસ્થાન વિશેની સચિત્ર માહિતી સાથે આ ભવ્ય વારસાને સાચવવામાં પ્રત્યેક વ્યક્તિ શું કરી શકે તેનો પણ ખ્યાલ આ પુસ્તક આપે છે.

ISBN 978-81-237-1718-0

**મધુપ્રમેહ સાથે જીવતાં શીખો**

Learning to Live With Diabetes

એમ. એમ. એસ. આહુજા અનુવાદ : કિરણ શીંગ્લોત પૃ. 124 રૂ. 65.00

સામાન્ય માણસ પણ તેની આર્થિક મર્યાદામાં રહી મધુપ્રમેહને નિયંત્રણ હેઠળ લાવી શકે તેમ જ તે અંગેની કાળજી લઈ શકે છે એ બાબત આ પુસ્તકમાં સચિત્ર સમજાવવામાં આવી છે.

ISBN 81-237-1931-3

**વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીનો સુવર્ણ ભંડાર**

Golden Treasury of Science and Technology

સંપાદકો : પલ્લવ બગલા, બિમાન બસુ, પરવિંદર ચાવલા, સુકન્યા દત્તા, બી.સી. કશ્યપ, હસન જાવેદ ખાન, એસ.કે. નાગ, બાલ ફોન્ડકે, દિલીપ એમ. સાલ્વી, બી.સી. શર્મા, કોલ્લેગલ શર્મા, ટી. સુધા

અનુવાદ : ડૉ. પ્રદીપ પંડ્યા પૃ. 368રૂ. 470 (પાકું પૂંઠું) રૂ. 370.00(પેપરબેક)

જાણીતા વૈજ્ઞાનિકો અને પ્રાદ્યોગિકી નિષ્ણાતો દ્વારા સંપાદિત કરવામાં આવેલ આ દળદાર ગ્રંથ પ્રાદ્યોગિકીશાસ્ત્ર અને વિજ્ઞાનના અભ્યાસુઓ તેમજ એમાં રસ-રુચિ ધરાવતા વાચકો માટે એક જ્ઞાનકોશ સમાન છે.

(પાકું પૂંઠું) ISBN 81-237-3604-5
(પેપરબેક) ISBN 978-81-237-3604-4

**વીતી ગયેલું ભાવિ**

It Happened Tomorrow

સંપાદન : બાલ ફોન્ડકે અનુવાદ : યજ્ઞેશ દવે પૃ. 260 રૂ. 120.00

વિભિન્ન ભારતીય ભાષાઓની 19 ચૂંટેલી વિજ્ઞાનકથાઓના આ સંકલનમાં આવતી સદીનું વિશ્વ કેવું હશે એનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે. આ વિજ્ઞાનકથાઓનું કથાવસ્તુ માનવકેન્દ્રી છે જેમાં વૈજ્ઞાનિક વિકાસ અને માનવીય ભાવો કે સામાજિક પાયા વચ્ચેના આંતરસંબંધની વાતો વણાયેલી છે.

ISBN 978-81-237-2684-7

**શિરદર્દ**

Headache

એમ. સી. માહેશ્વરી અનુવાદ : રઈશ મનીઆર પૃ. 90 રૂ. 65.00

તમામ પીડાદાયક સ્થિતિઓમાં સૌથી વધુ વ્યાપક અને સામાન્ય એવા શિરદર્દ વિશે આ પુસ્તક અત્યંત માહિતી પૂર્ણ અને ઉપયોગી વાચન સામગ્રી પૂરી પાડે છે. શિરદર્દની પ્રક્રિયા સરળ ભાષામાં સમજાવી દર્દશામક દવાઓના અતિશય વપરાશ સામે ચેતવણી આપવામાં આવી છે અને શારીરિક તેમજ મનોચિકિત્સા પર ભાર મૂકાયો છે.

ISBN 978-81-237- 3320-3

# ઈતર પુસ્તકો

### ગુજરાતી કાવ્ય સંગ્રહ

Anthology of Gujarati Poetry

સંકલિયતા : યશવંત શુક્લ, ચંદ્રકાન્ત મહેતા પૃ. 56 રૂ. 7.00

ગુજરાતીના જાણીતા કવિઓનાં પાંત્રીસ કાવ્યો આ સંકલનમાં છે. એમાં ગુજરાતી કવિઓની વિશેષ નોંધપાત્ર અને જાણીતી કૃતિઓને સ્થાન અપાયું છે.

### ગુરુ નાનક વાણી

Guru Nanak Vani

સંપાદક : ભાઈ જોધસિંહ અનુ. : મકરંદ દવે પૃ. 160 રૂ. 225.00

સાડાં પાંચસો વર્ષ પહેલાં પંજાબની ધરતી પર એક મહાપુરુષે અવતાર ધારણ કર્યો. એ દિવ્યાત્મા તે ગુરુ નાનક દેવ. તેમનું જીવન રાષ્ટ્રીય એકતા અનુત્તમ ઉદાહરણ છે. ગુરુ નાનક વાણી એમના ઉપદેશોનો સંગ્રહ દ્વારા વાચકને ગુરુ નાનકની મહત્વપૂર્ણ વાણીની સુપુરે ઝલક મળે છે.

ISBN 978-81-237-8816-6

### જવાહરલાલ નહેરુ : સંઘર્ષનાં વર્ષો

Jawaharlal Nehru : Years of Struggle

સંપાદક : અર્જુન દવે અનુવાદ : યાસીન દલાલ પૃ. 272 રૂ. 125.00

જવાહરલાલ નહેરૂ પર પ્રકાશિત પુસ્તકોમાં અનોખું પડતું આ પુસ્તક નહેરૂજીના જીવનઘડતરના દિવસોનો પરિચય આપે છે અને એમાં માત્ર આઝાદી પહેલાંની ઘટનાઓનું વર્ણન થયેલું છે. આ સંકલનમાં નહેરુજીનાં તમામ મહત્ત્વપૂર્ણ વક્તવ્યો અને ભાષણો સંક્ષેપમાં સંકલિત કરાયાં છે જેમાં નહેરુજીની શોધ, એમનું વ્યક્તિત્વ, વ્યક્તિગત જીવન-ચિંતન, આઝાદીની લડતમાં પ્રદાન અને એમના વિચારો વગેરે વિષયો આવરી લેવાયા છે.

ISBN 978-81-237-3928-1

### મહાત્મા ગાંધીના વિચારો

The Mind of Mahatma Gandhi

સંકલન અને સંપાદન : આ.કે. પ્રભુ, અને યુ.આર. રાવ પૃ. 552 રૂ. 205.00

મહાત્મા ગાંધીના ચિંતન અને દર્શનનો ઉત્કૃષ્ટ સાર પ્રસ્તુત કરતો આ દળદાર ગ્રંથ ગાંધીજીના બહુમુખી વિચારો અને તેમની વિવિધ રુચિઓની એક ઉત્તમ રજૂઆત છે. આ સંકલન આચાર્ય વિનોબા ભાવે અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણની ભારોભાર પ્રશંસા પામેલું છે.

ISBN 978-81-237-3405-7

### રવીન્દ્રનાથ ટાગોર (શિક્ષણ અને ચિત્રકળા)

Rabindranath Tagore

દેવી પ્રસાદ અનુવાદક : જ્યોતિ ભટ્ટ પૃ. 130 રૂ. 100.00

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું આ મહત્ત્વપૂર્ણ પુસ્તક છે. આ પુસ્તકમાં રવીન્દ્રનાથના શૈક્ષણિક દર્શનની તથા બીજામાં તેમની ચિત્રકળાની વાત કરી છે. આ બન્ને અંગે રવીન્દ્રનાથે પોતાના શબ્દોમાં કહેલી વાત પણ આ પુસ્તકમાં સંકલિત કરી છે.

ISBN 978-81-237-6264-7

### સ્વાધીનતા-સંગ્રામ

Freedom STruggle

વિપિન ચંદ્ર, અમલેશ ત્રિપાઠી, બરુણ દે

અનુવાદ : સરલા જગમોહન પૃ. 208 રૂ. 100.00

વિખ્યાત ઇતિહાસકારોની કલમે લખાયેલા આ પુસ્તકમાં સ્વાધીનતા-સંગ્રામનો ઊંડાણથી અને તેની સર્વ સૂક્ષ્મ લાક્ષણિકતાઓ સહિત સંક્ષિપ્ત ઇતિહાસ રજૂ કરાયો છે. આ સંગ્રામમાં કારણભૂત બનેલાં ભિન્ન ભિન્ન પરિબળોનો યથાર્થ ખ્યાલ પણ આપવામાં આવ્યો છે.

ISBN 978-81-237-4282-3

### હિન્દુ ધર્મ શું છે ?

What is Hindism ?

મહાત્મા ગાંધી પૃ. 128 રૂ. 90.00

આ પુસ્તક મુખ્યત્વે 'યંગ ઇન્ડિયા', 'હરિજન' અને 'નવજીવન'માં ગાંધીજીએ લખેલા લેખો પર આધારિત સંકલન છે. એ લેખો જુદા જુદા પ્રસંગે લખાયા હતા, તેમ છતાં એમાં હિંદુ ધર્મની એવી છાપ જોવા મળે છે જે પોતાની વિચાર સંપન્નતા, સમગ્રતા અને માનવ અસ્તિત્વની મૂળભૂત દુવિધાઓ પ્રત્યે જાગૃતિના વિષયે અન્યત્ર દુર્લભ છે.

ISBN 978-81-237-1361-8

# આદાન-પ્રદાન

## અડધી ઘડી

Adhi Ghari

પારપ્પુરત્તુ	અનુવાદ : મકરંદ દવે	પૃ. 228	રૂ. 16.25

ત્રાવણકોરના દેશી રાજ્યમાં વસતા ખ્રિસ્તી સમાજનું જીવન, આ કહાણીની પૃષ્ઠભૂમિ છે. એના મુખ્ય પાત્રનું જીવન અનેક પ્રસંગો અને ઘટનાઓથી ભરેલું છે. ભૂતકાળનાં મોજાંઓની ગર્જનાથી ગુંજતા કિનારા પર બેસીને એ હિસાબ મેળવે છે કે ઘણું બધું વીતી ગયું, હવે માત્ર અડધી ઘડી બાકી રહી છે. આ નવલકથા મલયાલમ સાહિત્યકાર પારપ્પુરત્તુની કૃતિઓમાં સૌથી વધુ લોકપ્રિય અને સબળ કૃતિ છે.

## અરીસો

Aaeena

પી. કેશવદેવા	અનુવાદ : નવનીત મદ્રાસી	પૃ. 140	રૂ. 6.50

મલયાલમ સાહિત્યના પ્રભાવશાળી લેખકોમાંના એક એવા પી. કેશવદેવની આ નવલકથા કેરળીય સ્વભાવની વિચિત્રતાઓના, દઢતાના ઉદાહરણરૂપ છે. આ કૃતિમાં લેખકે પોતાની જિંદગીમાં અનુભવેલી કડવાશ, મીઠાશ, ખટાશ અને તીખાશનો આસ્વાદ કરાવ્યો છે. સામાન્ય મજૂરોના રોજિંદા જીવન સાથે નિકટતાથી પરિચય કરાવતી આ નવલકથા લેખકના વાસ્તવિકતાના ખ્યાલની સાક્ષી બને છે.

## આગનો દરિયો

Aag Ka Dariya

કુરઅતુલ એન. હૈદર	અનુવાદ : બટુક દેસાઈ	પૃ. 380	રૂ. 26.50

આ (મૂળ ઉર્દૂ) નવલકથાનું મુખ્ય પાત્ર છે શ્રીવસ્તી ગુરુકુલનો અંતિમ વર્ષનો વિદ્યાર્થી ગૌતમ નીલાંબર. આ પાત્રના માધ્યમે લેખિકા વાચકને અતીતથી સાંપ્રત સુધીની યાત્રા કરાવે છે, કાલ-ચક્રની ગતિ દર્શાવે છે.

## આઠમની રાત

Aathamni Raat

ગુરદયાલ સિંહ	અનુવાદક : ચંદ્રકાન્ત શેઠ	પૃ. 128	રૂ. 65.00

પ્રાદેશિક હોવા છતાં 'આઠમની રાત' ઊંડો માનવીય અનુભવ અર્પે છે. લેખકે ગ્રામીણ સંસ્કૃતિમાં ખૂનની સમસ્યાને નવા દ્રષ્ટિકોણથી જોઈ છે. કથાનો નાયક મોહન ખૂન કરીને જીવંત લોકોની હરોળમાં બેસવા માગે છે, પરંતુ એની જીવંત રહેવાની ઉંમર કેદમાં વીતી જાય છે. મૂળ પંજાબી પુસ્તક છે.

ISBN 978-81-237-1177-5

**આત્મપ્રકાશ**

સુનિલ ગંગોપાધ્યાય

અનુ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 230 રૂ. 190.00

બાંગ્લા ભાષાના પ્રખ્યાત લેખક સુનિલ ગંગોપાધ્યાયની આ નવલકથા 'આત્મપ્રકાશ'માં કલકત્તાના એક તરુણ યુવકની કથા છે. સ્નેહ, ઉપેક્ષા અને જીવનમાં અનેક અસ્થિરતાઓ સાથે એનું જીવનદર્શન ઘડાય છે- જેમાં તે માને છે કે જીવનની સાથે યથાર્થ રીતે પરિચિત થવા જતાં ફક્ત તેની પ્રકાશિત બાજુ જ નહિ, એની અંધારી બાજુ પણ હોવી જોઈએ.

ISBN 971-81-237-7652-1

**આનું નામ જિંદગી**

Yeh Hamara Jivana

દિલીપ કૌર ટિવાણા અનુવાદ : ચંદ્રકાન્ત શેઠ પૃ. 84 રૂ. 45.00

આ નવલકથા કલ્પનાઓથી ભરપુર કાવ્યમય કરૂણગાથા છે. જે પંજાબી સંસ્કૃતિમાં સ્ત્રીના સ્થાનનું એક મહત્ત્વપૂર્ણ-માર્મિક ચિત્રણ છે. એક એવી સામાજિક પરિસ્થિતિ જ્યાં સ્ત્રીને મનુષ્ય નહીં પણ વસ્તુ માનવામાં આવે છે. ગ્રામીણ પંજાબનું હૃદયસ્પર્શી આલેખન આ નવલકથાનો પ્રાણ છે.

ISBN 978-81-237-1381-6

**આદર્શ હિન્દુ હોટલ**

Adarsh Hindu Hotel

વિભૂતિભૂષણ બંદોપાધ્યાય અનુવાદ : શિવકુમાર જોશી પૃ. 204 રૂ. 90.00

બંગાળી સાહિત્યના અગ્રગણ્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની આ નવલકથા આધુનિક બંગાળી સાહિત્યની મહત્ત્વપૂર્ણ કૃતિ છે. ગામડાના રસોઈયા હાજારીનું પોતાની હોટલ ખોલવાનું સ્વપ્ન એક દિવસ સાચું પડે છે.

ISBN 978-81-237-3321-0

**આશાપૂર્ણા દેવીની વાર્તાઓ**

Ashapoorna Devi's Short Stories

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 240 રૂ. 100.00

મૂળ બાંગ્લામાંથી અનુવાદિત આ વાર્તાસંગ્રહમાં ઘરઆંગણ કુટુંબકબીલા તેમ જ સમાજની ઉપેક્ષિત જેવી ઘટનાઓને પણ વિરાટત્ત્વ આવવાની સફળતા જોવા મળે છે. જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત આશાપૂર્ણા દેવી બંગાળીનાં સુપ્રસિદ્ધ લેખિકા છે.

ISBN 978-81-237- 8815-9

## ઈલા

Ila

પ્રભાકર શ્રોત્રિય　　અનુવાદ : કેશુભાઈ દેસાઈ　　પૃ. 128　　રૂ. 100.00

માનવ-અસ્તિત્વ અને ભવિષ્યના પાયાના પ્રશ્નો મૂળભૂત સમસ્યાઓ અને એમનાં ત્રાસદાયી પરિણામોને કાવ્યાત્મક નાટકીયતા સાથે પ્રગટાવતું આ નાટક 'ઈલા' એક મૌલિક, મહત્ત્વપૂર્ણ અને જીવંત નાટક છે. આ નાટ્યકથા વંશઘેલછા અને વંશવારસા વિરુદ્ધના વિદ્રોહને રેખાંકિત કરતી, વિકૃતિ ઉપર પ્રકૃતિના વિજયની કથા છે. એનું અનેક વાર અનેક સ્થળે સફળતાપૂર્વક મંચન પણ થયું છે. ISBN 978-81-237-6884-7

## ઉત્તરાયણ

Uttarayana : Anthology of post-Independence Gujarati poetry

સંપાદન : દીપક મહેતા　　પૃ. 224　　રૂ. 100.00

વીસમી સદીના ઉત્તરાર્ધની કવિતામાં પસંદ કરેલી કૃતિઓનું એટલે કે 1947થી 2000 સુધીની ગુજરાતી કવિતાનો પ્રતિનિધિ સંચય સ્વતંત્રતા પછીનાં પચાસ વર્ષના ગાળાની કવિતાની ગતિવિધિનો આલેખ આપે છે. આ ગાળાની કવિતાને અમુક-તમુક યુગની કવિતા તરીકે ઓળખાવી શકાય તેમ નથી. ISBN 978-81-237-5396-6

## ઊધઈ

Deemak

શીર્ષેન્દુ મુખોપાધ્યાય

અનુવાદ : રમણીક મેઘાણી　　પૃ. 120　　રૂ. 5.50

એક મહાનગરના યુવા વર્ગનો મોહભંગ આ નવલકથામાં દર્શાવાયો છે. નવલકથાની વર્ણનશૈલીમાં અદ્‌ભુત સૌંદર્ય રહેલું છે. શ્રી શીર્ષેન્દુ મુખોપાધ્યાય બંગાળના પ્રસિદ્ધ નવલકથાકાર છે.

## એકવીસ બંગાળી વાર્તાઓ

21 Bangla Short Stories

સંપાદક : અરૂણકુમાર મુખોપાધ્યાય　અનુવાદ : સુકન્યા ઝવેરી　　પૃ. 220　રૂ. 40.00

સમકાલીન બંગાળી વાર્તાઓનું આ સંકલન માત્ર કથારસથી જ ભરપૂર નથી, પરંતુ રવીન્દ્રનાથ ટાગોર પછીના બંગાળી સાહિત્યની મૌલિકતાનું પણ સૂચક છે. આ સંકલનમાં સમાહિત એકવીસ ટૂંકી વાર્તાઓ સમકાલીન બંગાળી વાર્તાલેખકોની ઉત્કૃષ્ટ સર્જનશીલતાનો પરિચય કરાવે છે. સાહિત્ય અકાદમી અનુવાદ પારિતોષિક (1999) પુરસ્કૃત ગુજરાતી અનુવાદ. ISBN 81-237-1285-7

## કથાભારતી ઉર્દૂ વાર્તાઓ

Kathabharati Urdu Stories
કૃશ્ન ચંદર, રાજેન્દ્રસિંહ બેદી, ઈસ્મત ચુગતાઈ

અનુવાદ : જ્યોતિષ જાની પૃ. 196 રૂ. 55.00

ઉર્દૂ વાર્તાઓ પોતાની બહુમુખી વિશિષ્ટતાઓ, શૈલી તથા ટેકનિકને કારણે વિશેષ મહત્ત્વ ધરાવે છે. સાહિત્ય અને જીવન વચ્ચે જે ઊંડો સંબંધ છે એ ઉર્દૂ વાર્તાઓનો અંતઃસ્ત્રોત છે. આ સંકલનમાં રજૂ કરવામાં આવેલી વાર્તાઓ ઉર્દૂના ત્રણ મહાન કલાકારોની પ્રથમ પંક્તિની વાર્તાઓ છે.

ISBN 81-237-3300-3

## કથાભારતી ગુજરાતી વાર્તાઓ

Gujarati Vartao

સંપાદક : યશવંત શુક્લ, અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ પૃ. 184 રૂ. 100.00

વીસ ગુજરાતી વાર્તાઓના આ સંગ્રહમાં ગુજરાતના પ્રતિષ્ઠિત તથા પરિચિત લેખકોની વાર્તાઓનો સમાવેશ થયો છે. વીસમી સદીના પ્રારંભથી અંત સુધીના લેખકોની વાર્તાઓ વિષયવસ્તુ તથા શૈલીનું વૈવિધ્ય અને રસપ્રદ વાચન-સામગ્રી પૂરી પાડે છે.

ISBN 978-81- 237-3281-7

## કથાભારતી : મલયાલમ વાર્તાઓ

Anthology of Malayalam Short Stories

સંપાદક : ઓમચેરી એન.એન. પિલ્લૈ અનુવાદ : વર્ષા દાસ પૃ. 176 રૂ. 100.00

આ સંકલનમાં મલયાલમ ભાષાની સત્તર વાર્તાઓ છે. કેરળના પ્રતિભાશાળી લેખકોની વાર્તાઓનો આ સંગ્રહ મલયાલમના ઉર્વર કથાસાહિત્યનું પ્રતિનિધિત્વ કરી શકે તેવો અને અજોડ છે.

ISBN 978-81-237-4013-3

## કથાભારતી હિન્દી નવલિકાઓ

Ankholgy of Hindi Shork Skories

સંપાદક : ડૉ. નામવર સિંહ અનુવાદ : ગુલાબદાસ બ્રોકર પૃ. 232 રૂ. 100.00

આ સંકલન દ્વારા હિન્દી નવલિકાની મુખ્ય પરંપરાને ઉપસાવીને વાચક સમક્ષ પ્રસ્તુત કરવાનો પ્રયાસ થયો છે. તેમાં હિન્દીના પ્રસિદ્ધ લેખકોની પંદર વાર્તાઓ સમાવિષ્ટ કરવામાં આવી છે જેમાં સામાજિક વાસ્તવિકતા પ્રતિબિંબિત થાય છે.

ISBN 978-81-237-3299-2

## કવિ

Kavi

તારાશંકર બંધોપાધ્યાય

અનુવાદ : રમણલાલ સોની | પૃ. 224 | રૂ. 6.50

આ નવલકથા બાંગ્લા સાહિત્યની લોકપ્રિય કૃતિ છે. એના લેખકના સાહિત્યમાં બંગાળના એક વિશિષ્ટ પ્રદેશના માણસોએ જ ખાસ સ્થાન પ્રાપ્ત કરેલું છે. નાયકના પાત્રને પણ લેખક વાસ્તવમાંથી ગ્રહણ કરેલું છે. આ નવલકથા છે પ્રેમ અને દુઃખની કથા.

## કિનુ ગોવાળની ગલી

Kinu Gwale Ki Gali

સંતોષકુમાર ઘોષ

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા | પૃ. 136 | રૂ. 65.00

મધ્યમવર્ગના સમાજની વિકટ અવદશા, તેના સ્વપ્નો, અપયશ, વૈફલ્ય અને દુઃખ આ પ્રખ્યાત સમકાલીન નવલકાથામાં ચિત્રિત છે. સંતોષકુમાર ઘોષ બાંગ્લા સાહિત્ય ક્ષેત્રના લોકપ્રિય ને સુપ્રસિદ્ધ લેખક તથા પત્રકાર છે. ISBN 978-81-237-4322-6

## કોશેટો

Kosla

ભાલચંદ્ર નેમાડે | અનુવાદ : ઉષા શેઠ | પૃ. 230 | રૂ. 42.00

આ નવલકથા બાવીસેક વર્ષના એક યુવાનની આત્મકથા છે. યુવા પેઢીની મનોવૃત્તિ, તેના શિક્ષણ અને વ્યાવહારિક જીવન વચ્ચેની વિસંગતિઓ, પોતાનાં મૂળ અને પરંપરાને શોધી રહેલ યુવા સમાજનું એમાં સચોટ ચિત્રણ છે. મૂળ મરાઠીમાં પ્રકાશિત થતાંની સાથે જ વાચકો અને સમીક્ષકોને માટે ચર્ચાનો વિષય બની ગયેલી આ નવલકથા મરાઠી નવલકથાને નવો વળાંક આપનાર કૃતિ પણ સાબિત થઈ છે. ISBN 978-81-237-1358-8

## ગંગવ્વા ગંગામાઈ

Gangawa Gangamai

શંકર મોકાશી | અનુવાદ : ઘનશ્યામ દેસાઈ | પૃ. 220 | રૂ. 195.00

'ગંગવ્વા ગંગામાઈ' એક કૌટુમ્બિક નવલકથા છે જેમાં પરંપરાજન્ય નૈતિકતા, ઘરનાં બંધનોમાં નિહિત માનવસમ્માન તથા પોતાના પરિવેશની બહારની અને અંદરની ઘટનાઓના ચિત્રણ થકી કૌટુંબિક જીવનની વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરાયો છે. સૂક્ષ્મ તથા સ્થૂળ તણાવોની સફળ અભિવ્યક્તિને કારણે આ કૃતિને કન્નડ સાહિત્યમાં એક વિશિષ્ઠ સ્થાન પ્રાપ્ત થયું છે.

ISBN 978-81-237-7324-7

### ગંગાચીલની પાંખ

Gangacheel Ke Pankh

લક્ષ્મીનંદન બોરા અનુવાદ : લાભુબેન મહેતા પૃ. 156 રૂ. 9.00

અસમિયા સાહિત્યમાં હંમેશા પૂર્વના પ્રદેશની વ્યથાનું ચિત્રણ થતું આવ્યું છે. આ વ્યથા વાસ્તવવાદી અને માનવતાવાદી દૃષ્ટિકોણથી આ નવલકથામાં વ્યક્ત થઈ છે. વાસંતીની વ્યથા વ્યક્તિગત હોવા છતાં વાચક એનાથી અલિપ્ત રહી શકતો નથી.

### ગાંધારી

Gandhari

ના. ધોં. મહાનોર અનુવાદ : ભારતી વૈદ્ય પૃ. 96 રૂ. 50.00

પ્રસિદ્ધ મરાઠી કવિ ના. ધોં. મહાનોરની આ નવલકથા નવી પેઢીમાં વિશેષ ચર્ચાસ્પદ થયેલી સુપ્રસિદ્ધ નવલકથા છે. એમાં નિઝામ સલ્તનતની સમાપ્તિ પછીનું ચિત્રણ થયું છે. આ નવલકથા કેવળ સામાજિક વાસ્તવકતાનું જ નહિ પણ એક ગામનાં એવાં સપનાં અને ચડતી-પડતીનું વર્ણન છે, જેમાં અનંત પાત્રો ડૂબે ને તરે છે.

ISBN 978-81-237-2247-4

### ગૃહભંગ

Grihabhanga

એસ.એલ. ભૈરપ્પા અનુવાદ : રાજેન્દ્ર નાણાવટી પૃ. 360 રૂ. 205.00

આ મૂળ કન્નડ નવલકથાનું કથાવસ્તુ કર્ણાટકના તિપટૂર અને ચન્નપટ્ટણ તાલુકાના પ્રદેશોમાં 1920થી 1940-45ના સમયગાળા દરમ્યાન બનતી ઘટનાઓ છે. મુખ્યતઃ ગ્રામીણ જીવનના યથાર્થ ચિત્રણને માટે આવશ્યક ગ્રામીણ ભાષા સંવાદોમાં રંગદાર બની છે. આ નવલકથામાં વ્યક્ત થતી નવલકથાકારની નિર્લેપતા અદ્દભૂત છે. કન્નડની આ મહત્ત્વપૂર્ણ નવલકથા ગંભીર અને સંકુલ હોવા છતાં એક શુદ્ધ સાહિત્યકૃતિ છે.

ISBN 81-237-6670-6

### ગુજરાતી એકાંકી સંગ્રહ

Gujarati Ekanki Sangrah

સંપાદક : પ્રો. અનંતરાય રાવળ પૃ. 212 રૂ.110.00

સંકલનમાં ગુજરાતી નાટ્યપ્રકારની સેવા કરી ચૂકેલા અથા હજી સેવારત એવા તેર જાણીતા સાહિત્યકારોનાં એક-એક એકાંકી રજૂ કરવામાં આવ્યાં છે. વિદ્વત્કલમે લખાયેલી પ્રસ્તાવના ગુજરાતી સાહિત્યમાં એકાંકીના અતીત અને પ્રવર્તમાનનું વર્ણન કરે છે.

ISBN 978-81-237-4516-9

### ગુજરાતી લલિત નિબંધ

Gujarati Lalit Nibandh

સંપાદક : પ્રવીણ દરજી પૃ. 160 રૂ. 70.00

ગુજરાતી લલિત નિબંધના સ્વરૂપમાં જેમનો કોઈક રીતે નોંધપાત્ર હિસ્સો રહ્યો છે, જેમના હાથે કશાક નવા ઉન્મેશો પ્રકટી આવ્યા છે, સ્વરૂપગત કોઈક નૂતન અંશનું ઉમરેણ થયું છે એવા સર્જકોના લલિત નિબંધોનું સંકલન. ISBN 81-237-1717-2

### ગોપીનાથ મહાંતિની ટૂંકીવાર્તાઓ

Gopinanth Mohantinku Khyadragapla

સીતાકાન્ત મહાપાત્રા

અનુવાદક : રેણુકા શ્રીરામ સોની પૃ. 216 રૂ. 90.00

વીસમી સદીના ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના ક્ષેત્રમાં ગોપીનાથ મહાંતિનું પ્રદાન ઘણું છે. ઓરિસ્સાના ગ્રામજીવનનો પરિચય, આદિવાસી અને બીજા કચડાયેલા વર્ગના લોકોના જીવનનું ચિત્ર તેમની નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓની શક્તિનો સ્રોત છે. તેમને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો. આ સંકલનમાં એમની સત્તર ચૂંટેલી ટૂંકી વાર્તાઓનું સંપાદન કરવામાં આવ્યું છે.

ISBN 978-81-237-5250-1

### ચિક્કવીર રાજેન્દ્ર

Chikkavir Rajendra

શ્રીનિવાસ અનુવાદ : રજનીકાન્ત રાવળ પૃ. 372 રૂ. 12.00

આ ઐતિહાસિક નવલકથા કન્નડ વિસ્તારો સાથે કૂર્ગને જોડવામાં આવ્યું એ અરસામાં જ પ્રકાશિત થયેલી. કૂર્ગના છેલ્લા રાજા હતા ચિક્કવીર રાજેન્દ્ર. એ રાજાનું કઈ રીતે પતન થયું અને અંગ્રેજોએ કૂર્ગ પર કેવી રીતે કબજો જમાવ્યો તેની આ કથા છે.

### જયકાંતનની વાર્તાઓ

Jayakanthan's Short Stories

ત. જયકાંતન અનુવાદ : નવનીત મદ્રાસી પૃ. 186 રૂ. 85.00

સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવનાર તમિલ લેખક જયકાંતનની સર્વશ્રેષ્ઠ પંદર વાર્તાઓ આ સંગ્રહમાં છે. એમાં લેખકની પ્રતિભાનાં વિવિધ પાસાં પ્રતિબિંબિત થયાં છે. તેમાં સંવેદના છે, આક્રોશ છે, ક્રોધ છે, તટસ્થતા પણ છે અને અમુક હદે ઉદાસીનતા પણ જોવા મળે છે.

ISBN 978-81-237-3031-8

### જ્યોતીન્દ્ર દવેની પ્રતિનિધિ હાસ્ય-રચનાઓ

Jyotindra Daveni Pratinidhi Hasya-Rachnao

સંપાદક : વિનોદ ભટ્ટ પૃ. 160 રૂ. 50.00

ગુજરાતી હાસ્ય-લેખન ક્ષેત્રમાં હાસ્યના પર્યાયરૂપ ગણાતા હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેની ઉત્તમ અને પ્રતિનિધિરૂપ હાસ્ય રચનાઓ આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવી છે.

ISBN 81-237-3202-3

### જાગ્રત

Jagari

સતીનાથ ભાદુડી અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 108 રૂ. 10.25

બંગાલની રાજકીય નવલકથાઓમાં એક નવો અધ્યાય જોડનારી નવલકથાનો વિષય રાજકારણમાં પડેલો કાર્યકર્તા નહિ, પરંતુ મનુષ્ય જ છે. રાજનૈતિક જાગૃતિકની સાથે વૈચારિક મતભેદ તો રહેવાના જ. આ મતભેદ કેટલીક વાર કૌટુંબિક જીવનની શાંતિને પણ ડહોળી નાખે છે. એવા એક કુટુંબની આ કથા છે.

### તત્કાલીન લખનઉ

Purana Lucknow

અબ્દુલ હલીમ 'શરર' અનુવાદ : સરલા જગમોહન પૃ. 320 રૂ. 130.00

આ પુસ્તકમાં લેખકે લખનઉની સભ્યતા અને સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંનું વર્ણન કર્યું છે. મૂળ ઉર્દૂમાં લખાયેલા આ પુસ્તકમાં લેખકની ઇતિહાસકાર તરીકેની વ્યાપક દૃષ્ટિ, પત્રકારત્વની શૈલી, સંસ્કૃતિનાં બધા જ અંગોની ઊંડી જાણકારી ધરાવનાર એક કોમળ-સુંદર પ્રતિભાનાં દર્શન થાય છે.

ISBN 81-237-4281-9

### તમસ

Tamas

ભીષ્મ સાહની અનુવાદ : નારાયણ દેસાઈ પૃ. 284 રૂ. 110.00

આ પુસ્તક વાસ્તવમાં રાજકારણની ચેતના જગાડતી નવલકથા છે. જેની પૃષ્ઠભૂમિમાં લેખકે આઝાદી પહેલાંનો સમય પસંદ કરી એના ગર્ભમાં બળબળતી સાંપ્રદાયિક વિભીષિકા તથા તેની સાથેના તેમજ પછીના પ્રભાવોની જટિલ દુનિયાની ઓળખાણ કરાવી છે. સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત મૂળ હિન્દી આ નવલકથા પર ફિલ્મ પણ બની છે.

ISBN 978-81- 237-1467-7

### તમિલ વાર્તાઓ

Anthology of Tamil Short Stories

સંપાદક : મી.પા. સોમસુંદરમ્ અનુવાદ : જયન્ત બક્ષી પૃ. 208 રૂ. 110.00

મૂળ તમિલમાં, વીસમી સદીમાં લખાયેલી વીસ વાર્તાઓનો આ સંગ્રહ તમિલનાડુના લોકોના રીતરિવાજ, વિચાર, ભાવાનુભવો અને પરંપરાગત સંસ્કારોનું દર્શન કરાવે છે. શ્રી રાજાજીથી શરૂ કરીને પુદુમૈપિત્તન, જાનકીરામન, જયકાંતન, અખિલ્લ કલ્કિ વગેરેની ઉત્તમ કૃતિઓથી આ સંગ્રહ સમૃદ્ધ બન્યો છે. ISBN 81-237-3301-1

### તેલુગુ વાર્તાઓ

Ankhology of Telugu Shork Skories

સંપાદક : પુરાણમ્ સુબ્રહ્મણ્ય શર્મા, વાકાટિ પાંડુરંગારાવ

અનુવાદ : કુન્દનિકા કાપડીઆ પૃ. 344 રૂ. 135.00

આ સંકલ્પનમાં તેલુગુ સાહિત્યકારોની કુલ સત્તાવીસ વાર્તાઓ સમાવિષ્ટ છે. વાર્તાઓમાં વિષય, શૈલી અને ભાષાનું વૈવિધ્ય રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી તે બિનતેલુગુ વાચક માટે પણ રસપ્રદ બને છે. ISBN 978-81-237-3280-0

### દાણાપાણી

Danapani

ગોપીનાથ મહાંતિ અનુવાદ : મીરાં ભટ્ટ પૃ. 228 રૂ. 95.00

ઓડિયા સાહિત્યની શહેરી જીવનની પૃષ્ઠભૂમિ પર બલિદત્ત નામના એક પાત્રની આસપાસ ગુંથાયેલી છે. આજનો પુરૂષ નોકરી અને પદોન્નત્તિ માટે કેવો કેવો સંઘર્ષ કરે છે તેની આ કથા છે. ISBN 978-81-237-0832-4

### ન રાધા ન રુકમણી

Na Radha Na Rakhmani

અમૃતા પ્રીતમ અનુવાદક : વસુબહેન પૃ. 108 રૂ. 55.00

આ નવલકથા પ્રખ્યાત ચિત્રકાર હરકૃષ્ણનું જીવનવૃત છે. એક એવા પ્રખ્યાત ચિત્રકારની કહાણી જેને જિંદગીમાં ન તો રાધા નસીબ થાય છે, ન રુકમણી. આ કૃષ્ણનું સત્ય પૌરાણિક કૃષ્ણના સત્યથી સર્વાંશે ભિન્ન છે. સાહિર (ઉર્દૂના અગ્રગણ્ય શાયર) અને હરકૃષ્ણ મિત્રો છે. કોલેજમાં બંનેને બે શીખ છોકરીઓ સાથે પ્રેમ થાય છે. ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી સમ્માનિત લેખિકાની બહુ જાણીતી કૃતિ.

ISBN 978-81-237-2008-1

## નવું ધાન

Nadanna

બિજન ભટ્ટાચાર્ય અનુવાદ : શિવકુમાર જોશી પૃ. 124 રૂ. 60.00

બીજા વિશ્વયુદ્ધ પછી બંગાળને જે દુકાળે ભરખી લીધું હતું તેમાં માણસ પોતાની માનવતા ભૂલી ગયો હતો. એ ભયાનક સ્થિતિનો ચિતાર આ નાટકમાં છે. બંગાળમાં જ્યારે આ નાટક રંગમંચ પર ભજવાયું હતું ત્યારે ત્યાંના નાટ્ય-આંદોલનને નવી દિશા મળી હતી.

## નાલુ કેટ્ટુ

Nalu Kettu

એમ. ટી. વાસુદેવન નાયર અનુવાદ : કમલ જસાપરા પૃ. 212 રૂ. 90.00

વડીલોની ઇચ્છા વિરૂદ્ધ પોતાના પ્રેમી સાથે ચાલી નીકળેલ એક સ્ત્રીના પુત્રના જીવનવિગ્રહની આ કથા છે. કેરળમાં સંયુક્ત કુટુંબની સમાજવ્યવસ્થાને સ્થાપત્યમાં પ્રગટ કરતા પુરાણી ઢબના એક વિશેષ પ્રકારના ઘર (હવેલીને) નાલકેટ્ટુ કહેવામાં આવે છે. જીવન સાથે સ્વસ્થ અને ભાવનાત્મક બાંધછોડ કરવાનો ઇન્કાર કરતા અજ્ઞાત મનોવ્યાપારની શક્તિ આ નવલકથામાં પ્રતિબિંબિત થાય છે.

ISBN 978-81-237-4283-0

## નિસર્ગ

Nisarg

મિર્જિ અણ્ણારાય અનુવાદ : સુમન શાહ પૃ. 212 રૂ. 57.00

કન્નડ નવલકથાકારોમાં પ્રમુખ સ્થાનના અધિકારી મિર્જિ અણ્ણારાયની આ પહેલી જ કૃતિ વિવિછકો દ્વારા સર્વશ્રેષ્ઠ નવલકથા તરીકે જાહેર થયેલી. આ નવલકથા પરંપરાગ્રસ્ત સમાજના એક અસફળ પ્રણયની કહાણી છે જેનાં બે મુખ્ય પાત્રો પરંપરા અને અંધવિશ્વાસથી ગ્રસ્ત એવા સમાજમાં એક ટ્રેજડીનો સામનો કરે છે.

ISBN 81-237-1941-8

## પત્તાંના મહેલ

Tash Ka Mahal

મુપ્પાળ રંગનાયકમ્મા અનુવાદ : ભારતી વૈદ્ય પૃ. 112 રૂ. 55.00

તેલુગુ ભાષાના નવલકથાના ક્ષેત્રની લેખિકાની આ સુપ્રસિદ્ધ રચના છે. એમાં નારી-માનસના નવોન્મેષનું સશક્ત, સહજ અને સજગ ચિત્રણ મળે છે. નવલકથાના માધ્યમે લેખિકાએ સ્ત્રીનાં સ્વતંત્ર અસ્તિત્વનું સમર્થન કર્યું છે તથા અનેક વિષયો પર સંતુલિત વિચાર રજૂ કર્યા છે.

ISBN 978-81-237-2421-8

### પંજાબની લોકકથા

Anthology of Punjabi Folk-tales

સંપાદક : હરિભજન સિંહ   અનુવાદ : ગીતાંજલિ પરીખ   પૃ. 108   રૂ. 80.00

આ પુસ્તકમાં પંજાબની કેટલીક લોકપ્રિય લોકકથાઓનું નવી શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે. હીર-રાંઝા, સોહની-મહીવાલ આદિના પ્રેમ-પ્રસંગો; પૂરન ભગત અને રાજા રસાલૂની પાવન કથા ઉપરાંત દુલ્લા ભટ્ટી અને જીઉણ મૌડ જેવા વીરોની લોકગાથા આલેખાઈ છે.

ISBN 81-237-3279-1

### પંજાબી એકાંકી સંગ્રહ

Anthology of Punjabi One-Act Plays

અતરસિંહ   અનુવાદ : દિનકર જોષી   પૃ. 184   રૂ. 120.00

આ પુસ્તકનાં સર્વ એકાંકી પંજાબી નાટ્યલેખકોની મુખ્ય કલારુચીની પ્રતિનિધ રચનાઓ છે. પ્રત્યેક એકાંકી પંજાબી એકાંકીકલાના વિકાસ પર તો પ્રકાશ ફેંકે જ છે, સાથે સાથે પંજાબના જનજીવનના કોઈ વિશિષ્ટ પાસાને પણ વાચક સમક્ષ રજૂ કરે છે.

### પ્રેમચંદની નવલિકાઓ

Premchand,s Short Stories

રાધાકૃષ્ણ   અનુવાદ : લાભુબહેન મહેતા   પૃ. 240   રૂ. 145.00

હિન્દી સાહિત્યના સુપ્રસિદ્ધ ને અગ્રણી કથાકાર પ્રેમચંદની 22 વાર્તાઓ આ પુસ્તકમાં સંકલિત છે. હિન્દી સાહિત્ય જગતમાં પ્રેમચંદનો પ્રવેશ વાસ્તવિકતાના અંધકારમાં પ્રભાતના કિરણ સમો હતો. પ્રેમચંદની વાર્તાઓમાં કલ્પનાની આંખો સામે વાસ્તવિક ચિત્રો ઊપસે છે અને એમાં સમસ્ત ગ્રામજીવન અને વાતાવરણ ખડું થઈ જાય છે.

ISBN 81-237-3278- 3

### પાતુમ્માની બકરી અને બાલ્યકાળ સખી

Pathumma Ki Bakri Aur Balyakal Sakhi

વૈકમ્ મુહમ્મદ બષીર  અનુવાદ : કમલ જસાપરા   પૃ. 132   રૂ. 60.00

મલયાલમ સાહિત્યના પ્રખર વાર્તાકાર બષીરના પોતાના કુટુંબની વાર્તા ‘પાતુમ્માની બકરી’નાં કથાપાત્રો એમનાં ભાઈ, બહેન વગેરે છે. પરંતુ વૈયક્તિક શૈલી તથા અભિવ્યક્તિની વિશેષતાથી એ વાચકની પોતાની કથા બની જાય છે. આ પ્રણયકથાની છાયામાં મનુષ્યના ભાગ્ય તથા જીવનના મર્મબિંદુનું દર્શન થાય છે.

ISBN 978-81-237-4555-8

### પુદુમૈપિત્તમની વાર્તાઓ

Pudumaipitthan's Short Stories

સંપાદક : મી.પ. સોમસુંદરમ્ અનુવાદ : ઉષા સટ્ટાવાલા પૃ. 100 રૂ. 50.00

આ સંકલનની સોળ વાર્તાઓની શૈલી જુદી જુદી છે. પ્રત્યેક વાર્તામાં કોઈ ને કોઈ સમસ્યા લેવામાં આવી છે. પુદુમૈપિત્તન મદ્રાસ (ચેન્નઈ)ના સાહિત્ય જગતમાં ક્રાંતિના પ્રતિનિધિ હતા. કથામાં નવીનતા, ચિંતનયુક્ત સરસ શૈલી અને કથાવસ્તુની વિવિધતા તેમજ તેમની લેખનશૈલીની વિશિષ્ટતાને કારણે તેમને તમિળ સાહિત્યમાં અમરસ્થાન મળી રહ્યું.

ISBN 978-81-237-0446-3

### પ્રતિપદા

Pratipada

વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય અનુવાદ : સરોજ પાઠક પૃ. 248 રૂ. 39.00

આ નવલકથા મજૂરોની હડતાળ સાથે સંકળાયેલાં દુઃખદર્દોનો દસ્તાવેજ છે. અસંતોષ અને અન્યાયનું પરિણામ હડતાળ અને એને દબાવવાના પ્રયત્નોનું આલેખન થયું છે. વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યનું આધુનિક અસમિયા સાહિત્યમાં આગવું સ્થાન છે.

ISBN 978-81-237-1415- 8

### ફણીશ્વરનાથ રેણુની શ્રેષ્ઠ વાર્તાઓ

Phaniswarnath Renu's Short Stories

સંપાદક : ભારત યાયાવર અનુવાદ : હસુ યાજ્ઞિક પૃ. 280 રૂ. 135.00

આ પુસ્તકમાં ફણીશ્વરનાથ રેણુની એકવીસ વાર્તાઓ સંકલિત છે જે સમય સમયે ખૂબ જ ચર્ચાસ્પદ થયેલી છે. હિન્દી વાર્તાઓની પરંપરામાં રેણુની વાર્તાઓ એક નવી ને નોખી ઓળખ લઈને રજૂ થાય છે અને વાસ્તવમાં એક નવી કથા-ધારાનો પ્રારંભ આ વાર્તાઓથી થાય છે.

ISBN 978-81-237-3876-5

### બનગરવાડી

Bangerwadi

વ્યંકટેશ માડગૂળકર અનુવાદ : ગોપાળરાવ ગજાનન વિદ્વાંસ પૃ. 120 રૂ. 10.00

મરાઠી સાહિત્યની આ લોકપ્રિય નવલકથા રેખાચિત્રોના સંગ્રહ જેવી છે. ભરવાડોના ગંદકીભર્યા, દુઃખમય અને ભયાનક જીવનનું હૃદયસ્પર્શી ચિત્રણ છે. બ્રાહ્મણ પરિવારનો નવયુવક ભરવાડોના ગામ બનગરવાડીમાં રોટલો રળવા ખાતર શિક્ષક બનીને આવે છે, અને ગ્રામીણ સમાજનું એક અવિભાજ્ય અંગ બની તેમનાં સુખ-દુઃખમાં ભાગીદાર બને છે.

### બિંદુ અને સિંધુ

Bund Aur Samandar

અમૃતલાલ નાગર અનુવાદ : લાભુબહેન મહેતા પૃ. 472 રૂ. 21.50

આ નવલકથા હિન્દી સાહિત્યના એક પ્રસિદ્ધ નવલકથાકારની અત્યંત મહત્ત્વપૂર્ણ કૃતિ છે. આમાં 'બિંદુ' વ્યક્તિનું પ્રતીક છે અને 'સિંધુ' સમકાલીન સમાજનું. આનાં પાત્રો લેખકની કલમથી આકાર મેળવીને વાસ્તવિકતાને પ્રગટ કરે છે.

### બ્રાહ્મણકન્યા

Brahmankanya

શ્રીધર વ્યંકટેશ કેતકર અનુવાદ : ભારતી વૈદ્ય પૃ. 272 રૂ. 6.00

અકુલીન સંબંધોના પરિણામે થયેલાં બ્રાહ્મસંતાનોનું ભવિષ્ય એ આ નવલકથાનો વિષય છે. મરાઠી સાહિત્યમાં .ડૉ. કેતકર ફક્ત સાહિત્યકાર કે નવલકથાકાર તરીકે જ પ્રસિદ્ધ નથી, તેમને એક માન્યવર પંડિતની કોટિમાં ગણવામાં આવે છે.

### મનોજ દાસની વાર્તાઓ

Manoj Das Ki Kahaniyan

અનુવાદ : રેણુકા શ્રીરામ સોની પૃ.208 રૂ. 90.00

મનોજ દાસની વાર્તાઓના આ સંકલનમાં તેમના વિવિધ સંગ્રહોમાંથી શ્રેષ્ઠ વાર્તાઓ લેવામાં આવી છે. જેમાં હાલના જીવન અને સમાજની જોડે જોડે વિશ્વમાનવની ચિરંતન જીવન-જીજ્ઞાસા લેખકની પોતાની શૈલીમાં પ્રતિફલિત થઈ છે. સાહિત્ય અકાદમી ગુજરાતી અનુવાદ પારિતોષિક પુરસ્કૃત (2003) પુસ્તક. ISBN 978-81-237-2528-4

### મનુષ્યનાં રૂપ

Manushya Ke Roop

યશપાલ અનુવાદ : સરલા જગમોહન (પ્રેસમાં)

યશપાલ હિન્દી કથા-સાહિત્યમાં સામાજિકતાની ધારાને આગળ લઈ જનારા નવલકથાકારોમાંના એક છે. તેમણે આ કૃતિમાં એક પહાડી વિધવા યુવતી સોમાના માધ્યમ દ્વારા વિભિન્ન પરિસ્થિતિઓમાં એક જ મનુષ્યનાં વિવિધ રૂપો અને સમાજના કેટલાયે વર્ગો અને મનુષ્યનાં કેટલાંયે રૂપોની કથા એક સાથે રજૂ કરી છે.

## મય્યઝી નદીને કાંઠે

Mayyazhippuzhayute Theerangalil

એમ. મુકુન્દન અનુવાદ : કમલ જસાપરા પૃ. 290 રૂ. 115.00

કેરળમાં સમુદ્ર તથા નદીના સંગમપ્રદેશમાં આવેલા મય્યઝી ગામમાં છ વર્ષ સુધી ચાલેલી આઝાદીની લડતની ઘટનાને કેન્દ્રમાં રાખી લખાયેલી આ મલયાલમ નવલકથા ભારતીય નવલકથાઓમાં પણ અનોખું સ્થાન ધરાવે છે. ISBN 978-81-237-3917-5

## મહાશ્વેતા દેવીની શ્રેષ્ઠ વાર્તાઓ

Mahashweta Devi's Short Stories

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 168 રૂ. 100.00

જ્ઞાનપીઠ એવોર્ડ સહિત અનેક પુરસ્કારોથી સમ્માનિત બાંગ્લા ભાષાની સુપ્રસિદ્ધ લેખિકા મહાશ્વેતા દેવી દ્વારા લિખિત અને સંકલિત આ સંગ્રહની વાર્તાઓના કેન્દ્રમાં મુખ્યત્વે આદિવાસી જનજીવન છે જે સમાજની મૂળ ધરીથી અળગું થયેલું છે.

ISBN 978-81-237-8777-0

## માહીમની ખાડી

Mahim Chi Khadi

મધુ મંગેશ કર્ણિક અનુવાદ : દીપક મહેતા પૃ. 176 રૂ. 55.00

આ મૂળ મરાઠી નવલકથામાં મુંબઈના ઉપનગર માહીમની એક વિશિષ્ટ ઝૂંપડપટ્ટીનું આલેખન છે. લેખક એ સૃષ્ટિને અદ્ભુત રીતે તેની તમામ હકીકતો અને વિગતો સાથે વાચકની સમક્ષ ખડી કરે છે. એ સૃષ્ટિ જેટલી વાસ્તવિક છે તેટલી જ ઉગ્ર અને ભયાનક પણ છે. મરાઠી નવલકથાના વિકાસમાં આ કૃતિનું આગવું સ્થાન છે.

ISBN 978-81-237- 3201-5

## મિત્રો મરજાની

Mitro Marjani

કૃષ્ણા સોબતી

અનુવાદ : વર્ષા અડાલજા પૃ. 68 રૂ. 40.00

આધુનિક હિન્દી કથા-સાહિત્યમાં અગ્રગણ્ય સર્જકોમાં ગણનાપાત્ર કૃષ્ણા સોબતીની આ સૌથી વધુ પ્રખ્યાત અને લોકપ્રિય કૃતિ છે. સશક્ત કથાવસ્તુ, આંતરિક સંવેદના અને જીવંત ભાષાશિલ્પને માટે અત્યધિક ચર્ચિત રહેલી આ કથાકૃતિની ખ્યાતિ હિન્દી રંગમંચ સુધી પહોંચી અને એને તપ્સાને પણ સમૃદ્ધ કર્યો છે. ISBN 978-81-237-8806-7

### મૃત્યુ પછી

Mrityu Ke Baad
શિવરામ કારંત
અનુવાદ : દેવેન મલકાણ    પૃ. 168    રૂ. 75.00
કન્નડ સાહિત્યના ઉચ્ચકોટિના લેખક જ્ઞાનપીઠ પુરસ્કૃત શિવરામ કારંતની આ નવલકથા મૃત્યુ પછી શોધી કાઢેલી સચ્ચાઈની છે. મૃત વ્યક્તિનો પાછળ રહી ગયેલાં પગલાંનાં નિશાનનો પીછો કરવા જેવું છે. પોતાના સમૃદ્ધ અનુભવોનું માર્મિક બયાન કરીને લેખકે જીવનના ગૂઢ દર્શનનો વાર્તામાં વણી લીધું છે. ISBN 81-237-3322-4

### યાત્રાનો અંત

Yatra Ka Ant
નીલ પદ્મનાભન
અનુવાદ : ચંદ્રકાન્ત બક્ષી    પૃ. 176    રૂ. 80.00
આ નવલકથા એક તૂટતા ઘરની માર્મિક કહાણી છે. લેખકે એક સામાન્ય વ્યક્તિના હૃદયમાં સાધારણ ઘટનાઓને કારણે ઉત્પન્ન થતી ભાવનાઓ અને વિચારોનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી વર્ણન કર્યું છે. લેખકની ગણના તમિલ સાહિત્યને નવી દિશા દર્શાવનારા આધુનિક તમિલ લેખકોમાં થાય છે. ISBN 978-81-237-4279-3

### રાગ દરબારી

Raag Darbari
શ્રીલાલ શુક્લ    અનુવાદ : હરીન્દ્ર દવે    પૃ. 292    રૂ. 13.00
આઝાદી પહેલાંના શહેરીકરણની આંધળી દોટમાં શહેરનું જે મહત્ત્વ હતું એ આજે ઘટ્યું નથી, પરંતુ રાજનૈતિક ભ્રષ્ટાચારથી બચવા, બીજો શહેરી દબાણોથી બચવા, ગામડા તરફ જવાની જે વાત થાય છે તેના સંદર્ભે આ નવલકથા મૂળ હિંદીમાં આજના ભારતની અસલ છબી અનાવૃત્ત કરાઈ છે.

### લહેરોનો નાદ

Lehron Ki Awaz
'કલ્કિ' રા. કૃષ્ણમૂર્તિ    અનુવાદ : મધુ રાય    પૃ. 200    રૂ. 7.00
આ નવલકથા પ્રસંગપ્રધાન, વિવિધરંગી અને વિશાળ ઝલકમાં વિસ્તરેલી છે. ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ તેની પૃષ્ઠભૂમિ છે. સીતાના જીવનને એક પ્રતીક તરીકે લઈ આખી કથા ગૂંથાયેલી છે. આ નવલકથાના લેખકની ગણના આધુનિક તમિલ લલિત સાહિત્યના પ્રણેતાઓમાં કરવામાં આવે છે.

**વ્યથિતોનાં આંસુ**

Begmat Ke Ansu

ખ્વાજા હસન નિઝામી અનુવાદ : કુમુદ શાહ પૃ. 68 રૂ. 40.00

1857ના બળવા દરમિયાન દિલ્હીના શાહી ખાનદાન પર શું શું વીત્યું એ દુ:ખદર્દભરી વાતોને લેખકે ખૂબ જ સંવેદનશીલ શૈલીમાં પ્રસ્તુત કરી છે.

ISBN 978-81- 237-1591-9

**સજા**

Saza

કાન્હુચરણ મહાંતિ અનુવાદ : ગીતાંજલિ પરીખ પૃ. 264 રૂ. 13.50

1867-68માં ઓરિસ્સામાં જે ભયંકર દુકાળ પડ્યો હતો તેની પૃષ્ઠભૂમિમાં લખાયેલી આ નવલકથા એક યથાર્થવાદી સફળ કૃતિ છે. સમાજના શોષક વર્ગની પ્રવૃત્તિઓ ભયાનક કુદરતી આફતો અને મૃત્યુની સામે જે રીતે તાંડવ કરે છે તેની કરુણ ગાથા અહીં આલેખાઈ છે.

**સફેદ લોહી**

Safed Khoon

નાનક સિંહ અનુવાદ : સરલા જગમોહન પૃ. 216 રૂ. 90.00

આ નવલકથામાં એક કરુણ ગાથા ઉચ્ચ પ્રકારની શૈલીમાં રજૂ થઈ છે. નાયક-નાયિકા અને બીજાં પાત્રોના ચિત્રણમાં સમજદારી, અનુભવ અને શિલ્પનો પરિચય મળે છે. પ

ISBN 978-81-237-4284-7

**સમકાલીન ઊડિયા વાર્તાઓ**

Anthology of Contemporary Odia Short Stories

સંપાદક : પઠાણિ પટ્ટનાયક અનુવાદ : ગુણવંત ભટ્ટ પૃ. 208 રૂ. 70.00

આધુનિક ઊડિયા વાર્તાસાહિત્યના ઇતિહાસમાં આધુનિક યુગચેતનાની સાથે ઓરિસ્સાના જન-જીવનનું મર્મશ ચિત્ર પ્રતિબિંબિત થાય છે. આ સંકલનમાં સુપ્રસિદ્ધ ઊડિયા સાહિત્યકારોની 21 કૃતિઓ સમાવવામાં આવી છે. ISBN 81-237-4285-1

**સમકાલીન ગુજરાતી વાર્તાઓ**

Anthology of Contemporary Gujarati Short Stories

સંપાદક : રાધેશ્યામ શર્મા પૃ. 140 રૂ. 65.00

1986માં સંચય કરેલી ગુજરાતી ટૂંકી વાર્તાઓના આ સંગ્રહમાં પચ્ચીસ 'સમકાલીન' લેખક-લેખિકાઓ રજૂ કરવામાં આવ્યાં છે. અહીં સંગૃહિત કૃતિઓમાં ગુજરાતના લાક્ષણિક ધ્વનિની સાથે માનવીય સ્પંદનોનો નાદ સમય અને સ્થળની સીમાને પાર કરીને એક સૂરમાં બજતો સંભળાય છે.

ISBN 978-81-237-0313-8

## સુરેશ જોષી : કેટલીક નવલિકાઓ

Suresh Joshi : Ketlik Vartao

સંપાદક : નીતિન મહેતા પૃ. 176 રૂ. 80.00

આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં સુરેશ જોષીની વાર્તા વિભાવનાએ તથા એમની ટૂંકી વાર્તાઓએ યુગપ્રવર્તક કાર્ય કર્યું. પ્રસ્તુત સંકલનમાં એમની પચ્ચીસ વાર્તાઓ સમાવિષ્ટ કરવામાં આવી છે. ISBN 978-81-237-3867-3

## સૂરજમુખીનું સપનું

Soorajmukhi Ka Sapna

સૈયદ અબ્દુલ મલિક અનુવાદ : ભોળાભાઈ પટેલ પૃ. 200 રૂ. 36.00

આસામની ધનશિરી નદીને કિનારે આવેલા ડાલિમ નામના ગામના એક યુવકની આ કહાણી છે. એનું જીવન ત્રણ યુવતીઓની આસપાસ વણાતું જાય છે, સંબંધ કપાય છે, ફરી જોડાય છે. પ્રેમ અને વાસનાનાં મોજાં ઊછળે છે તો પ્રકૃતિના ક્રોધ સામે લડવાની શક્તિ પણ કેળવાય છે. ISBN 81-237-0780-0

## હિન્દી એકાંકી

Anjtholgy of Hindi One-Act Plays

સંપાદક : ચંદ્રગુપ્ત વિદ્યાલંકાર અનુવાદ : જયંત પારેખ પૃ. 232 રૂ. 11.50

દસ હિન્દી એકાંકીઓના આ સંગ્રહમાં હિન્દીના પ્રસિદ્ધ લેખકોનાં જુદી જુદી શૈલીમાં, નાટકો લેવામાં આવ્યાં છે. આ સંગ્રહમાં સમાવિષ્ટ કૃતિઓના લેખકો હિન્દી સાહિત્યના અર્વાચીન નાટકકારો છે.

## હું

Mee

હરિનારાયણ આપ્ટે અનુવાદ : અરૂણા મહેતા પૃ. 336 રૂ. 12.50

આધુનિક મરાઠી નવલકથાઓમાં નવી વિચારધારાનો યુગ પ્રારંભ કરવાનું શ્રેય આ નવલકથાના લેખકને છે. તેની પૃષ્ઠભૂમિ સમાજસુધારણા તથા નવજાગૃતિનો યુગ છે. યથાર્થની ભૂમિ પર ચાલીને આદર્શ તરફ કઈ રીતે આગળ વધી શકાય તે અત્યંત કલાત્મક રીતે લેખકે દર્શાવ્યું છે.

# નવલેખન સાહિત્યમાળા

**નવલેખન : ગુજરાતી વાર્તાઓ**

Navlekhan : Gujrati Vartao

સંપાદન : યોગેશ જોશી પૃ. 140 રૂ. 175

આ સંકલનમાં નવોદિત અને કેટલાક નવા છતાં ગુજરાતી કથા સાહિત્યમાં સારી ઓળખ ધરાવતા એવા સોળ રચનાકારોની વાર્તાઓ સમાવાઈ છે. આ વાર્તાઓમાં વિવિધતા છે, આધુનિકતા છે, તાજગી અને નવો ઉન્મેષ પણ છે. ISBN 978-81-237-5054-5

**મહિલાલેખન-નવલેખન-ગુજરાતી વાર્તાઓ**

Mhilalekhan: Navlekhan: Gujarati Vartao

સંપાદક : પન્ના ત્રિવેદી રૂ. 155.00 પૃ. 116

ગુજરાતી નવલિકાલેખનના વિશાળ ફલક પર સ્ત્રી વાર્તાકારોનું એક આગવું પ્રદાન છે. સમય અને સમાજના બદલાવ સાથે સ્ત્રીજીવન પણ બદલાવનો અનુભવ કરે છે અને સ્ત્રી કલમ ઉપાડીને સાંસારિક જીવનની વિટંબણાઓ તથા સમાજની જડ રૂઢિઓ વાર્તામાં આલેખી સમાજ સામે દર્પણ ધરે છે જે પ્રતિબિંબ આ સંગ્રહની વાર્તાઓમાં પણ તાદૃશ થાય છે. આ સંકલનમાં નવોદિત ગુજરાતી લેખિકાઓની 11 વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

ISBN 978-93-5491-206-1

# સુવર્ણજયંતી પુસ્તકમાળા

**અક્ષરા : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા**

Akshara : Swatantryattar gujarati Kavita

યોસેફ મેકવાન પૃ. 256 રૂ. 125.00

ગાંધીયુગની સામાજાભિમુખ કવિતા સ્વાતંત્ર્ય પછીનાં સમયગાળામાં સૌંદર્યલક્ષી બની પૂરજોશમાં વહેવા લાગી હતી. સ્વતંત્રતા પછી અડધી સદી ઉપરાંતના સમયગાળામાં ગુજરાતી કવિતાને તેની દિશાદશા આપનાર ચર્ચિ, સૌંદર્યલક્ષી, સમાજિભિમુખ કે નરમાનરતાદી નિવડેલી રચનાઓ આ સંગ્રહમાં સમાવાઈ છે. આ સંકલન સ્વતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યમાં કવિતાક્ષેત્રે કેવી કેવી અને શી ઉપલબ્ધીઓ થઈ તેની જિજ્ઞાસા પણ સંતોષશે.

ISBN 978-81-237-5054-5

**ઉર્વરા : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વાર્તા**

Urvara : Swatantroyattar Gujarati Varta

સંપાદન : શિરીષ પંચાલ પૃ. 500 રૂ. 145.00

સ્વાતંત્ર્ય પછીના છ દાયકાની ચૂંટેલી ગુજરાતી વાર્તાઓ આ સંકલનમાં સમાવાઈ છે. માનવજીવનના નિતનવા બદલાતા પ્રવાહમાં માનવીય સંવેદના હ્રસ્વ થતી ગઈ. પશ્ચિમી જીવનશૈલીનો પ્રભાવ, કુટુંબજીવન, અંગત સમસ્યાઓ અને અનુભવો આ બધું આ સંગ્રહની વાર્તાઓમાં પડઘાય છે. પરંપરાગતથી માંડીને આધુનિકતાનો પ્રવાહ પણ એમાં વહેતો જોવા મળે છે.

ISBN 81-237-5429-1

**રંગ છે... : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નાટક**

Rang Chhe... Anthology of Gujarati Play

સિતાંશુ યશશ્ચંદ્ર પૃ. 548 રૂ. 205.00

મૌલિક નાટકોથી સમૃદ્ધ એવા ગુજરાતી સાહિત્ય અને રંગમંચની સ્વાતંત્ર્ય પછીના એટલે કે છેલ્લા છ દસકાના ગાળાની ચૂંટેલી નવ કૃતિઓ આ પુસ્તકમાં સમાવાઈ છે. આ છ દસકોમાં ગુજરાતી નાટક-રંગભૂમિએ કેવાંક તાગ્યાં-તપાસ્યાં એનો ખ્યાલ વાચકને આવે એને લક્ષ્યમાં રાખી આ સંચય તૈયાર કરાયો છે.

ISBN 978-81-237-5932-6

# ભારતીય સાહિત્યનિધિ

**સેવાસદન**

Sevasadan

પ્રેમચંદ અનુવાદ: કેશુભાઈ દેસાઈ પૃ. 256 રૂ. 105.00

પ્રેમચંદની નવલકથાઓમાં 'સેવાસદન'નું આગવું મહત્ત્વ છે. આ કૃતિમાં વેશ્યાવૃત્તિના મુદ્દાના માધ્યમે ભારતીય સ્ત્રીની પરાધીન અવસ્થાનો ચિતાર આપ્યો છે. આ કથામાં તત્કાલીન ભારતીય સમાજમાં પ્રવર્તમાન દૂષણોનું પણ ચિત્રણ થયું છે જે આજના સમાજના સંદર્ભે સવિશેષ સાર્થક જણાય છે.

ISBN 978-81-237-4663-0

# વિશ્વ-સાહિત્ય

**સંબંધોના સેતુ (શ્રીલંકાની વાર્તાઓ)**

Bridning Connections An Anthology of Sri Lankan Short Stories

રાજીવ વિજેસિંહા અનુવાદક: વર્ષા દાસ પૃ. 234 રૂ. 120.00

શ્રીલંકાના જાણીતા વાર્તાકારોની પચ્ચીસ રસપ્રદ વાર્તાઓ આ પુસ્તકમાં સંગ્રહિત છે. આમાંની ઘણી વાર્તાઓનું કથાનક દેશના ખદબદતા જાતિવાદ તથા રાજકારણથી નીપજેલી પૃષ્ઠભૂમિ પર રચાયેલું છે. કેટલાયે દાયકાઓથી ચાલી રહેલા સંઘર્ષને કારણે ચિરાતા નવા દેશને આ વાર્તાઓ સંબંધના સેતુઓથી જોડવાનો પ્રયત્ન કરે છે.

ISBN 978-81-237-6131-2

# રાષ્ટ્રીય જીવનચરિત્રમાળા

**અનંતનો અઠંગ અભ્યાસી : શ્રીનિવાસ રામાનુજન**
The Man Who Knew Infinity
રોબર્ટ કાનિજેલ
અનુ. : અરુણ મ. વૈદ્ય, નટવર ન. રોધેલિયા પૃ. 460 રૂ. 430.00
મહાન વીસમી સદીના ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ ઐયંગર રામાનુજનનું બૃહદ જીવનચરિત્ર. અંગ્રેજ પ્રોફેસર ગોડફ્રે હાર્ડી એમની અસાધારણ પ્રતિભા જોઈ બહુ પ્રભાવિત થયા હતા અને તેમણે જ રામાનુજનની પ્રતિભાની આખા જગતને ઓળખ કરાવી. આ પુસ્તકમાં રામાનુજનના જીવનનાં તમામ પાસાંઓની વિસ્તૃત જાણકારી મળે છે. ISBN 978-81-237-7144-1

**અવનીન્દ્રનાથ ટાગોર**
Abnindranath Tagore
આલોકેન્દ્રનાથ ટાગોર સંપાદક : દિનકર કૌશિક
અનુવાદક : જ્યોતિ ભટ્ટ, તન્મય ગંગોપાધ્યાય પૃ. 108 રૂ. 80.00
અવનીન્દ્રનાથ ટાગોરની ગણના સમકાલીન ભારતીય કલાના ઇતિહાસમાં નવી કેડી પાડનાર એક અગ્રગણ્ય ભારતીય ચિત્રકાર તરીકે થાય છે. તેઓ સિદ્ધહસ્ત કલાકાર ઉપરાંત અજોડ વાર્તાકાર હતા. આશ્ચર્યજનક કલ્પનાશીલતા, વિનોદપ્રિયતા અને ઔદાર્યના ગુણો સાથે તેઓ ખાનદાની ઠાઠ ધરાવતા હતા. આ પુસ્તકમાં એમના જીવન અંગે એમના પુત્ર આલોકેન્દ્રનાથ ટાગોરે પોતે જોયેલી અને જાણેલી બાબતો શબ્દચિત્ર સ્વરૂપે રજૂ કરી છે.
ISBN 978-81-237-3847-5

**અમૃતલાલ શેઠ**
Amritlal Sheth
વર્ષા દાસ પૃ. 100 રૂ. 55.00
અમૃતલાલ શેઠ ગુજરાતના એક પ્રખર પત્રકાર અને ગાંધીભક્ત સત્યાગ્રહી હતા. ‘સૌરાષ્ટ્રના સિંહ’ તરીકે વિખ્યાત અમૃતલાલ વ્યવસાયે વકીલ હતા. એમણે પ્રજા પર થતા અત્યાચારોને બહુ નજીકથી જોયા હતા. પીડિત અને મૂંગી પ્રજાને અવાજ આપવા એમણે સૌરાષ્ટ્ર નામનું સાપ્તાહિક છાપું સરૂ કર્યું. જીવના જોખમે બર્મા અને સિયામ જઈને સુભાષચંદ્ર બોસની પ્રવૃત્તિઓ અંગેના દસ્તાવેજો ભારત લઈ આવ્યા હતા.
ISBN 978-81-237-6467-4

**અહલ્યાબાઈ**

Ahalyabai

હીરાલાલ શર્મા　　અનુવાદ : રજનીકાન્ત રાવળ　　પૃ. 112　　રૂ. 9.00

મહારાણી અહલ્યાબાઈ ધર્મપરાયણ અને અદ્ભુત સહનશક્તિવાળાં એક અસાધારણ મહિલા હતાં. વિવેક નમ્રતા અને સંયમ તેમના ચારિત્ર્યનાં આભૂષણો હતાં. આ મહાન વહીવટકર્તા નારીએ તેમની પ્રજાને બધી રીતે સુખી કરી હતી.

**આર.જી. ભાંડારકર**

R.G. Bhandarkar

એચ.એ. ફડકે　　અનુવાદ : મુરલી ઠાકુર　　પૃ. 76　　રૂ. 65.00

પ્રસિદ્ધ કેળવણીકાર, માતૃભૂમિના મહાપ્રેમી અને 'પ્રાર્થના સમાજ'ના પ્રખર આગેવાન રા.ગો. ભાંડારકરે સામાજિક તથા ધાર્મિક સુધારક તરીકે દેશની વિવિધ રીતે સેવા કરેલી. તેઓ સમાજસુધારક તરીકે નવજાગ્રત ભારતના એક સાચા પ્રતિનિધિ હતા.

ISBN 978-81-237-4162-8

**કબીર**

Kabir

ડૉ. પારસનાથ તિવારી　　અનુવાદ : રઘુવીર ચૌધરી　　પૃ. 88　　રૂ. 70.00

સંત કબીરના જીવન વિશે અનેક અટકળો તેમજ કથાઓ પ્રચલિત છે. તેઓ સંત હોવા સાથે ગૃહસ્થ પણ હતા. પોતાની કરણી થકી એમણે જગતને બતાવી આપ્યું કે માણસ જન્મથી નહિ બલ્કે કર્મથી મોટો બને છે. કબીરના જીવનચરિત્રનો આ પુસ્તકમાં તેમનાં પદો, રમૈની અને સાખીઓ પણ સંકલિત છે.

ISBN 978-81-237-3351-7

**ગુરુ રવિદાસ**

Guru Ravidas

આચાર્ય પૃથ્વીસિંહ આઝાદ　અનુવાદ : દયાશંકર જોષી　　પૃ. 68　　રૂ. 22.00

આ પુસ્તકમાં સંત ગુરુ રવિદાસના જીવનચરિત્ર આલેખન સાથે તેમનાં રચિત સાખીઓ અને પદો પણ આપવામાં આવ્યાં છે. રવિદાસજીએ ચમાર જાતિમાં જન્મવા છતાં નિરાશ, દલિત, પીડિત વર્ગને નવજીવન અને આશા તથા આશ્વાસનપૂર્ણ વ્યાવહારિક સંદેશ આપ્યો છે.

ISBN 81-237-1381-3

**ચંદ્રગુપ્ત મૌર્ય**

Chandragupt Maurya

લલ્લનજી ગોપાલ અનુવાદ : મુરલી ઠાકુર પૃ. 66 રૂ. 6.50

સફળ મૌર્યની સિદ્ધિઓ મુખ્યત્ત્વે રાજકીય ક્ષેત્રની હતી. શત્રુઓનાં આક્રમણોનો સફળ પ્રતિકાર કરવામાં તથા ભારતમાં રાજનૈતિક એકતા સ્થાપવામાં ચંદ્રગુપ્ત મૌર્યની મહત્તાનાં દર્શન થાય છે. એની સિદ્ધિઓએ એને ભારતના ઇતિહાસમાં અમર સ્થાન અપાવ્યું છે.

**ચૈતન્ય**

Chaitanya

દિલીપકુમાર મુખરજી અનુવાદ : જી.એન. માંકડ પૃ. 100 રૂ. 10.00

બંગાળમાં જન્મેલા ચૈતન્ય મહાપ્રભુ વૈષ્ણવ ધર્મના ભક્તિમાર્ગના ગગનમંડળમાં ચમકતા એક મહાન નક્ષત્ર સમા હતા. લોકોમાં તેઓ ગૌરાંગ પ્રભુ તરીકે જાણીતા હતા. આ સંતે, ખાસ કરીને ઉત્તર ભારતમાં, વૈષ્ણવ ધર્મને ફરીથી જીવતો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

**જગદીશચંદ્ર બોઝ**

Jagdishchandra Bose

સચીન્દ્રનાથ બસુ પૃ. 64 રૂ. 40.00

જગદીશચંદ્ર બોઝ વૈજ્ઞાનિક સંશોધક ક્ષેત્રે આપણા દેશની પ્રતિભાના પુનરુત્થાનના પ્રતીક સમા છે. તેમણે ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના વિદ્વાન તરીકે મોટી નામના મેળવી. સંશોધન ક્ષેત્રે તેમણે અનેક નવી પહેલો કરી. આ પુસ્તકમાં જગદીશચંદ્રના જીવનના વિવિધ પ્રસંગોનું રસપ્રદ આલેખન થયું છે. ISBN 978-81-237-1359-5

**તુલસીદાસ**

Tulsidas

દેવેન્દ્રસિંહ અનુવાદ : વર્ષા દાસ (પ્રેસમાં)

વિશ્વના મહાન કવિઓમાં તુલસીદાસનું એક અપૂર્વ સ્થાન છે. તેઓ કેવળ કવિ નહોતા, પરંતુ પરમ સત્તાનો સંપર્ક સાધવા અવિરત પ્રયત્ન કરનારા સાધક હતા. તેઓ સંત હતા, માનવતાવાદી હતા. એમનાં લખાણોએ લોકોના જીવન અને સંસ્કૃતિ પર પ્રચંડ પ્રભાવ પાડ્યો છે.

**નરસિંહ મહેતા**

Narsinh Maheta

કેશવરામ કા. શાસ્ત્રી પૃ. 88 રૂ. 50.00

નરસિંહ મહેતાનો યુગ ભારતનો ભક્તિયુગ ગણાય છે. ભારતના અનેક ભાગોમાં ભક્તિ પ્રવૃત્તિ અને ભક્તિ સાહિત્યનું સર્જન દીન-દુખિયાંનો દિલાસો બન્યાં હતાં. તેમણે વૈષ્ણવતાની જે વ્યાખ્યા આપી છે તે એમના સ્વાનુભવનો પરિપાક છે. ISBN 978-81-237-3667-9

**નેતાજી સુભાષચંદ્ર બોઝ**

Netaji Subhaschandra Bose

શિશિરકુમાર બોસ અનુવાદ : પ્રમોદકુમાર પટેલ પૃ. 140 રૂ. 65.00

'આઝાદ હિંદ ફૌજ'ના સ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં પોતાની વિશિષ્ટતાને કારણે તથા પોતાના વ્યક્તિત્વ અને ઉપલબ્ધિઓની દૃષ્ટિએ ભારતના અપૂર્વ વ્યક્તિ હતા. ISBN 987-81-237-1699-2

**પંડિત ભાતખંડે**

Pandit Bharkhande

એસ. એન. રાતંજનકર અનુવાદ : ચંદ્રકાન્ત શેઠ પૃ. 68 રૂ. 6.00

પંડિત ભાતખંડે ભારતના રાષ્ટ્રીય ઘડવૈયાઓમાં એક હતા. જોકે તેમનું કાર્ય તદ્દન જુદી ભૂમિકાનું હતું. તેમનું કાર્યક્ષેત્ર હતું. હિન્દુસ્તાની સંગીત. તેઓ સંગીત ક્ષેત્રે રાષ્ટ્રમાન્ય વ્યક્તિ બની રહ્યા, અને આપણી સંસ્કારિતાના એક પ્રતીક તરીકે ખ્યાતિ પામ્યા.

**પં. વિષ્ણુ દિગંબર**

Pandit Vishnu Digambar

વિ.રા. આઠવલે અનુવાદ : ભોળાભાઈ એસ. પટેલ (પ્રેસમાં)

પંડિત વિષ્ણુ દિગંબર પલુસકરે સંગીતકળાના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. એમણે સંગીતનો વ્યાવહારિક પાયા પર પ્રચાર કર્યો હતો. એમના સમયમાં સંગીતકારો સમાજના નીચલા સ્તરના માણસો ગણાતા. વિષ્ણુ દિગંબરે સંગીત અને સંગીતકારોને ઊંચો દરજ્જો આપ્યો.

**બસવણ્ણ**

Basavanna

એમ. ચિદાનંદ મૂર્તિ અનુવાદ : પ્રમોદકુમાર પટેલ રૂ. 120.00 પૃ. 104

બસવણ્ણ બારમી સદીમાં થઈ ગયેલા કન્નડ ભાષાના એક મહાન કવિ છે. તેઓ 'વચન' તરીકે ઓળખતા કાવ્યપ્રકારના કવિ તરીકે બહુ જાણીતા છે. તેમના અનુયાયીઓ તેમને સમાજસુધારક અને સંત તરીકે આદરથી જુએ છે. ISBN 978-81-237-8821-0

**ભગવાન મહાવીર**

Bhagwan Mahavir

જગદીશચંદ્ર જૈન　　અનુવાદ : નરેન્દ્ર અંજારિયા　　પૃ. 58　　રૂ. 17.00

મહાવીર સ્વામીનું નામ ભારતની મહાન વિભૂતિ તરીકે ઇતિહાસમાં અમર થઈ ગયું છે. આજે આપણને એક એવો સમાજ જોઈએ છે જેમાં શોષણ ન હોય અને દરેક વ્યક્તિને પોતાનો વિકાસ કરવાની તક મળે. મહાવીર સ્વામીએ આવા સમાજનો પાયો 2700 વર્ષ પહેલાં નાંખ્યો હતો. ISBN 81-237-0444-5

**મોરારજી દેસાઈ**

Morarji Desai

યશવંત દોશી　　પૃ. 92　　રૂ. 55.00

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની જીવનકથા એક કપરા ચઢાણની કથા છે. એમની ચઢતીનો ઇતિહાસ સતત પુરુષાર્થોથી મેળવેલી સિદ્ધિઓની કથા છે. આ પુસ્તકમાં એમના તટસ્થ, બાહોશ અને કર્તવ્યનિષ્ઠ ચરિત્રની યથાર્થ આકૃતિ છતી થાય છે.

ISBN 978-81-237-2085-2

**મોક્ષગુંડમ વિશ્વેશ્વરય્યા**

Mokshagundam Vishveshwarayya

વી. એસ. નારાયણરાવ　　અનુવાદ : વિજય શાસ્ત્રી　　પૃ. 140　　રૂ. 115.00

પ્રખર દેશભક્ત ભારતરત્ન ડો. મોક્ષગુંડમ વિશ્વેશ્વરય્યાનું સમગ્ર જીવનકાર્ય દેશના શાશ્વત અને નક્કર હિતકાર્યમાં પરિણમ્યું હતું. તેઓ એક મહાન ઇજનેર અને કાર્યક્ષમ વહીવટકર્તા, દીર્ઘદષ્ટિયુક્ત મુત્સદી, ઉત્સાહી રાષ્ટ્રભક્ત હોવા સાથે માનવીય ગુણોથી સભર એવા આત્મીય વ્યક્તિ હતા. સર એમ. વિશ્વેશ્વરય્યાનું જીવનચરિત્ર. ISBN 978-81-237-6981-3

**યુસુફ મેહરઅલી : નવી ક્ષિતિજોની શોધ**

Yusup Meherally : Quest for New Horizons

મધુ દંડવતે　　અનુવાદ : હિમ્મત ઝવેરી　　પૃ. 156　　રૂ. 80.00

રાષ્ટ્રના યુવા માનસને યથાર્થ રીતે સમજનાર સમાજવાદી યુસુફ મહેરઅલી સત્યાગ્રહ આંદોલનના એક મહત્ત્વપૂર્ણ યુવા નેતા હતા. 1942ના 'ભારત છોડો' આંદોલનમાં કોંગ્રેસ સોશ્યાલિસ્ટ પાર્ટીમાં તેમનું અમૂલ્ય પ્રદાન હતું. નિસર્ગપ્રેમી પ્રવાસી અને માનવકલ્યાણ માટે સતત કાર્યરત એવા એક મહાન લોકનેતાનું આ જીવનચરિત્ર પુસ્તક છે. ISBN 978-81-237-4553-4

### રમણ મહર્ષિ

Raman Maharshi

કૃ. સ્વામીનાથન    અનુવાદ : વર્ષા દાસ    પૃ. 92    રૂ. 20.00

રમણ મહર્ષિની ગણના બુદ્ધ અને શંકરાચાર્યની પરંપરાના ઋષિઓમાં થાય છે. એમણે જ્ઞાનમાર્ગનું શિક્ષણ ઉપદેશો કરતાં પોતાના જીવનના માધ્યમે આપી. એમના આ પ્રેરણાપ્રદ જીવનચરિત્રમાં આત્મજ્ઞાનની એમની સાધના પદ્ધતિને બહુ જ પ્રભાવશાળી રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. ISBN 81-237-0303-1

### રાણી ચેન્નમ્મા

Rani Chennamma

સદાશિવ વોડેયાર    અનુવાદ : વર્ષા દાસ    પૃ. 100    રૂ. 50.00

શક્તિશાળી અંગ્રેજ સામ્રાજ્યની સામે માથું ઊંચકનાર ભારતના દેશી રાજ્યોની સૌથી પહેલી નેતા રાણી ચેન્નમ્મા કર્ણાટકના નાનકડા નગર કિતરની હતી. એ નારીમાં અણનમ હિંમત અને દેશભક્તિ હતાં. એના જીવનની પ્રેરણાત્મક કહાણી કોઈપણ દેશના સ્વાતંત્ર્ય-પ્રેમની કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સમયે રોમાંચિત કરશે.

ISBN 978-81-237-0303-9

### રામાનુજાચાર્ય

Ramanujacharya

આર. પાર્થસારથી    અનુવાદ : મુરલી ઠાકુર    (પ્રેસમાં)

મહાન સંત ગુરુ રામાનુજનો જન્મ ઈ.સ. 1617માં મદ્રાસ પાસે થયો હતો. ભારતના ધાર્મિક તથા સામાજિક સુધારાના આંદોલનમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. એમના ઉપદેશનું તત્ત્વજ્ઞાન 'વિશિષ્ટદ્વૈત' નામે ઓળખાય છે.

### વિનોબા

Vinoba

નિર્મળા દેશપાંડે

અનુવાદ : ભારતી વૈદ્ય    પૃ. 156    રૂ. 75.00

પ્રાચીન ભારતીય ઋષિપરંપરામાંના એક મહાન સંતપુરુષ અને ભૂદાન આંદોલનના સંસ્થાપક વિનોબાનું જીવનચરિત્ર સુપ્રસિદ્ધ લેખિકા નિર્મળા દેશપાંડેએ સહજ ભાવે અને સરળ ભાષાશૈલીમાં આલેખ્યું છે. ISBN 978-81-237-1673-2

## સ્વામી દાદૂ દયાળ

Swami Dadu Dayal

ઝમટમલ ખૂબચંદ ભાવનાણી    અનુવાદક : પ્રવીણ દરજી    પૃ. 76    રૂ. 45.00

દાદૂ દયાળ (1544-1603) નિર્ગુણ સંપ્રદાયના સંત કવિ હતા. વિભિન્ન ધર્મો તથા સંપ્રદાયોની સમાન બાબતો પર પ્રકાશ પાડીને સમાજમાં વ્યાપેલા જાતિને લગતા ભેદભાવોને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાની એમની ઉત્કટ ઇચ્છા હતી. આ હેતુથી એમણે દાદૂપંથની સ્થાપના કરી. આ પુસ્તક એમના જીવન અને કાર્યનો વિસ્તૃત પરિચય આપે છે.

ISBN 978-81-237-3172-8

## શંકરદેવ

Shankardev

મહેશ્વર નિયોગ

અનુવાદ : ભોળાભાઈ પટેલ    (પ્રેસમાં)

આસામના મહાન વૈષ્ણવ સંત શંકરદેવનું જીવન આપણા ઈતિહાસની સૌથી અસાધારણ અને રોમાંચક કથાઓમાંનું એક છે. એક સંત, વૈષ્ણવ ધર્મના પ્રચારક અને આસામન અભિનવ સંસ્કૃતિના અગ્રદૂત રૂપે તેઓ આધુનિક આસામના ઘડવૈયા હતા.

## શ્રી અરવિંદ

Sri Aurobindo

નવજાત    અનુવાદ : સુન્દરમ્    પૃ. 116  રૂ. 65.00

શ્રી અરવિંદને આપણે હિંદની સ્વતંત્રતાને માટે લડનાર એક મહાન રાષ્ટ્રવાદી પુરુષ તરીકે યાદ કરીએ છીએ, એમને એક મહાન લેખક અને કવિ તરીકે બિરદાવીએ છીએ, અને એક મહાયોગી તરીકે પૂજીએ છીએ, પરંતુ આપણી આ સર્વ અંજલિઓ તો તેમના દિવ્ય વ્યક્તિત્વની આપણી મર્યાદિત સમજણ છે. આ પુસ્તક અતિમાનસ જીવન અંગે પ્રેરણારૂપ છે.

ISBN 978-81-237-2418-8

## શ્રીનિવાસ રામાનુજન

Srinivas Ramanujan

સુરેશ રામ    અનુવાદ : રસિક શાહ    પૃ. 64  રૂ. 17.00

રામાનુજ આશ્ચર્યજનક બૌદ્ધિક સામર્થ્ય સાથે જન્મ્યા હતા. આંકડાના સિદ્ધાંત પરથી તેમણે મૌલિક પ્રમેયો રચ્યા હતા. પ્રા. જી. એસ. હાર્ડી જેવા અગ્રણી ગણિતશાસ્ત્રી પણ એ પ્રમેયો જોઈને અચંબામાં પડી ગયા હતા. 'ધ રોયલ સોસાયટી ઓફ ઇંગ્લેન્ડ'એ તેમને ફેલો બનાવ્યા હતા. ટૂંકા જીવનકાળ છતાં પણ તેઓ આ શતાબ્દીના એક મહાન ગણિતશાસ્ત્રી તરીકે ખ્યાતિ પામ્યા.

ISBN 81-237-0320-1

### શ્રી માતાજી

The Mother

પ્રેમાનંદકુમાર  અનુવાદ : સુન્દરમ્  પૃ. 126  રૂ. 80.00

પૅરિસમાં ધનિક માબાપને ત્યાં જન્મેલાં, મીરા આલ્ફાસ્સાની આધ્યાત્મિક ખોજ તેમને ભારતમાં લઈ આવી. અને ત્યાં તેઓ શ્રી અરવિંદ ભાવિનું એક દર્શન લઈને બેઠા હતા તેને સિદ્ધ કરવા માટે તેમની સાથે જોડાઈ ગયાં. પોંડિચેરીમાં શ્રી અરવિંદ આશ્રમની સ્થાપના કરવા પાછળની તેઓ મુખ્ય શક્તિ હતાં. આ સંક્ષિપ્ત જીવનકથામાં શ્રી માતાજીનું સમુદાર અને ચિત્તાકર્ષક વ્યક્તિત્વ એની પુરેપૂરા તાદદશતા અને સંકુલતામાં જીવંત બનીને પ્રત્યક્ષ થાય છે.

ISBN 81-237-1138-6

### સરદાર વલ્લભભાઈ પટેલ

Sardar Vallabhbhai Patel

વિષ્ણુ પ્રભાકર  અનુવાદ : રમેશ જાની  પૃ. 72  રૂ. 30.00

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના સ્વતંત્રતા આંદોલનના 'લોહપુરુષ' તરીકે ઓળખાય છે. સાતસોથી વધુ દેશી રાજયોને એક ઝંડાની નીચે લાવવાનું ભગીરથ કાર્ય એમના જેવા બુદ્ધિશાળી રાજપુરુષ સિવાય બીજા કોઈથી સંભવી શકે તેમ નહોતું. મોટી મોટી મુશ્કેલીઓ સામે ટક્કર ઝીલતા સરદાર પટેલ સ્વભાવે વિનોદી પણ હતા.

ISBN 81-237-4165-0

### સૂરદાસ

Surdas

વ્રજેશ્વર વર્મા  અનુવાદ : એમ.એલ. દેસાઈ  પૃ. 96  રૂ. 25.00

સૂરદાસની ગણના દેશના સાંસ્કૃતિક અને ધાર્મિક જીવન પર ઊંડો પ્રભાવ પાડનાર મહાકવિઓ અને મહાત્માઓમાં થાય છે. તેઓ કૃષ્ણભક્તિ શાખાના અગ્રણી અને શ્રેષ્ઠ કવિ તથા અષ્ટછાપના કવિઓમાં સર્વપ્રથમ ગણાય છે.

ISBN 81-237-3252-6

### સ્વામી દયાનંદ

Swami Dayanand

બી.કે. સિંઘ  અનુવાદ : દિગંબર સ્વાદિયા  પૃ. 120  રૂ. 40.00

સ્વામી દયાનંદ આર્ય સમાજ પંથના સ્થાપક, મહાન સમાજ સુધારક અને સાંસ્કૃતિક નવજાગૃતિના મશાલચી હતા. એમણે નાતજાતિની વાડાબંધી નાબૂદ કરવાની, વિધવા-વિવાહની અને હિંદીને ભારતની સત્તાવાર ભાષા બનાવવાની જોરદાર હિમાયત કરી હતી. તેઓ અસ્પૃશ્યતા નિવારણ અને સ્ત્રી ઉદ્ધારના પુરસ્કર્તા હતા.

ISBN 978-81-237-4163-5

# નહેરુ બાલ-પુસ્તકાલય

**અડધા ગોળાકાર શોધો**

Find Half-Circles

બદ્રી નારાયણ પૃ. 16 રૂ. 25.00

આપણી આસપાસ નજરે પડતી ભૌતિક વસ્તુઓ તેમ જ કુદરતી દૃશ્યોમાંથી અડધા ગોળાકાર શોધવામાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે એવાં રંગીન ચિત્રો છે.

ISBN 978-81-237-3710-2

**અમે છીએ બધાથી જુદા**

We are Different

રામેન્દ્ર કુમાર અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ

ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ.16 રૂ.40.00

જિરાફ અને ખિસકોલી વચ્ચે દોસ્તીની અદભુત વાર્તા. બીજી ખિસકોલી એને બીજી જાતના પ્રાણી સાથે દોસ્તી કરવાથી ચેતવે છે અને ખિસકોલી મૂંઝાય છે ત્યારે જિરાફ એને ઉદાહરણ બતાવી સમજાવે છે - ને પછી થઈ જાય છે બંને પાકાં મિત્રો.

ISBN 978-81-237-9482-2

**અમે ભારતીયો**

We Indians

લેખન અને ચિત્રકાર : મેહરૂ જે. વાડિયા

અનુવાદ : વર્ષા દાસ પૃ. 24 રૂ. 35.00

ભારતનાં વિવિધ રાજ્યનાં લોકોની રહેણીકરણી રીતભાત, પહેરવેશ, ભાષા, વિશિષ્ટતા વગેરેની માહિતી બાળકોનાં સુંદર ચિત્રો માધ્યમે આપવામાં આવી છે.

ISBN 978-81-237-2716-5

**અયોધ્યાના રાજા**

The Prince of Ayodhya

હંસા મહેતા ચિત્રો : સુકુમાર ચેટરજી પૃ. 64 રૂ. 30.00

આ પુસ્તકમાં રામાયણના કેટલાક મહત્ત્વના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે. રાજા દશરથથી માંડીને રામના રાજ્યભિષેક સુધીની કથાનું સંક્ષિપ્તમાં સચિત્ર આલેખન કરાવવામાં આવ્યું છે.

ISBN 81-237-4041-6

**અવકાશી ઉપહાર**

Cosmic Gift

મોહન સુંદર રાજન　　અનુવાદ : માધવ દેસાઈ　　પૃ. 56　રૂ. 10.00

વૈજ્ઞાનિકો દરિયામાંથી મળી આવેલા અવકાશી ખડક પર અંકિત સંદેશાના આધારે સંશોધન કરી પહેલાં પ્રાણીઓ પર ઍમિનો ઍસિડનો અખતરો કરે છે. પછી તેઓ મનુષ્ય પર પણ આ રસાયણ અજમાવે છે. પરિણામે ઘણી જ રોમાંચક ઘટનાઓ ઉદ્ભવે છે.

**અસ્થિથી અશ્મિ સુધી**

From Bone to Stone

કરેન હેડોક　　અનુવાદ : કલ્પના વ્યાસ　　પૃ.28　રૂ.75.00

કરોડો વર્ષ પહેલાં લડતાં લડતાં મરણ પામેલા એક મોટા ટ્રાઇસરેટોપ્સ ડાયનાસોરનાં અસ્થિ આખરે શી રીતે અશ્મિ બની ગયાં એની રોમાંચક વાત સચિત્ર આલેખાઈ છે. પુસ્તકમાં બાળકો માટે વિચારવા જેવા પ્રશ્નો અને મોજમજાની માટે સર્જનાત્મક પ્રવર્તિયો અને રમતો પણ આપવામાં આવી છે.

**આ છે રાજસ્થાન**

This is Rajasthan

શ. સેનરોય　　અનુવાદ : વર્ષા દાસ　　પૃ. 16　રૂ. 25.00

રાજસ્થાનની ભૂમિ, ત્યાંનું લોકજીવન, હવામાન, કલા, સંસ્કૃતિ, સ્થાપત્ય તથા ત્યાંના બહુ ઉપયોગી પ્રાણી ઊંટ વિશેની સુંદર ચિત્રોમાં રજૂઆત કરવામાં આવી છે.

ISBN 978-81-237-2712-7

**આઈસનની યાત્રા**

Ison Ka Safar

ઈદરીસ સિદ્દીકી

અનુવાદક : રાજેશકુમાર મોહનભાઈ પટેલ　ચિત્રઃ અરૂપ ગુપ્તા　પૃ. 16　રૂ. 35.00

આઈસન નામનો પૂંછડિયો તારો તેની સૂરજ તરફની તેની યાત્રાએ બહુ રોમાંચક રીતે આગળ વધે છે. પણ સૂર્યમાળામાં તેનો કરુણ અંત આવે છે. આઈસેનની સાહસિક યાત્રાનું ખૂબ રસપ્રદ શૈલીમાં વર્ણન થયું છે.

ISBN 978-81-237-9341-2

**આકાશમાં ઊંચી હરણફાળ**

Fly High in the Sky

જગદીશ જોશી　　અનુવાદ : લતા અમિત જોશી　પૃ. 24　રૂ. 55.00

આ પુસ્તકમાં નાંનાં બાળકો હળીમળી કેવી રીતે સુંદર પતંગો પોતાની મેળે બનાવે છે અને એ રંગબેરંગી પતંગો કેવી રીતે આકાશમાં ઊંચે-ઊંચે ઊડે છે. તેની સરસ વાર્તા સુંદર ચિત્રો સાથે કહેવાઈ છે.

ISBN 978-81-237-9474-7

**આનંદ ને અજવાળાંની વાતો**

Stories of Light and Delight

મનોજ દાસ | અનુવાદ : મૂળશંકર મ. ભટ્ટ | પૃ. 64 | રૂ. 7.50

બાળકોને ગમ્મત સાથે બોધ આપતી નવ વાર્તાઓનો સમાવેશ છે. અજબગજબ વાર્તાઓનાં ચિત્રો ઘણાં જ સુંદર છે.

ISBN 81-237-2077-7

**આપણાં અખબારોની કહાણી**

The Story of Our Newspapers

ચંચલ સરકાર | અનુવાદ : શાંતિલાલ શાહ-પ્રશાંત | પૃ. 64 | રૂ. 25.00

ભારતનાં અખબારોનો ઇતિહાસ અને અખબાર કેવી રીતે તૈયાર થાય છે, અખબારની પ્રેસમાં કેવી કેવી વ્યવસ્થાઓ હોય છે, કેવા વિભાગો હોય છે એ વિશેની વિગતવાર માહિતી છે જે અખબાર વિશે ઊંડાણમાં જાણવામાં જિજ્ઞાસુઓ માટે ઉપયોગી છે.

ISBN 81-237-0124-0

**આપણાં અમર પુસ્તકો**

Books Forever

મનોજ દાસ

અનુવાદ : સ્વાતિ જોશી ચિત્રકાર : સુકુમાર ચેટરજી | પૃ. 64 | રૂ. 6.00

ભારતીય સાહિત્યના ઇતિહાસમાં પુસ્તકોનો વિશાળ ખજાનો રહેલો છે. આ પુસ્તકમાં આપણાં અમર પુસ્તકો જેવાં કે રામાયણ, મહાભારત, પંચતંત્ર, તિરૂક્કુળ, કથા સરિત્સાગર, જાતક કથાઓ, વેદ, ઉપનિષદ, અર્થશાસ્ત્ર વગેરે ગ્રંથો વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી છે.

**આપણી ઉપયોગી વનસ્પતિ**

Our Useful Plants

કે. એસ. શેખરમ

અનુવાદ : સરલા જગમોહન ચિત્રકાર : પુલક વિશ્વાસ | પૃ. 32 | રૂ. 40.00

આપણા જીવનમાં વનસ્પતિની કેવી ઉપયોગિતા છે તેનું વર્ણન સુંદર ચિત્રો સહિત કરવામાં આવ્યું છે. શાકભાજી, ફૂલ-ઝાડ અને અન્ય વનસ્પતિ વિશેની માહિતી.

ISBN 978-81-237-3707-2

**આપણી નદીઓ (ભાગ - 1)**

Story of Our Rivers Part-1
લીલા મજુમદાર

અનુવાદ : રમણલાલ સોની    ચિત્રકાર : તાપસ દત્ત    પૃ. 64    રૂ. 7.50

ગંગા, મહા, બ્રહ્મપુત્ર જેવી ભારતની મુખ્ય અને મોટી નદીઓની ઐતિહાસિક, ભૌગોલિક માહિતી આપવામાં આવી છે. આ નદીઓ પર આવેલાં તીર્થસ્થાનો અને તેના મહાત્મ્ય પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. નદીઓ માણસને કેટલી ઉપયોગી છે તેન મહત્તા પણ દર્શાવવામાં આવી છે. ISBN 81-237-2079-3

**આપણી પૃથ્વી**

This Earth of Ours
લઈક ફતેહઅલી

અનુવાદ : સ્મિતા શાહ    ચિત્રકાર : શુદ્ધસત્ત્વ બસુ    પૃ. 64    રૂ. 9.00

પૃથ્વી પરના પર્યાવરણને લગતી વિવિધ વાતો લેખિકાએ રસપ્રદ શૈલીમાં આલેખી છે. પાણી, માટી, ઘાસ, વૃક્ષો તેમ જ આબોહવા વગેરે બાબતોને લગતી મહત્ત્વની ચર્ચા દ્વારા લેખિકાએ પર્યાવરણ પ્રત્યે સભાન બનવા તેમ જ તેની જાળવણી માટે કાળજી લેવા અંગે ભાર મૂક્યો છે. ISBN 81-237-1462-9

**આપણું ઘર આપણી ધરા**

Our Home Our Hearth
અનિતા ભટનાગર જૈન
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ    ચિત્ર : કે. ભૂષણ    પૃ. 44    રૂ. 95.00
આ પુસ્તકમાં પર્યાવરણ પર આધારિત ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. આ વાર્તાઓ ખુબ જ સરળ અને આકર્ષક ભાષા શૈલીમાં રંગીન ચિત્રો સાથે આલેખાઈ છે. આ પુસ્તક બાળકો માટે ખુબ જ માહિતીપ્રદ છે જે ભાવિ પેઢીને પર્યાવરણ-તરફી વલણ અને ટેવો અપનાવવા પ્રેરક બનશે.
ISBN 978-81-237-9813-4

**આપણું ઝાડ**

Our Tree

પ્રણબ અને સ્મિતા ચક્રવર્તી    અનુવાદ : વર્ષા દાસ    પૃ. 16    રૂ. 7.00

ઝાડ આપણને કેટલું ઉપયોગી છે તેની મહત્તાની વાત કરવામાં આવી છે. ઝાડ પંખીઓનું આશ્રય-સ્થાન છે, નાનાં પ્રાણીઓ માટે ખેલકૂદનું સ્થ છે. ઝાડ પંખીઓનું આશ્રય-સ્થાન છે, નાનાં પ્રાણીઓ માટે ખેલકૂદનું સ્થળ છે; આ બધી રસપ્રદ વાતો સુંદર ચિત્રો માધ્યમે કહેવામાં આવી છે. ISBN 81-237-2345-8

**આપણું નૌકાદળ**

Our Navy

કમાન્ડર આર.એન. ગુલાટી અનુવાદ : દિગંત દવે પૃ. 64 રૂ. 5.50

ભારતીય નૌકાદળ વિશે સાહસ-કથાઓનું આલેખન થયું છે. નૌકાદળના ઉદય અને વિકાસ, તેનાં જહાજો અને શસ્ત્રો, સંગઠન તેમ જ રૂઢિઓ પ્રણ ાલિકાઓ અંગેની જાણવા જેવી વિગતો આપવામાં આવી છે.

**આપણું શરીર**

Our Body

રમેશ બિજલાની

અનુવાદ : આશા રાવળ ચિત્રકાર : નિરેન સેનગુપ્તા પૃ. 32 રૂ.40.00

આપણા શરીરને એક અદ્ભુત યંત્ર તરીકે આલેખવામાં આવ્યું છે ચિત્રો દ્વારા આપણા શરીરના ભાગો, તંત્રો અને ઈંદ્રિયો વિશેની જાણકારી આપવામાં આવી છે.

ISBN 978-81-237-2084-5

**આપણો મનોહર મોર**

The Beautiful Peacock

રમેશ બક્ષી

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : નીરેન સેનગુપ્તા પૃ. 16 રૂ.40.00

આપણા રાષ્ટ્રીય પક્ષી મોર વિશે મનોહર ચિત્રો સાથેનું પુસ્તક. મોરની સુંદરતાનું સરસ વર્ણન ઓછા શબ્દોમાં કાવ્યની રીતે કરવામાં આવ્યું છે. ISBN 978-81-237-9459-4

**આમની દુનિયા**

Animal World

ચિત્રકાર : અરોબિંદો કુંડુ અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 9.00

જંગલમાં વસતાં તેમ જ આપણી આસપાસ જોવા મળતાં વિવિધ પ્રાણીઓના આકારોનું સુંદર ચિત્રાંકન થયું છે. પ્રાણીઓની વિશિષ્ટતાનું આલેખન પણ છે.

**આવ રે વરસાદ**

Waiting for Rain

કામાક્ષી બાલસુબ્રમણ્યન

અનુવાદ : વર્ષા દાસ ચિત્રકાર : યુસુફ બેંગલોરવાલા પૃ. 24 રૂ. 8.50

વરસાદ ન પડવાથી ખેડૂતોની શી દશા થાય તેની કથા ચિત્રો સહિત આલેખાઈ છે. વૃક્ષોનું જીવનમાં કેટલું મહત્ત્વ છે એ પણ જણાવવામાં આવ્યું છે.

ISBN 81-237-0277-9

**આંદામાનની એક પ્રાચીન કથા**

An Ancient Tale from Andamans

અન્વિતા અબ્બી  અનુવાદ : વર્ષા દાસ  ચિત્ર : પાર્થ સેનગુપ્તા  પૃ. 16  રૂ. 40.00

પ્રાચીન કાળમાં ફેરતાજિદો નામે આંદામાનના એક માણસની કથા છે. આંદામાન ટાપુઓ પર રહેનારો તે પહેલો પુરુષ હતો એવી લોકવાયકા છે. આદિવાસી ફેરતાજિદોના જન્મથી મરણ સુધીની જીવનકથાનું સરસ વર્ણન થયું છે. ISBN 978-81-237-9458-7

**ઈંજિન ડ્રાઈવર હુસેન**

Engine Driver Husain

સંપાદક : યશવંત દોશી  રૂ. 5.00  પૃ. 80

આ પુસ્તક યશવંત દોશી દ્વારા સંપાદિત છે. પુસ્તકમાં અલગ-અલગ છ વાર્તાઓનો સમાવેશ થયેલ છે. નહેરુ બાલ પુસ્તકાલય અંતર્ગત આવેલ આ પુસ્તકની માર્મિક અને મજાની વાર્તાઓ બાળકોને ગમે એવી છે.

**ઈદગાહ**

Idgah

પ્રેમચંદ  અનુવાદ : વર્ષા દાસ  ચિત્રકાર : પી. બી. કાવડી  પૃ. 32  રૂ. 30.00

ઈદના મેળામાંતી ગરીબ બાળક હામિદે લોખંડનો એક ચીપિયો ખરીદ્યો. તેણે ચીપિયો જ કેમ ખરીદ્યો? એ જાણવા વાંચો આ માર્મિક કથા. ISBN 978-81-237-1287-1

**ઊડ, ખડમાકડી !**

Fly, Gresshoper !

સેઈઝો તાશિમા  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 36  રૂ. 16.00

ખડમાકડી તરીકે ઓળખાતા જીવડાની વાર્તા. પોતાનું જીવન બચાવવા તેને કેટકેટલું સાવધ રહેવું પડે છે તથા તે કેવાં સાહસો કરે છે તેની કથા સુંદર ચિત્રો દ્વારા દર્શાવવામાં આવી છે. મૂળ પુસ્તક જાપાનનું છે. ISBN 81-237-0078-4

**ઊડ્યું-પતંગિયું**

Flitter-Flutter

જયંતી મનોકરન

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : જયંતિ મનોકરન  પૃ. 24  રૂ. 70.00

વારલી ચિત્રકલાની એક જીવંત પ્રસ્તુતિ આ પુસ્તકમાં કરવામાં આવી છે. ઘરની ભીત પર દોરેલું પતંગિયું ઉડવા લાગે છે અને આદિવાસી કન્યા એને પકડવા પાછળ પાછળ દોડે છે. શું તે પતંગિયાને ચિત્રમાં પાછું લાવી શકી? ચિત્ર માધ્યમે વાર્તા ખૂબ સરસ રીતે આલેખાઈ છે.

ISBN 81-237-9483-9

**એક કોડીનું સપનું**

Ek Kori's Dream
મહાશ્વેતા દેવી

અનુવાદ : દીપક મહેતા   ચિત્રકાર : જુધજિત સેનગુપ્તા   પૃ. 64   રૂ. 30.00

એકકોડી નામના એક અનાથ બાળકનાં સપનાં કઈ રીતે સાકાર થયાં. તેની અદ્‌ભુત કથા. નાનપણથી નટખટ એવા એકકોડીનો જિજ્ઞાસુ સ્વભાવ એક દિવસ તેને રાજા સુધી લઈ જાય છે અને તે રાજા-રાણીનાં માનપાન પામે છે. ISBN 978-81-237 4040-9

**1થી 10 સરઘસ**

Procession

મિકી પટેલ   પૃ. 16   રૂ. 5.00

લગ્નની જાનનાં ચિત્રો દ્વારા 1 થી 10 સુધીની સંખ્યા ગણતરીનું સુંદર પુસ્તક છે. ચિત્રો રમૂજપ્રેરક છે.

**એક દિવસ...**

One Day

જગદીશ જોષી   અનુવાદ : મંજરી મેઘાણી   પૃ. 32   રૂ. 35.00

જંગલમાં રહેતા નાનકડા મનુને કોઈ બાળદોસ્ત નથી. એવામાં એની દોસ્તી અપ્પુ નામના એક હાથી સાથે થાય છે. એક દિવસ અપ્પુ અને મનુએ જંગલમાં કેવી ધમાચકડી મચાવી એની મજેદાર સચિત્ર કથા. ISBN 978-81-237-4091-1

**એક વખત એક ગામમાં**

Once Upon in a Village

મદન   અનુવાદ : વર્ષા દાસ   ચિત્રકાર : નીના બહલ   પૃ. 24   રૂ. 45.00

પહેલા ગીચ જંગલ હતું એવી જગ્યાએ એક ગામ બને છે. લોકોની વસતિ વધતી જાય છે અને જંગલનાં વૃક્ષો ઓછાં થતાં જાય છે. બોધ આપતી વાર્તા.

ISBN 978-81-237-3708-9

**એક વખતની વાત (ભાગ - 1)**

Once Upon a Time Part-II
એમ. ચોક્સી અને પી. એમ. જોશી

અનુવાદ : રમણલાલ સોની   ચિત્રકાર : પુલક વિશ્વાસ   પૃ. 64   રૂ. 5.00

પ્રાચીન નગર મહોં-જો-દડોનાં રહેવાસીઓની વાર્તા છે મહાકાવ્ય 'મહાભારત'માંથી ભીમક અને તેના મિત્રોની કથા તેમ જ પાટલિપુત્ર નગરની સુંદર વાર્તાઓ છે.

**એક વખતની વાત (ભાગ - 2)**

Once Upon a Time Part-II

એમ. ચોક્સી અને પી. એમ. જોશી

અનુવાદ : રૂપા મજમુદાર ચિત્રકાર : પુલક વિશ્વાસ પૃ. 64 રૂ. 6.00

પ્રાચીન કાળના મહાન બૌદ્ધ મઠ કાર્લોના સાધુઓ સાથે જિમુત નામના જિજ્ઞાસુ ભરવાડ છોકરાના મેળાપની રસપ્રદ કથા છે. મહાન રાજા હર્ષની સાહસિકતા કથા પણ છે.

**એક હતો કૈસિની**

Ek tha Caisini

ઈદરીસ સિદ્દિકી

અનુ. : આશિષ મહેતા ચિત્ર : અરૂપ ગુપ્તા પૃ. 24 રૂ. 55

કેસિની નામનો ઉપગ્રહ 15 ઓક્ટોબર 1997ના રોજ પૃથ્વીથી રવાના થઈ સૂર્યમાળામાં શનિ વલયોનો અભ્યાસ કરવા 20 વર્ષમાં પહોંચ્યો એની સફરની રોમાંચક કથા.

ISBN 978-81-237-9275-0

**એટોઆ મુન્ડા જંગ જીત્યો**

Etoa Munda Won the Battle

મહાશ્વેતા દેવી અનુવાદ : સાધના પૃ. 64 રૂ. 10.00

ભણવા માટે ઉત્સાહી એક આદિવાસી બાળક એટોઆના સંઘર્ષની રોચક કહાણી આ પુસ્તકમાં છે. મુન્ડા આદિજાતિના લોકોનાં જીવન, તેમના રીત-રિવાજો અને સામાજિક વ્યવસ્થા વિશેનું યથાર્થ વર્ણન થયું છે. ISBN 81-237-1928-0

**કથા લોહીની**

The Story Blood

રેખા અને યતીશ અગરવાલ અનુવાદ : હરિવદન દેસાઈ પૃ. 64 રૂ. 30.00

ચિત્રો : ને.બુ.ટ્ર. કાર્યશિબિર, કોલકાત્તા, 1983

આ પુસ્તકમાં માનવ-શરીરમાં લોહીનું મહત્ત્વ, લોહીનું બંધારણ, તેનું કાર્ય, લોહનો જથ્થો, લોહીનું દબાણ, રક્તદાન તેમ જ લોહી સંબંધિત બીમારીઓ વિશેની સચિત્ર માહિતી આપવામાં આવી છે. ISBN 978-81-237-1514-8

**કમાલનો જાદુ**

Kamaal Ka Jaadu

અશોકકુમાર શર્મા અનુવાદ : ચાંદની કપિલ બાવીશી પૃ. 24 રૂ. 55.00

ચોથા ધોરણમાં ભણતી રિદ્ધિ કોઈક ભયના કારણે સ્કુલ નથી આવી રહી. એ જાણીને શાળાનાં પ્રિન્સિપાલ એક જાદુનો કાર્યક્રમ ગોઠવે છે. જાદુગર બાળકોનો ભય દૂર કરવાનો ખેલ કરે છે. એ વિશે જાણીને રિદ્ધિ ખુશીથી પાછી સ્કુલે આવવા લાગે છે. ISBN 978-81-237-9364-1

**કરમકલ્લો**

A Little Cabbage

શિન્તા ચો	અનુવાદ : વર્ષા દાસ	પૃ. 28	રૂ. 10.00

કરમકલ્લા નામના ટાબરિયાને રસ્તામાં એક ભૂંડ મળે છે. તેમના સંવાદ ઘણા રમૂજી છે. અદ્‌ભુત દશ્યો સુંદર રીતે આલેખાયા છે. મૂળ પુસ્તક જાપાનનું છે.

ISBN 81-237-0066-0

**કહો તો કોણ છે ?**

Once Upon in a Village Part-II

નિરંજન ઘોશાલ	પૃ. 16	રૂ. 35.00

આ પુસ્તકમાં વિચિત્ર દેખાતાં પશુ-પંખીનાં ચિત્રો જે આપણી ધરતી ઉપર ક્યાંય જોવા નહીં મળે ! એ ચિત્રો બે-ચાર પ્રાણી-પક્ષીઓના શરીરના ભાગોના સંયોજન દ્વારા બનાવવામાં આવ્યાં છે. એક ચિત્રમાંથી અનેક પક્ષીઓ-પ્રાણીઓ શોધી કાઢવાની મજેદાર રમતગમત કરાવતું પુસ્તક.

ISBN 978-81-237-3704-1

**કાગીબેનની કહાણી**

A Story of a Crow

જુધજિત સેનગુપ્તા	પૃ. 16	રૂ. 35.00

એક કાગડીએ માળો બાંધ્યો, ઈંડા મૂક્યાં અને બચ્ચાં આવ્યાં ત્યારે ખવડાવ્યું ને ખૂબ સાચવ્યાં. અંતે બધાં ઊડી ગયાં. તેમનો શિકારી ફાવ્યો નહીં. ચિત્રો માધ્યમે આ વાર્તા ખૂબ સુંદર રીતે રજૂ થઈ છે.

ISBN 978-81-237-0240-7

**કાચંડો અને દેડકો**

Kanchando Ane Dedka

ડૉ. રૂપેન્દ્ર કવિ

અનુવાદ : ચાંદની કપિલ બાવીશી	ચિત્રકાર : ખેમ વૈષ્ણવ	પૃ. 16	રૂ. 40.00

એક આદિવાસી કઠિયારો જંગલમાં ગયો તો તેને જાડાપાડા કાચંડો અને દેડકો જોવા મળ્યા. પછી તે પત્ની સાથે જંગલમાં ગયો અને દેડકા અને કાચંડાને તેઓની તંદુરસ્ત જીવનનું રહસ્ય પૂછ્યું. દેડકા અને કાચંડાનો ઉત્તર સાંભળી આદિવાસી દંપતીને તંદુરસ્ત જીવન જીવવાનો બોધ મળ્યો.

ISBN 978-81-237-9366-5

**કાચબા અને મગરની દુનિયા**

World of Turtles and Crocodiles

ઝાઈ અને રોમ વ્હીટેકર, ઇન્દ્રનીલ દાસ

અનુવાદ : સ્મિતા પી. શાહ પૃ. 64 રૂ. 10.00

ભારતમાં મળી આવતાં વિવિધ જાતિના કાચબા અને મગર વિશે તેમનાં સ્થાન, રહેણીકરણી, ખોરાક વગેરેની સચિત્ર માહિતી આપતું પુસ્તક. ISBN 81-237-2804-4

**કામઢી કીડી**

Busy Ants

પુલક વિશ્વાસ પૃ. 16 રૂ. 35.00

નાનકડી કીડીઓ પોતાનો ખોરાક કેવી રીતે મેળવે છે. તેને જતનપૂર્વક પોતાના દરમાં લઈ જાય છે એની સુંદર ચિત્રવાર્તા. ISBN 978-81-237-2707-3

**કાયમ માટે મિત્ર**

A Friend Forever

ઐન્દ્રિલા મિત્રા

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : પ્રણવેશ મૈતી પૃ. 20 રૂ. 55.00

વિશાળ વગડા વચાળે ઊભેલું ઝાડ એકલવાયું છે. આસપાસ એનાં સાથી નથી અને પક્ષીઓ પણ નથી આવતાં એક દિવસ એક પક્ષી આવીને ત્યાં રાતોવાસો કરે છે અને પછી બને કાયમ માટે મિત્ર બની જાય છે. ISBN 978-81-237-9440-2

**કાવ્યાનો નિર્ણય**

રમેશ બિજલાની

અનુવાદ : અંજલિ જૈન ચિત્ર : મોહિત સુનેજા રૂ.70.00 પૃ. 28

તરૂણી કાવ્યા ખુબ નટખટ છે અને તે દાદાજીને ખુબ પ્રશ્ન પૂછ્યા કરે છે. જીવનમાં મોટા થઈને શું બનવું એ વિશે એને અનેક વિચારો અને કલ્પનાઓ આવ્યા કરે છે. અંતમાં એ સારી વ્યક્તિ બનવાનો સંકલ્પ કરે છે. ISBN :978-81-237-9367-2

**કુદરતની ભેટ**

Nature's Gift

ઉત્પલ તાલુકદાર અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ.28 રૂ. 55.00

આ વાર્તા એક સુગરી પંખી અને હાથીનાં બચ્ચા-મદનિયાની છે. જે બન્ને સરસ મિત્રો છે. એક્વાર મદનિયાને સુગરીની જેમ ઉડવાનું મન થયું. અને સુગરી પોતાના મિત્રનું દિલ દુભાવવા નથી માગતી. એ માટે તે પ્રયત્ન કરે છે અને પરિણામ શું આવે છે એ જાણવા વાંચો સુંદર ચિત્રો સાથેની મજાની વાર્તા. ISBN 978-81-237-9493-8

**કુંભ**

Kumbh

અનિતા ભટનાગર જૈન

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 24 રૂ. 65.00

સૂરજ અને ચાંદની તેમનાં નાનીમા-નાનાજી સાથે કુંભમેળામાં ગયા. તેમની કુંભમેળાની રોમાંચક યાત્રાનું આંખે દેખ્યા હેવાલની જેમ વર્ણન આ પુસ્તકમાં કરાયું છે. સરસ ચિત્રો સાથેનું પુસ્તક.

ISBN 978-81-237-9479-2

**કેટલું બધું પાણી !**

The Story of Water

રવી પરાંજપે અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 35.00

વરસાદ આવતાં સર્વત્ર પાણી પાણી થઈ જાય છે. બાળકો, ખેડૂતો, પશુ-પંખી હર્ષોલ્લાસમાં આવી જાય છે. સમુદ્ર ઊભરાઈ જાય છે. પાણીની ઉપયોગિતાની કથા સુંદર ચિત્રો દ્વારા રજૂ થઈ છે.

**કેમ છો ચાંદામામા**

Hello Moon

આકિકો હાયાશી પૃ. 16 રૂ. 6.00

બાળકોના પ્યારા ચાંદામામાની એક સરળ સહજ કથા સુંદર ચિત્રો માધ્યમે રજૂ થઈ છે. મૂળ પુસ્તક જાપાનનું છે.

ISBN 81-237-0056-3

**કેમ?**

Why ?

મીનાક્ષી સ્વામી

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 20 રૂ.50.00

નાનકડા બાળકને ઘરમાં અને આસપાસમાં બધું અચરજભરેલું લાગે છે. બાળસહજ કુતહુલના પ્રશ્નોની રસપ્રદ વાર્તા સુન્દર ચિત્રો સાથે વર્ણવાઈ છે.

ISBN 978-81-237-9498-3

**કેરી**

Amiya

પ્રભાત

અનુ. : લતા અમિત જોશી ચિત્ર : ધીરજ સોમવાસી પૃ. 24 રૂ. 55.00

કેરી નામની છોકરીની વાર્તા. એના ભોળપણને લીધે અવનવી રમૂજી ઘટનાઓ ઘરમાં અને એની શાક્રામાં સર્જાય છે. ખૂબ મજાની વાર્તા.

ISBN 978-81-237-9274-3

## કેરીની વાત

Story of a Mango

દેબાશિષ દેબ પૃ. 16 રૂ. 35.00

બે બાળકો કેરી પાડવા ગિલોલથી પથ્થર ફેંકે છે. એ કેરી માટે કાગડાએ તરાપ મારી, ખિસકોલીએ ઝૂંટવી અને તે કેરી કોના હાથમાં ને કેવી રીતે આવી તેની ચિત્રકથા સુંદર ચિત્રો થકી જીવંત બની છે. ISBN 81-237-0228-5

## કેવો ગરબડ ગોટાળો

What a Mix-up

અનુપા લાલ અનુવાદ : લતા હીરાણી ચિત્ર : અતનુ રોય પૃ.16 રૂ.40.00

બે જોડિયા ભાઈઓની તોફાની મનોરંજક વાર્તા. ઓમ બહાર ગયો અને શિવને તેનાં પાળેલાં કૂતરો, બિલાડી અને પોપટ સાચવવા સોંપી ગયો. પછી થયો કેવો ગડબડ ગોટાળો.... રમૂજી અને હૃદયસ્પર્શી વાર્તા. મજેદાર ચિત્રા. ISBN 978-81-237-9456-3

## કેવી હાલતમાં મળશો દોસ્ત

Kis Haal Mein Miloge Dost

વિમળા ભંડારી

અનુવાદ : અમિત મ. જોશી ચિત્રકાર : નિધિ સિંહ અને અપૂર્વ જૈન પૃ. 20 રૂ. 60.00

બે પ્રકારના કાગળની ખૂબ જ માર્મિક વાર્તા. બંને છૂટા પડીને વિવિધ પ્રક્રિયા અને સ્વરૂપોમાં પસાર થાય છે પણ છેવટ સુધી એકબીજાને સંયોગે મળતા રહે છે. સરસ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9305-4

## ક્રિકેટ

Cricket

વિજય મરચંટ અનુવાદ : સુરેશ સરૈયા પૃ. 64 રૂ. 25.00

ભારતમાં ક્રિકેટની રમતની શરૂઆતથી માંડીને ક્રિકેટનાં સાધનો અને રમતનાં કૌશલ્યો વિશેનું માહિતીપ્રદ આલેખન છે. ચિત્રો-તસ્વીરોથી સુશોભિત આ પુસ્તક ક્રિકેટ જિજ્ઞાસુઓ માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. ISBN 81-237-3939-7

## કોયડો

Pahali

જગદીશ જોશી અનુવાદ : તૃષા જાની રાવલ ચિત્ર : જગદીશ જોશી પૃ. 24 રૂ.55.00

મુનિયા ચકલીને પૂર્વમાં ઊગતા સૂરજને પશ્ચિમમાં આથમી ગયા પછી બીજા દિવસે ફરી પાછો પૂર્વમાં ઊગેલો જોઈ ભારે અચરજ થયું અને પછી તે કુતુહલનું રહસ્ય શોધવા નીકળી પડી. તેની મુસાફરી કેવી રોચક અને જ્ઞાનપ્રદ રહી એ સરસ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9477-8

### ખાઉધરી ગુલાબી

Rosy the Greedy Calf
મોમોકો ઈશિઈ

અનુવાદ : વર્ષા દાસ  ચિત્રકાર : ચિયોકો નાકાતાની  પૃ. 36  રૂ. 12.00

ગુલાબી નામની એક ખાઉધરી વાછરડીની વાર્તા, ખાઉધરા અને સ્વાર્થી સ્વભાવને કારણે આખરે ગુલાબીની શી દશા થઈ તેનું સચિત્ર આલેખન સુંદર શૈલીમાં થયું છે. મૂળ પુસ્તક જાપાનનું છે. ISBN 81-237-0046-6

### ખોવાયા અને મળ્યા

Lost and Found
આઈસીએલસી કાર્યશિબિર
ચિત્ર : મલિક સજાદ રસૂલ  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 24  રૂ. 40.00
કાંટાળી વાડની સરહદ પાર બે છેડાનાં બાળકો વચ્ચે મિત્રતા થઇ અને એમનાં પરિવારો વચ્ચે સૌહાર્દ સંબંધ સ્થપાયા. એ પછી કાંટાવાળા તાર એમના સ્નેહસંબંધને રોકી ન શક્યા. લડાઈ અને વેરઝેરની બાળકો પર શી અસર થાય છે અને તેઓ લોકો વચ્ચે હૂંફાળા સંબંધ બાંધવા કેવા પ્રયત્નો કરે છે. એ માર્મિક વાર્તા ચિત્રો સાથે આલેખાઈ છે. ISBN 978-81-237-3710-2

### ગવરી ગાયનો હીંચકો

Mamma Moo on a Swing
જુજ્જા અને ટોમસ વાઈઝલેંડર
ચિત્રકાર : સ્વેન નોરડોવિસ્ટ  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 20  રૂ. 21.00
ગૌશાળામાં બંધાઈ રહેતી ગવરી ગાયને એક દિવસ હીંચકે ઝૂલવાનું મન થયું. તેણે પોતાના દોસ્ત કાગડવાની મદદથી ઝાડની ડાળે હીંચકો બાંધી તેણે ઝૂલા ઝૂલવાની કેવી મઝા માણી તેની કથા રમૂજી છતા માર્મિક શૈલીમાં સુંદર ચિત્રો તથા સચોટ આલેખન થકી જીવંત થઈ ઊઠી છે. મૂળ પુસ્તક સ્વીડનનું છે. ISBN 81-237-1759-8

### ગાઢ જંગલમાં

Ghane Jangal Me

મોહમ્મદ અરશદ ખાન

અનુવાદક : આશિષ મહેતા  ચિત્રકાર : રાજકુમાર ઘોષ  પૃ. 32  રૂ. 70.00

વનસ્પતિશાસ્ત્રના વિદ્વાન પ્રોફેસર રમણ ઔષધીય ઝાડપાન વિશે સંશોધન કરતા હતા. એમના આ સંશોધન-સાહસમાં મોન્ટુ અને બીજાં બાળકો પણ જોડાયેલ હતાં. મોન્ટુ અચાનક ગૂમ થઈ જાય છે અને પછી શરૂ થાય છે ગાઢ જંગલમાં રોમાંચક સાહસકથા. ચિત્રો ઘણાં સરસ છે.

ISBN 978-81-237-9306-1

**ગુલાબનો મિત્ર**

Gulab Ka Dost

તરસેમ

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : ઉત્તમ કુમાર બાલા  પૃ. 32  રૂ. 70.00

નાનો સુહેલ શાળાએ નથી જતો અને પપ્પા સાથે એમની શાળાએ જવાની જીદ પકડે છે. પપ્પા એને લઇ જાય છે અને ત્યાં સુહેલને એક નવું જ વાતાવરણ મળે છે. તેને ખિસકોલી અને પક્ષીઓ સાથે રમવાનું મળે છે અને એક ગુલાબ ફૂલછોડ સાથે દોસ્તી થઇ જાય છે. સરસ ચિત્રો સાથે સરસ વાર્તા.

ISBN 978-81-237-9517-1

**ગાંડો આંબો**

Mad Mango

આ. ના. પેડણેકર

અનુવાદ : વંદના મહેતા  ચિત્રો : મંજુલા પદ્મનાભન  પૃ. 32  રૂ. 14.00

વગડામાં ઊભેલા આંબા પર પહેલીવાર કેરીઓ લાગતાં જ લોકો પથરા મારી મારીને કેરીઓ પાડવા લાગ્યા. એથી ઘાયલ ને દુ:ખી થયેલો આંબો ત્યાંથી ભાગવા લાગ્યો. એને ભાગતો જોઈને બીજાં વૃક્ષો એનો ‘ગાંડો આંબો’ કહેવા લાગ્યાં. વૃક્ષની સંવેદના વિશે રસપ્રદ શૈલીમાં માર્મિક કહાણી ચિત્રો સુંદર છે.

ISBN 81-237-3276-7

**ગોનુનો કૂવો**

Gonu Ka Kuan

રણીરામ ગઢવાલી  અનુવાદ : તૃષા જાની રાવલ  ચિત્ર : શૈબાલ ચેટર્જી  પૃ. 24  રૂ.55.00

ચમ્પકવનમાં ઘણા વખતથી વરસાદ ન પડવાથી તળાવ,ઝરણા સુકાઈ ગયા. ટીનું ઝરણાનું પાણી પણ પૂરું થવાથી બધાં પ્રાણીઓ ભારે ચિંતામાં પડ્યાં. એવામાં ગોનું ઉંદરે એક કૂવો બનાવીને સરસ ઉપાય કર્યો. સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9476-1

**ગૌમુખયાત્રા**

A Journy to Gaumukh

શીલા શર્મા

અનુવાદ : તરુ કજરિયા  ચિત્રકાર : રીની કૌર  પૃ. 64  રૂ. 7.50

દેવયાની અને આદિત્યને તેમના દાદાજી ગૌમુખની જાત્રાએ લઈ જાય છે. ત્યાં તેઓ આનંદપ્રમેદ કરે છે અને પહાડી પ્રદેશનાં સુંદર-અદ્‌ભુત કુદરતી દશ્યો નિહાળવાની મજા માણે છે. ગંગાતીર્થની આ પ્રવાસકથા બહુ રોમાંચક છે.

ISBN 81-237-0545-X

## ઘર

Homes

ઇન્ડો જર્મન, સંયુક્ત ઉપક્રમ પૃ. 16 રૂ. 5.00

ચિત્રકારો : મૈન્ફ્રેડ બૌફિંગર (જ.જ.ગ.), મિકી પટેલ, પુલક વિશ્વાસ, પી. ખેમરાજ, વીરેન સેન ગુપ્તા, પ્રણબ ચક્રવર્તી, એમ, વિજય મોહન, સુદ્ધાસન વસુ, નીતા ચક્રવર્તી, સૈયલ ઈકબાલ બાનૂ, જગદીશ જોશી, મૃણાલ મિત્ર.

માણસ, પક્ષીઓ, પ્રાણીઓનાં જુદા જુદા પ્રકારનાં ઘરોનાં ચિત્રો આપવામાં આવ્યાં છે. કેટલાંક ચિત્રો રમૂજી શૈલીનાં પણ છે.

## ઘરની શોધ

Ghar Ki Khoj

હેમંત કુમાર

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : ઇસ્માઇલ લહેરી પૃ. 16 રૂ. 40.00

પોતાનું ઘર બનાવવાને બદલે જેના તેના બીજાના ઘરમાં રહેવાની જગા શોધતા હાથીની મજાની વાર્તા. છેવટે તેને સમજાય છે કે તેને લાયક પોતાનું ઘર ક્યાં છે. સરસ ચિત્રો સાથે મજાની વાર્તા. ISBN 978-81-237-9444-0

## ઘુઘુ ઘુવડ

Owll Ball

ણાન્સિસ્કા ઝોટા અનુવાદ : આશિષ મહેતા પૃ. 24 રૂ.70.00

ઘુઘુ નામના એક ખાવધરા જાડિયા બાલ ઘુવડની વાર્તા છે. મિની નામની છ વરસની બાળકી એને મળે છે તે પછી ઘુઘુના જીવનમાં અને તનમાં પરિવર્તન આવી જાય છે. અગાઉ ઊંઘણશી ઘુઘુને કોઈ પસંદ નહોતું કરતું ને હવે તે તંદુરસ્ત ને તાજોમાજો ને સૌનો માનીતો થઇ ગયો છે.ચિત્રો બહુ સરસ છે. ISBN 978-81-237-9468-6

## ઘુંઘરુ

Ghunghru

જયમતિ કશ્યપ અનુવાદક : જ્યોતિ એમ. શ્રોફ

ચિત્રકાર : અશોકકુમાર ઠાકુર પૃ. 16 રૂ. 40.00

આ પુસ્તકમાં બસ્તર આદીવાસી પ્રદેશનાં લોકો ઘુંઘરુનો ઉપયોગ કેવી-કેવી રીતે કરે છે એની માહિતી આપે છે. ઘુંઘરુ આત્મકથાની જેમ પોતાનું મહત્ત્વ આ વાર્તામાં સમજાવે છે. આદિવાસી શૈલીના ચિત્રો સરસ છે. ISBN 978-81-237-9374-0

**ચમકદાર ગુફા**

The Crystal Cave

અરૂપ કુમાર દત્ત અનુવાદ : શિલ્પા દેસાઈ ચિત્ર : પુલક વિશ્વાસ પૃ. 32 રૂ.55.00

અરુણાચલ પ્રદેશની પૃષ્ઠભૂમિ પર નોકેટે જાતિનાં બાળકો થેનાયક અને ચાંગની સાહસકથા આ પુસ્તકમાં આલેખાઈ છે. તેઓએ તેમની કામલોન્ગ દાદી પાસેથી મીઠું પકવતા વહેળાની વાત સાંભળી તે પછી છોકરાંના આ પરાક્રમથી નામલોકો દંગ રહી ગયા. સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9442-6

**ચાની ચોરી**

Story About Tea

અરૂપકુમાર દત્ત અનુવાદ : વિજયગુપ્ત મૌર્ય પૃ. 64 રૂ. 8.00

ભારતના ચાના બગીચાઓમાં થતી ચાની ખેતી, ત્યાંનું પર્યાવરણ, ચાની શોધ, ઉપયોગિતા વગેરે વિશે માહિતી આ પુસ્તકમાં રોચક કથા રૂપે આપવામાં આવી છે.

ISBN 81-237-0549-2

**ચાલો પ્રાણીબાગમાં**

A Visit to the Zoo

સનત સુરતી પૃ. 16 રૂ. 9.00

બે બાળકો તેમના પિતા સાથે પ્રાણી-સંગ્રહાલયની મુલાકાતે જાય છે. ત્યાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ જુએ છે, રમે છે, ગેલ-ગમ્મત કરે છે. રંગીન ચિત્રવાર્તા.

ISBN 81-237-7302-5

**ચિકા-ચિક-ચિક !**

Chika-Chik-Chik !

જયંતિ મનોકરન અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : જયંતિ મનોકરન પૃ. 24 રૂ.40.00

માંદગીથી કંટાળેલી શાંતિ નામની છોકરીને રાજ તરફથી ભેટમાં કેલિડોસ્કોપ મળે છે. કેલિડોસ્કોપમાં જોવાથી શાંતિનું મન બદલાઈ જાય છે અને તે ઠીકથી દવા લેવા લાગે છે ને જલ્દી સાજી થઇ જાય છે.

ISBN 978-81-237-9460-0

**ચુગ નામે ખિસકોલી**

Choogh the Squirrel

બિટ્ટી મીઠલ અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ.32 રૂ.70.00

બોર્ડિંગ સ્કૂલના દિવસોમાં લેખકને ખિસકોલીનું એક બચ્ચું મળે છે એને તે પાળે છે. અને તેનું 'ચુગ' નામ રાખે છે. ખિસકોલીને પાળવા વિશેની મજેદાર વાર્તા. ચિત્રો સરસ છે

ISBN 978-81-237-9461-7

**ચુનમુન આઝાદ છે**
Chunmum Aazad Hai
કમલેશ મોહિન્દ્ર અનુવાદ : ભાગ્યેન્દ્ર પટેલ ચિત્ર : આશિષ સેનગુપ્તા પૃ. 16 રૂ.40.00
સુમી નામની નાની છોકરી એના મમ્મી અને ભાઈ રવિની મદદથી એક ઈજાગ્રસ્ત ચકલીની સંભાળ કેવી રીતે લે છે... સુંદર ચિત્રો સહિત સરસ વાર્તા. ISBN 978-81-237-9462-4

**ચુંબકીય ઉત્તર ધ્રુવની મારી યાત્રા**
My Journey to North Pole
પ્રીતિ સેનગુપ્તા પૃ. 56 રૂ. 9.00
આ પુસ્તકમાં વિશ્વપ્રવાસી લેખિકા પ્રીતિ સેનગુપ્તાએ ચુંબકીય ઉત્તર ધ્રુવની તેમની રોમાંચક પ્રવાસયાત્રાના જાતઅનુભવોનું વર્ણન કર્યું છે. સુંદર તસવીરોથી સુશોભિત આ પુસ્તક ઉત્તર ધ્રુવ પ્રદેશના જીવનનો નિકટથી ખ્યાલ આપે છે. ISBN 81-237-3257-0

**14 ઉંદરોએ ઘર બદલ્યું**
14 Mica Move House
કાઝૂઓ ઈવામુરા
અનુવાદ : વર્ષા દાસ પૃ. 32 રૂ. 11.00
મા, બાપુ, દાદા, દાદી અને દસ ભાઈ-બહેનો એમ કુલ ચૌદ ઉંદરોના પરિવારની કથા અત્યંત સુંદર ચિત્રો દ્વારા રજૂ કરવામાં આવી છે. મૂળ પુસ્તક જાપાનનું છે.
ISBN 81-237-0056-3

**છ બાલ-નાટકો**
Chha Bal-Natako
સંપાદક : પ્રાગજી ડોસા
અનુવાદ : અજીત નૈનાન મેથ્યુ પૃ. 56 રૂ. 30.00
આ પુસ્તકમાં ગુજરાતી સાહિત્યના જાણીતા નાટ્યકારો દ્વારા લખાયેલાં છ બાળ નાટકો સંકલિત છે. વિવિધ વિષયોનાં આ નાટકો બાળકો ભજવી શકે એવી સરળ શૈલીમાં આલેખાયાં છે. ISBN 81-237-4241-0

**છોટુની મુસીબત**
Chhotu's Misadventures
કુમકુમ સોમાની
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : દુર્ગાદત્ત પાંડેય પૃ. 24 રૂ.55.00
નિશાળે જવામાં છોટુને મોડું થઇ ગયું તે પછી એને રસ્તામાં અનેક મુસીબતો નડી. એંટલું જ નહી શાળામાં આચાર્ય પણ ખિજાયા કેમકે તેનો વર્ગ પિકનિક માટે રવાના થઇ ગયો હતો. આ પુસ્તક સમયનું મૂલ્ય સમજવાની શિખામણ આપે છે. ISBN 978-81-237-9436-5

**જગતને પલટાવનારી શોધો (ભાગ-1)**

Inventions That Changed World Part-I
મીર નજાબત અલી

અનુવાદ : નાનાલાલ વસા વ્યંગ ચિત્રકાર : અહમદ પૃ. 64 રૂ. 9.00

મનુષ્યની મોટામાં મોટી શોધ પૈંડાથી માંડીને પ્રિન્ટીંગ મશીન સુધીની શોધો વિશેનો સંક્ષિપ્ત ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. ISBN 81-237-2088-2

**જલિયાંવાલા બાગ**

Jalianwala Baug

ભીષ્મ સાહની અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 28 રૂ. 35.00

13મી એપ્રિલ 1919ના દિને અમૃતસરમાં આવેલા જલિયાંવાલા બાગમાં હજારો નિર્દોષ લોકો અંગ્રેજોની બંદૂકોથી ઠાર થયા હતા. આ હત્યાકાંડ કેવી રીતે થયો અને આપણા સ્વતંત્રતા આંદોલનના ઇતિહાસમાં એનું શું મહત્ત્વ છે તેની કહાણી આ પુસ્તકમાં આલેખાઈ છે.

ISBN 81-237-0909-3

**જવાહરલાલ નહેરુ**

Jawaharlal Nehru

તારા અલી બેગ અનુવાદ : સૂર્યકાન્ત દવે પૃ. 64 રૂ. 35.

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના જીવન-સંસ્મરણોનું આલેખન આ પુસ્તકમાં છે. જવાહરલાલ નહેરુના જન્મથી માંડીને તેમના બાળપણ, યુવાવસ્થા, ભણતર તેમ જ રાજકીય પ્રવૃત્તિકાળના યાદગાર પ્રસંગોનું વર્ણન ટૂંકમાં હોવા છતાં સુંદર તસવીરોથી પુસ્તક વિશેષ માહિતીપ્રદ બન્યું છે. ISBN 81-237-1230-7

**જળ**

Water

રામ અનુવાદ : કલ્પના પાલખીવાલા પૃ. 64 રૂ. 9.00

પૃથ્વી પરનું જીવન ટકાવી રાખવા માટે જળ જરૂરી છે. આ પુસ્તકમાં જળ સંબંધી વિવિધ બાબતો વિશે જ્ઞાનવર્ધક માહિતી સચિત્ર આપવામાં આવી છે. ISBN 81-237-1471-8

**જળચરોની અદ્ભુત દુનિયા**

Wonder World Under Water

બ.ફ. છાપગર અનુવાદ : નરેશ માંકડ પૃ. 64 રૂ. 11.50

પાણીમાં રહેનારાં જીવ-જંતુઓ વિશેની માહિતી સચિત્ર આપવામાં આવી છે. એકકોષી જીવોથી માંડીને વિવિધ જાતની માછલીઓ, દેડકા, કાચબા, સમુદ્રી સાપ વગેરે જળચરો વિષયક આ પુસ્તક સમુદ્રના તળિયે અસ્તિત્વ ધરાવતા અદ્ભુત જીવનનો ખ્યાલ આપે છે.

ISBN 81-237-1748-2

**જંગલનો રખેવાળ પરાક્રમી ચંદ્રન**

Adventures of the Wildlife Warden

ઈ. આર. સી. દવીદાર અનુવાદ : ઉષા મલજી ચિત્રકાર : શેખર પૃ. 64 રૂ. 8.50

આ પુસ્તકમાં જંગલી પ્રાણીઓની જીવનપ્રણાલી અને સાહસિકતા કથા જીવંત સ્વરૂપે રજૂ થઈ છે. જંગલ અને પ્રાણીઓ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે.

ISBN 81-237-0792-4

**જંગલમાં અવાજ**

A Voice in the Jungle

જગદીશ જોષી અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 40.00

સુંદર રંગીન ચિત્રો થકી ચિત્રકલા ઘણી જ મનોહર બની છે. જંગલનું દૃશ્ય જીવંત લાગે છે અને જંગલ જીવનની ઝાંખી ઓછાં ચિત્રોમાં હોવા છતાં વિસ્તારથી સમજાય છે.

ISBN 978-81-237-8765-7

**જંગલમાં તળાવ**

A Pool in the Jungle

ઉમા આનંદ

અનુવાદ : નટવરલાલ વ્યાસ ચિત્રકાર : અમીના જ્યાલ પૃ. 32 રૂ. 40.00

જંગલમાં રહેતાં પશુ-પંખીઓ તેમ જ પાણીમાં રહેનારાં જીવ-જંતુઓને માત્ર બનાવી બાળકોને ઉત્સુકતા પ્રેરતી વાર્તા આ પુસ્તકમાં આલેખાઈ છે. રંગીન ચિત્રો ખૂબ આકર્ષક છે.

ISBN 978-81-237-1211-6

**જંગલમાં મંગલ**

Banot Rongoro Mela

શાંતનું તામુલી

અનુવાદ : તૃષા જાની રાવલ ચિત્ર : દુર્લભ ભટ્ટાચાર્ય પૃ. 24 રૂ. 55.00

કાઝીરંગા ઘનઘોર જંગલ નજીક એક ગામમાં રહેતા મુનુને જંગલમાંથી એક શિંગડું મળ્યું. મુનુના પિતાએ શીગડામાંથી એક વાજું બનાવી આપ્યું. પછી શું થયું એ જાણવા આ સચિત્ર પુસ્તક વાંચવું જ રહયું.

ISBN 978-81-237-9454-9

**જાદૂગર**

The Magician

વિશાખા અનુવાદ : વર્ષા દાસ પૃ. 32 રૂ. 6.00

જાદૂગરના આવવાથી બાળકો ખુશખુશાલ થઈ જાય છે. જાદુગર જાતજાતના ખેલ કરે છે અને બાળકોને નવાઈ પમાડે છે. ચિત્રો રમૂજી શૈલીનાં છે.

**જ્યારે તમે મળો અભિવાદન કરો**

Greet When You Meet

શ્યામલા એસ.

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : અતનુ રોય પૃ. 16 રૂ. 40.00

જીવજંતુથી માંડી ને મનુષ્ય સુધીના જીવ સામસામે મળે ત્યારે શી રીતે અભિવાદન કરે છે એ ચિત્રો સાથે સંક્ષેપમાં વર્ણવાયું છે. જ્ઞાનપ્રદ પુસ્તક. ISBN 978-81-237-9485-3

**જીરો મીથે**

Ziro Mithe

અન્વિતા અબ્બી

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : અતનુ રોય પૃ. 16 રૂ.50.00

જીરો નામના બાળકને સમુન્દ્રમાં શિકાર કરવા જતાં 'બોલ' નામે ઓળખાતી વિકરાળ માછલી જીવતો ગળી જાય છે અને પછી જીરોને કેવી રીતે ઉગારી લેવાયો એની રોમાંચક સાહસ કથા.

ISBN 978-81-237-9452-5

**જીવંત અજાયબઘર**

Jinda Ajayabghar

વિનાયક અનુવાદક : અમિત મ. જોશી ચિત્ર : અતુલ વર્ધન પૃ. 36 રૂ. 75.00

જંગલમાં વરુ અને કૂતરાની ટોળકી વચ્ચે શિકારના મુદ્દે લડાઈ થયા પછી સમાધાન થતાં તેઓની શિકારી પ્રવૃત્તિમાં હૃદયપરિવર્તન થાય છે. એ પછી જંગલનાં બધાં પ્રાણીઓ મળીને જિરાફ પરિવારનો બચાવ કરવા પ્રયત્ન કરે છે. સંવેદનશીલ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9376-4

**જોરાસાંકો ઘર**

Jodasanko House

લીલા મજમુદાર અનુવાદ : ઉષા સટ્ટાવાલા પૃ. 64 રૂ. 5.00

કવિવર રવિન્દ્રનાથ ટાગોરના બાળપણના પ્રસંગોનું આલેખન છે. ટાગોરનું બાળપણ જ્યાં વીત્યું એ સ્થળ જોરાસંકોના ઘરનાં સંસ્મરણોની વાતો છે. ટાગોરના ઘર તેમ જ તેમના કુટુંબીજનોની તસવીરો પુસ્તકનું વિશેષ આકર્ષણ છે.

**ઝાંસીની રાણીની વાર્તા**

The Story of Rani of Zansi

સંધ્યા રાવ

અનુવાદ : સલોની ગાંધી ચિત્રકાર : રેજિનાલ્ડ ગોવેઝ પૃ. 16 રૂ. 25.00

રાણી લક્ષ્મીબાઈના જીવનની પ્રેરણાદાયક વાર્તા. વાંચતાની સાથે બાળકો રોમાંચ અનુભવશે. ચિત્રોમાં રંગ પૂરવામાંય બાળકોને મઝા પડશે. ISBN 978-81-237-4523-7

**ઝાડ એટલે શું ?**

What's a Tree ?

માર્તી

અનુવાદ : વર્ષા દાસ   ચિત્રકાર : પ્રણબ ચક્રવર્તી   પૃ. 24   રૂ. 7.50

માણસ માટે તથા પશુ-પંખીઓ માટે ઝાડ કેવું અને કેટલું ઉપયોગી છે તેની સચિત્ર રજૂઆત. ચિત્રો સુંદર છે.

ISBN 81-237-0569-7

**ટપાલટિકિટોની રોમાંચક કથા**

Romance of Postage Stamps

એસ. પી. ચેટરજી

અનુવાદ : કીર્તિકાંત શેઠ   પૃ. 64   રૂ. 3.00

ટપાલટિકિટો કેવી રીતે અસ્તિત્વમાં આવી, તેનું શું મહત્ત્વ છે અને શી વિશેષતાઓ છે તેના ઇતિહાસનું રસપ્રદ આલેખન છે. ટપાલટિકિટ-સંગ્રહના રસિયાઓ માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે.

ISBN 81-237-2709-7

**ટિફિન વૃક્ષ**

The Tiffin Tree

મેરી એન દાસગુપ્તા

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : અબીરા બંધોપાધ્યાય   પૃ. 20   રૂ. 60.00

આસામમાં એક નાના શહેરમાં રહેતાં રીટા અને દીપુ તેમના પિતાની બદલી કોલકાતામાં થઈ જતાં તેમને ઘરની બારીમાંથી ઊંચાં મકાનો, ઇમારતો, છતો ને દીવાલો જ જોવા મળતાં હતાં. તેઓ પક્ષીઓનો કલરવ અને લીલાં વૃક્ષોનો ખાલીપો અનુભવી રહ્યાં હતાં. તેઓ આવા વાતાવરણમાં શી રીતે ગોઠવાયાં એ જાણવા વાંચો આ સચિત્ર વાર્તા-પુસ્તક.

ISBN 978-81-237-9536-2

**તાનસેન**

Tansen

અશોક દાવર   અનુવાદ : કાદંબિની દવે   પૃ. 40   રૂ. 45.00

અકબરના દરબારનાં નવ કલાકારોમાં તાનસેન પણ હતો. તાનસેનના સંગીતની શક્તિનું વર્ણન કરતી ઘણી કથાઓ પ્રચલિત છે. આ પુસ્તકમાં સંગીત સમ્રાટ તાનસેનના જીવનની સંક્ષિપ્ત કથા આપવામાં આવી છે.

ISBN 978-81-237-2710-3

**તીલી-પતંગિયું**

Tily the Butterfly

રમેશ બક્ષી  અનુવાદ : વનમાળા દેસાઈ  પૃ. 32  રૂ. 40.00

તિલી નામના પતંગિયા અને લીલી નામની એક બાળકીની મઝાની વાર્તા છે. સુંદર ચિત્રોવાળી મનોહર વાર્તા. ISBN 978-81-237-4064-5

**તૂટેલી પાંખ અને બીજી એશિયાઈ વાર્તાઓ**

Brocen Wings and Other Asian Tales

બલિંદર ધનોઆ

અનુવાદ : કુમુદ શાહ  ચિત્રકાર : પોલીન ધનોઆ  પૃ. 40  રૂ. 45.00

કોરિયાની તથા જાપાનની પરીકથાઓ અને ફિલિપાઈનની, ચીનની તેમ જ શ્રીલંકાની લોકકથાઓ રસપ્રદ શૈલીમાં રજૂ કરવામાં આવી છે. ISBN 978-81-237-6567-9

**તેર સરસ વાર્તાઓ**

The Best Thirteen

અનુવાદ : પુષ્પા ક. શાહ  ચિત્રકાર : મિકી પટેલ  પૃ. 110  રૂ. 75.00

ભારતીય ભાષાઓની તેર ઉત્તમ વાર્તાઓ આ પુસ્તકમાં સંકલિત છે. રમૂજ પ્રેરક ચિત્રો ઘણાં સુંદર છે. ISBN 81-237-1308-3

**તૈયાર રહો**

Be Prepared

ઉષા આનંદ

અનુવાદ : ગીતાંજલિ પરીખ  ચિત્રકાર : વૈજ્યંતી રાનડે  પૃ. 64  રૂ. 00.00

નવીન અને કપિલ નામના બે છોકરાઓ તેમના અન્ય બાળદોસ્તો સાથે સિમલા સ્કાઉટ શિબિરમાં જાય છે. શિબિર દરમિયાન તેઓ કેવાં કેવાં સાહસો અને સેવાકાર્યો કરે છે તેની સચિત્ર રોમાંચક કથા.

**'તૃષ્ણા'ની દરિયાઈ સફર**

The Voyage of 'Trishna'

ટી. પી.એસ. ચૌધરી  અનુવાદ : જીતેન્દ્ર દેસાઈ  પૃ : 80  રૂ : 60.00

દસ ભારતીયોએ પંદર મહિના અને બાર દિવસમાં શઢવાળી હોડીમાં પંચાવન હજાર કિલોમીટરની પૃથ્વીની પ્રદક્ષિણા કરતી દરિયાઈ સફર કરી હતી. આ પૃથ્વીની પ્રદક્ષિણા કરનારું ભારતનું સૌથી પહેલું દરિયાઈ સાહસ હતું. દરિયાઈ સફરનું સંપૂર્ણ વર્ણન. ISBN 978-81-237-9581-2

**થોર**

The Cactus

રામેન્દ્ર કુમાર

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : દેવવ્રત ઘોષ પૃ. 24 રૂ. 55.00

આ પુસ્તકમાં એક થોરની વાર્તા છે. બગીચામાં સુંદર ફૂલોની વચ્ચે એ કદરૂપો થોર ઊગેલો હતો. દેખાવમાં બેડોળ હોવાથી એની સાથે કોઈપણ ફૂલ વાત નથી કરતું. એકવાર દુકાળના સમયે એ થોર કેવી રીતે બધા ફૂલોને જીવતદાન આપ્યું એની સરસ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9499-0

**દરિયાકાંઠે એક ગામ**

A Village By the Sea

અનિતા દેસાઈ અનુવાદ : ભાલ મલજી ચિત્રઃ મિકી પટેલ પૃ. 160 રૂ. 65.00

દરિયાકાંઠે આવેલ ગામડાનાં ભાઈ-બહેન હરિ તથા લીલાના બાલ્ય-કિશોરકાળના જીવન સંઘર્ષની કહાણી ખૂબ જ સંવેદનાપૂર્વક અને મર્મસ્પર્શી છે. સત્યઘટના પર આધારિત આ પુસ્તકમાં ભારતીય ગ્રામ્ય જીવનનું વાસ્તવિક ચિત્ર આલેખાયું છે.

ISBN 978-81-237-1698-5

**દાદી ગૂંવે છે ઝટપટ**

Granny Knits...

યુરે ઓર્લને

અનુવાદ : વર્ષા દાસ ચિત્રકાર : ઓરા ઐટાન પૃ. 44 રૂ. 16.00

આ પુસ્તકમાં ઊન ને સોયા લઈ શહેરમાં જઈને મનગમતી દુનિયા ગૂંથતાં દાદીમાને સમાજના કેવા કેવા સંઘર્ષો વેઠવા પડે છે એની માર્મિક કથા રજૂ થઈ છે. આ પુસ્તક મૂળ હિબ્રૂ ભાષા (ઇઝરાયલ)નું છે.

ISBN 81-237-2945-6

**દાદીની દાદી**

Dadi ki Dadi

અખિલેશ શ્રીવાસ્તવ 'ચમન'

અનુવાદ : અનિતા તન્ના ચિત્ર : સૌમ્યા શુક્લા પૃ. 32 રૂ. 55.00

એકતા નામની બાળકી તેની દાદી સાથે કૂતુહલવશ જાતજાતની ગમ્મત કરે છે. એનાથી ઘરમાં ગડબડ ગોટાળો અને નાનીનાની તકલીફ પણ થાય છે. એકતા હોંશિયાર પણ ખૂબ છે. મોટી થતાં તેની સમજણ વધતાં તે ઘણાં સારાં કામ કરે છે અને દાદીની ય દાદી સાબિત થાય છે.

ISBN 978-81-237-9445-7

**દાદીમા ફરવા નીકળ્યાં**
Granny's Day Out
દેબાશિષ મજુમદાર
અનુવાદ : આશિષ મહેતા ચિત્ર : રત્નાકર સિંહ પૃ. 16 રૂ.40.00
ઘરડાં દાદીમા ઘરમાં એકલાં રહી ગયા અને તેમને બહાર ફરવા જવાનું મન થયું. સાહસિક દાદીમાને ઘરમાં અને બહાર કેવાં કેવાં રોમાંચક તોફાની અનુભવો થયા તેમ જ અકસ્માતોનો સામનો કરવો પડ્યો તેની સચિત્ર મજાની વાર્તા. ISBN 978-81-237-9470-9

**દિવાળી**
Diwali
રવિ પરાંજપે પૃ. 12 રૂ. 8.00
હિંદુઓના પ્રિય તહેવાર દિવાળી અને તેની સાથેના અન્ય તહેવારોની રંગબેરંગી રજૂઆત ચિત્રો માધ્યમે કરવામાં આવી છે.

**નાનકડા સૂરજ**
Little Sunshine
જસવંત સિંહ વીરદી
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : રત્નાકર સિંહ પૃ. 16 રૂ. 40.00
બગીચાની સુન્દર સવારનું વર્ણન કરતું રંગબેરંગી પુસ્તક. પાંદડાં અને ફૂલો પર પડેલા ઝાકળમાં જોવા મળતાં સૂર્યનાં મોતી જેવાં ચમકદાર અને જાદુઈ પ્રતિબિંબ વિશે સરસ વર્ણન. સુન્દર ચિત્રો સાથે મજાની વાર્તા. ISBN 978-81-237-9441-9

**નાનકડો જાડિયો લોટો**
Chhota Sa Mouta Sa Lota
સુબીર શુક્લા
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : મીનૂ સરીન પૃ. 16 રૂ.40.00
એક નાનકડા જાડિયા લોટાની વાર્તા શબ્દોની રમતિયાળ શૈલીમાં આલેખાઈ છે. જાડિયો લોટો એક ઊંચા થાંભલા પર જઈ બેઠો અને પછી કેવી રીતે પટકાયો ને આગળ શું થયું તે જાણવા વાંચો આ મજાની રમુજી ચિત્રવાર્તા. ISBN 978-81-237-9507-2

**નાનકી**
Chhutki
રેનૂ ચૌહાન
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 12 રૂ. 30.00
એક કાતરની મજેદાર વાર્તા છે. નાનકી નામની કાતર એક દરજીને, એક માફીને અને છેલ્લે એક બાફકીને મદદ કરે છે. સરસ વાર્તા. ISBN 978-81-237-9276-7

**નાનકડાં ડોશીમા**

Little Old Woman

માર્ગરિટ ભટ્ટી

અનુવાદ : વર્ષા દાસ    ચિત્રકાર : દેબબ્રત સરકાર    પૃ. 32    રૂ.40.00

નાનકડાં ડોસાજી અને ડોશીમાની રમૂજી વાર્તા. ડોસાજી ઘેટાં ખરીદવા માટે તળેટીમાં જાય છે ત્યારે રસ્તે સંકટ પડે છે, છતાં ડોસાજી કેવી રીતે ઉગરી જાય છે તેની રસપ્રદ કથા છે. ચિત્રો બહુ સુંદર છે.

ISBN 978-81-237-3706-5

**નાનકા હાથીને જન્મદિવસે મળી શ્રેષ્ઠ ભેટ**

Little Elephant Throws A Party

મીનાક્ષી અને તન્મય ભારત

અનુવાદ : રીતિ શાહ    ચિત્ર : દેબબ્રત ઘોષ    પૃ. 20    રૂ.50.00

એક નાનકડા હાથીને જંગલમાં પોતાના મિલનસાર અને ખુશખુશાલ સ્વભાવ પ્રમાણેનાં પ્રાણીઓ નથી મળતાં. જંગલનાં પ્રાણીઓને લડતાં રહેતાં જોઈને તેને દુ:ખ થાય છે. તે પોતાને ત્યાં મિજબાની રાખીને બધાને નોત્રે છે અને ત્યાં કાયમ હરીફાઈમાં રહેતા સસલા અને કાચબા વચ્ચે દોસ્તી બંધાતાં જોઈ એને પોતાને મળેલી શ્રેષ્ઠ ભેટ માને છે.

ISBN 978-81-237-9471-6

**નાની પાસેથી મળ્યો સરસ બોધપાઠ**

A Lesson From Grandma

દેબાશિષ મજુમદાર  અનુવાદ : રીતિ શાહ  ચિત્ર : અલય ઘોષાલ    પૃ. 16    રૂ. 40.00

અનિતા અને નિશા નાતે બે મસિયાઈ બહેનોની આ વાર્તા છે. તેઓ પોતપોતાની વિશિષ્ટ પ્રતિભા માટે ગર્વ ધરાવે છે અને જાણ્યે અજાણ્યે એકબીજાની ઈર્ષ્યા કરે છે. નાનીમા બંને દોહિત્રીને ઈર્ષાને બદલે પ્રેમ રાખવા યુક્તિપૂર્વક બોધ આપે છે.

ISBN 978-81-237-9308-5

**નીર**

Water

ક્રિસ્ટોફર ચેન્ગ

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : સુસન્ના ગોહો-ક્વેક    પૃ. 32    રૂ. 85.00

આ ચિત્ર-પુસ્તકમાં કવિતા શૈલીમાં 'જળ એ જ જીવન છે' સંદેશ બોધ આલેખન શૈલીમાં અપાયો છે.

ISBN 978-81-237-9508-9

**પક્ષી જગત**

Watching Birds

જમાલ આરા　　　　અનુવાદ : વિજયગુપ્ત મૌર્ય　　પૃ. 64　　રૂ. 35.00

આપણા દેશનાં વિવિધ પક્ષીઓની માહિતી તેમના માળાઓ, ઈંડા, તેમના ઋતુપ્રવાસ, શરીરના ભાગો, ખોરાક અને તેમની ઓળખની નિશાનીઓ સહિત આપવામાં આવી છે. પક્ષીપ્રેમીઓ માટેનું ઉપયોગી પુસ્તક. ISBN 81-237-6663-8

**પપ્પુની મુંઝવણ**

Pappu's Problem

શશી પ્રભા દાસ

અનુવાદ : ઈશ્વર પરમાર　　ચિત્ર : ઉત્પલ તાલુકદાર　　પૃ. 44　　રૂ.45.00

આ પુસ્તક ધ્વનિ પ્રદુષણ સમસ્યા વિશે છે. બાળક પપ્પુ હોર્નથી માંડીને ઘરના ડોરબેલ સુધીનાં યંત્રો જે મોટા અવાજને કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાવે છે એનાથી મનોમન મુંઝાય છે. પછી તે આ વિશે મોટેરાંનું પણ ધ્યાન દોરે છે. રેખાચિત્રો સાથેનું પુસ્તક. ISBN 978-81- 237-9518-8

**પરદેશી પ્રવાસીની નજરે ભારત**

As They Saw India

કે. સી. ખન્ના　　અનુવાદ : રમણલાલ સોની　　પૃ. 64　　રૂ. 6.50

હજારો વર્ષ પહેલાં આપણા દેશમાં આવી ગયેલા પરદેશી પ્રવાસીઓ મેગેસ્થનિસ, ફાહિયાન અને હ્યુઆન ત્સાંગ તથા અલ-બરુની વગેરેએ ભારત વિશે તેમનાં પ્રવાસની નોંધો લખી હતી. તેની સચિત્ર માહિતી આપવામાં આવી છે.

**પરીઓની રમત**

The Sun Fairies

સ્વપ્ના દત્તા

અનુવાદ : હરીશ નાયક　ચિત્રકાર : ગીતા વઢેરા　　પૃ. 24　　રૂ. 35.00

સૂરજદાદા સાથે રહેતી પરીઓ અવનવી રમતો રમતી હતી. એકવાર તેમણે રમત રમતમાં એક નવી જ વસ્તુ બનાવી નાખી અને પછી તો મજા જ મજા પડી ગઈ. રંગબેરંગી ચિત્રોવાળી આ નાનકડી પુસ્તિકા સૌને ગમી જાય એવી વાર્તા રજૂ કરે છે.

ISBN 978-81- 237-3163-6

**પંચાતનાં પોટલાં**

Tale of Tails

એમ. સી. ગેબ્રિયલ

અનુવાદ : વર્ષા દાસ  ચિત્રકાર : જ્યોતિષ દત્ત ગુપ્ત  પૃ. 32  રૂ. 7.50

એક ઉંદરડીની વાર્તા. લાંબી પૂંછડીને કારણે તેને સુવિધા મળે છે, મઝા પડે છે; પરંતુ એ જ પૂંછડીને કારણે તેને ઘણા સંઘર્ષો પણ કરવા પડે છે. એક વાર પૂંછડી તૂટી જતાં, ઉંદરડી દુઃખી થઈ જાય છે, પરંતુ તેને પૂંછડી કઈ રીતે પાછી મળે છે તેની મનોરંજક વાર્તા.

**પુસ્તકોની અવનવી દુનિયા**

The Wonder World of Books

સેમ્યુઅલ ઇઝરાયલ  અનુવાદ : જિતેન્દ્ર દેસાઈ  પૃ. 64  રૂ. 5.00

પુસ્તકોના નિર્માણમાં કઈ કઈ ચીજોનો ઉપયોગ થાય છે અને તે કેવી રીતે તૈયાર થાય છે તે વિશે પુસ્તકોના ઇતિહાસથી માંડીને પુસ્તકાલય સુધીની માહિતી આપવામાં આવી છે. પુસ્તકની મુદ્રણ પદ્ધતિ પણ સમજાવવામાં આવી છે.

**પુન્ટીનો વિવાહ**

Punti's Wedding

દીપન્વિતા રોય  અનુવાદ : અમિત મ. જોશી  ચિત્ર : દેવવ્રત ઘોષ  પૃ. 20  રૂ. 60.00

પુંટી નામની માછલીના વિવાહની તૈયારી થાય છે અને બીજી બાજુ એ પોતાનાં સાથી માછલાંઓ સાથે રહે છે ત્યાં લોકો તળાવની પાળને સિમેન્ટથી બાંધી દેવાની વાતો કરે છે. ગામનાં બાળકોને માછલીઓ નહિ દેખાવાથી તેઓ કારણ શોધી કાઢીને માછલીઓના વહારે આવે છે. જળજીવનની જાળવણી સમજાવતી સરસ પર્યાવરણ વાર્તા.

ISBN 978-81-237-9465-5

**પૂંછડીઓ**

Tails

હાઈડ્રોસ આલુવા  અનુવાદ : વર્ષા દાસ  ચિત્રો : અતનુ રામ  પૃ. 24  રૂ. 8.50

વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, અન્ય જીવ-જંતુઓની પૂંછડીઓની માહિતી સુંદર ચિત્રો સહિત આપવામાં આવી છે. પૂંછડીઓ તેમને કઈ રીતે ઉપયોગી છે તેની રસપ્રદ વિગતો આપવામાં આવી છે.

ISBN 81-237-0280-X

**પ્રદૂષણ**

Polution

એન શેષગિરિ અનુવાદ : નારણભાઈ પટેલ પૃ. 64 રૂ. 8.50

આજના અતિ આધુનિક યાંત્રિક યુગમાં પ્રદૂષણનો પ્રશ્ન પર્યાવરણ માટે જોખમી સમસ્યા બની ગયો છે. પ્રદૂષણનાં ઉદ્ભવસ્થાનો અને તેની ભયાનકતાનો નિર્દેશ કરીને આ સમસ્યાના નિવારણ માટે આ પુસ્તક સજાગ થવાની હાકલ કરે છે.

**પ્રેમનું બંધન**

A Bond of Love

પુષ્પા સક્સેના અનુવાદ : સોનલ પરીખ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 16 રૂ. 40.00

નાના મોહનને તેના દાદા બહુ ગમે છે. એકવાર દાદા આંબાનો છોડ રોપે છે જે મોહનની સાથે સાથે મોટો થઈને ફળદાર ઝાડ બને છે. દાદાના અવસાન પછી મોહન આંબામાં દાદાની સ્મૃતિ જુએ છે. પ્રેમના બંધનની માર્મિક વાર્તા. ISBN 978-81-237-9439-6

**પોતાનું ગીત**

Apna Geet

ન. ગેસ્સે, જદુનાઈસ્કાયા

અનુવાદ : અરુણિકા દરૂ ચિત્ર : ક. અવચોન્નિકવા પૃ. 16 રૂ. 35.00

આ પુસ્તકમાં ત્રણ રશિયન લોકકથાઓ આપવામાં આવી છે. પહેલી વાર્તા પોતાના ઘર વિશે, બીજી વાર્તા પોતાના ગીત અને ત્રીજી વાર્તા પોતાની લડાઈ વિશે છે. રશિયન ચિત્રકારે દોરેલાં ચિત્રો સાથે આ વાર્તાઓ સરસ રીતે કહેવાઈ છે. ISBN 978-81-237-9496-9

**ફરીથી ફૂલ ખીલી ઊઠ્યાં**

Fir Khil Gaye Phool

કુસુમલતા સિંહ અનુ. : રીતિ શાહ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 16 રૂ. 40.00

જંગલમાં સુંદર ખીલેલાં પીળાં ફૂલો એક ચોર ચોરી ગયો. તેણે બધાં ફૂલ કોથળામાં ભરી દીધાં અને પછી એ ફૂલોનો કોથળો પીઠ પર લાદીને નીકળ્યો. એક લક્કડખોદે તેની ચાંચથી કોથળામાં કાણું પાડી દીધું અને બધાં ફૂલ વેરાવા લાગ્યાં. પછી શું થયું તે જાણવા વાંચો મજાની વાર્તા.

ISBN 978-81-237-9285-9

**ફિલ્મ કેવી રીતે બને છે ?**

How Films are Made?

ખ્વાજા અહમદ અબ્બાસ અનુવાદ : સરલા જગમોહન પૃ. 64 રૂ. 6.00

ફિલ્મનું નિર્માણ કઈ રીતે થાય છે તેની વિગતવાર માહિતી તસ્વીરો સહિત આપવામાં આવી છે. ફિલ્મ રસિયાઓ માટેનું ઘણું ઉપયોગી પુસ્તક.

**ફૂ-કુ**

Fu-Ku : An Alien

જગદીશ જોશી

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ. 24 રૂ. 55.00

બીજા ગ્રહનો એક પ્રવાસી ફૂ કુ એક્વાર થોડા સમય માટે તેના અવકાશયાનથી પૃથ્વી પર ઉતરે છે. અહીં તેની મુલાકાત એક ચકલી સાથે થાય છે.તેને ચકલી પાસેથી પૃથ્વી વિશે માહિતી મળે છે. સુન્દર ચિત્રો સાથે માર્મિક વાર્તા. ISBN 978-81-237-9506-5

**ફુગ્ગો**

The Balloon

ડી. ટી. પાડેકર પૃ. 16 રૂ. 30.00

ફુગ્ગાના સહારે આકાશમાં ઊડવાની મઝા માણતા બાળકના સપનાની કથા ચિત્રો દ્વારા આપવામાં આવી છે. સુંદર ચિત્રોવાળું ખૂબ જ મનોહર પુસ્તક.

ISBN 978-81-237-2708-0

**ફૂલ અને મધમાખી**

The Flower and the Bee

અશોક દાવર અનુવાદ : વર્ષા દાસ પૃ. 28 રૂ. 6.00

એક મધમાખી ફૂલનો રસ ચૂંસવા જતા ફૂલની અંદર ફસાઈ જાય છે, અંતે મુક્ત થાય છે એની સચિત્ર કથા આલેખાઈ છે.

**ફ્લેટ ભાડે આપવાનો છે**

A Flat for Rent

લીહ ગોલ્ડબર્ગ અનુવાદ : મંજરી મેઘાણી પૃ. 24 રૂ. 45.00

શહેરથી થોડે દૂર આવેલા બહુમાળી મકાનમાં એક ફ્લેટ ખાલી પડ્યો છે. જેમાં રહેવા માટે અનેક જણ ફ્લેટ જોવા આવે છે. અંતે ફ્લેટ કોણે ભાડે લઈ લીધો એ જાણવા આ રસપ્રદ સચિત્ર પુસ્તક વાંચવું જ રહ્યું. ISBN 978-81-237-4090-4

**બકાને મળ્યો બોધપાઠ**

Bukka Learn's A Lession

દીપન્વિતા રોય

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : દેબવ્રત ઘોષ પૃ. 20 રૂ. 50.00

ગાઢ જંગલમાં હાથીઓના ઝુંડમાં રહેતા બકા નામના મદનિયાને પોતે મોટો થઈને ટોળાનો સરદાર બનવાનો છે એવો ખ્યાલ આવતાં તોફાન કરવાનું સૂઝે છે અને તે વડીલોની શિખામણ અવગણીને બીજા જીવજંતુને કનડગત કરે છે. ISBN 978-81-237-9537-9

**બબલુની બહાદુરી**

Bablu Kee Veerta

નિર્ભયકુમાર

અનુવાદ : જ્યોતિ એમ. શ્રોફ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 16 રૂ. 40.00

બબલુ નામે છોકરો નિશાળમાં તોફાનો માટે જાણીતો છે પણ ભણવામાં એ બહુ હોશિયાર અને ખુબ હિંમતવાળો છે. એક વાર ટ્રેન મુસાફરી દરમ્યાન તેને આંતકવાદીઓના કાવતરાની ખબર પડી જતા તે ષડયંત્ર ખુબ બહાદુરી દાખવીને નિષ્ફળ બનાવે છે. સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9370-2

**બજારની મુલાકાત**

A Visit to City Market

મંજુલા પદ્મનાભન પૃ. 24 રૂ. 5.00

બે બાળકો તેમની માતા સાથે બજારની મુલાકાતે જાય છે, અને ત્યાં ખરીદીની મજા માણે છે એની કથા આકર્ષક ચિત્રો થકી જીવંત થઈ ઊઠી છે.

**બસ્તરની અમાસ**

Bastarni Amavas

પીતાંબરદાસ વૈષ્ણવ

અનુવાદ : ચાંદની કપિલ બાવીશી ચિત્રકાર : સુરેન્દ્ર કુલદીપ પૃ. 16 રૂ. 40.00

છત્તીસગઢના બસ્તરમાં 'અમુસ તિહાર' નામનો ઉત્સવ કેવી રીતે ઉજવવામાં આવે છે અને આમાં શું શું થાય છે તેની સચિત્ર વાર્તા આ પુસ્તકમાં છે. ISBN 978-81-237-9375-7

**બહેનબા બસમાં ચાલ્યાં !**

Madam Rides on a Bus

વલ્લિકાનન અનુવાદ : વર્ષા દાસ ચિત્રકાર : એસ. ગોપાલન પૃ. 32 રૂ. 40.00

આઠ વરસની નાનકડી છોકરીને બસમાં મુસાફરી કરવાની બહુ ઇચ્છા થાય છે અને તે એક દિવસ બસની મુસાફરીની રોમાંચક મજા માણે છે. રસપ્રદ શૈલીમાં આલેખાયેલી સચિત્ર કથા.

ISBN 978-81-237-4068-8

**બસ્તરનો મોગલી : ચેંદરુ**

શિવકુમાર પાંડે અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ. 16 રૂ.40.00

આ પુસ્તકમાં બસ્તરના એક આદિવાસી શિકારી - ચેંદરુના જીવનની વાર્તા આલેખાઈ છે. એક વાઘના બચ્ચાંને પાલતુ બનાવીને, જાનવરોને નહિ મારવું અને જાનવર આપણા સારા મિત્ર બની શકે છે એવું સંદેશ આપતી સરસ વાર્તા. ISBN 978-81-237-9307-8

**બાપુ (ભાગ-1)**

Bapu Part-I

એફ. સી. ફીટસ

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 64 રૂ. 15.00

ગાંધીજી મીઠાના સત્યાગ્રહ બાદ આઝાદીની ચળવળમાં વધુ સક્રિય બન્યા, તે પછી દેશને આઝાદી અપાવી. ગાંધીજી શહીદ થયા ત્યાં સુધીના સચિત્ર પ્રસંગોનું આલેખન આ પુસ્તકમાં છે. ISBN 978-81-237-9286-6

**બાપુ (ભાગ-2)**

Bapu Part-II

એફ. સી. ફીટસ

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 64 રૂ. 15.00

ગાંધીજી મીઠાના સત્યાગ્રહ બાદ આઝાદીની ચળવળમાં વધુ સક્રિય બન્યા, તે પછી દેશને આઝાદી અપાવી. ગાંધીજી શહીદ થયા ત્યાં સુધીના સચિત્ર પ્રસંગોનું આલેખન આ પુસ્તકમાં છે. ISBN 978-81-237-4141-3

**બાળકનો એક દિવસ**

Baby Ka Ek Din

ઓમ પ્રકાશ કશ્યપ અનુ. : લતા અમિત જોશી

ચિત્ર : મૌસમ અરોડા પૃ. 24 રૂ. 55

એક નાનકડા બાળક ઈશાનને બધું જુદું જુદું લાગે છે. બાળસહજ કુતુહલ અને બાળકનો એક દિવસ કેવી દિનચર્યામાં પસાર થાય છે. આ વાર્તા રમૂજ પમાડે એ રીતે કહેવાઈ છે. સરસ ચિત્રો થકી પુસ્તક વધુ રસપ્રદ બન્યું છે. ISBN 978-81-237-9286-6

**બિલ્લી માશીનાં સ્વજનો**

Cat Family

એમ. ડી. ચતુર્વેદી અનુવાદક : જયંત બક્ષી

તસવીરો : વાઈલ્ડ લાઈફ સોસાયટી, કાશીનાથ અને અન્ય પૃ. 64 રૂ. 5.00

બિલ્લી માશીનાં ભાણેજો અને સ્વજનોના વર્ગમાં ઘણાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. પરંતુ વાઘ, સિંહ, દીપડો, ચિત્તો વગેરે તેમાં મુખ્ય છે. આમાંથી જે પ્રાણીઓ આપણા દેશમાં મળી આવે છે તેમનો પરિચય આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. લેખકે પોતાના જીવનના અનુભવો આ પુસ્તકમાં વર્ણવ્યા છે.

**બુદ્ધ કેમ હસ્યા 2500 વર્ષ પછી**

Kyon Muskurae Budhdha 2500 Varsh Bad

આબિદ સુરતી અનુવાદ : યોગેશ અવસ્થી ચિત્ર : સર્વેશ પૃ. 64 રૂ. 75.00

વિવિધ ભાષા, સંસ્કૃતિ, શહેર, ગામડાં, નદી, પર્વત અને પ્રાચીન ઇમારતો ધરાવતા આપણા દેશની ઊડતી મુલાકાત કરાવતું સુંદર પુસ્તક. સાંકેતિક ચિત્રો અને છબીઓ સાથે આ પુસ્તક મનોરંજક અને જ્ઞાનપ્રદ બનયું છે. ISBN 978-81-237-9489-1

**બેગમ ગુલાબો ઉંદરડી અને તેના ફુગ્ગા**

Begum Gulabi Mousie and Her Balloons

કુદસિયા ઝૈદી ચિત્રકાર : નિરેન સેન ગુપ્તા

અનુવાદ : ચારૂ દડિયા પૃ. 24 રૂ. 35.00

ગામની પદરે ખાવાની વસ્તુઓ અને રમકડાંની દુકાન ચલાવતી ચતુર ઉંદરડી ગુલાબોની વાર્તા માર્મિક શૈલીમાં રજૂ થઈ છે. દુકાનમાં વેચવા માટે પોતે બજારમાંથી ફુગ્ગાઓ ખરીદી લાવી તો એમાં કેવું અચરજ છૂપાયેલું હતું તે જાણવા આ પુસ્તક વાંચવું જ રહ્યું.

ISBN 81-237-3162-0

**બે કૂતરાની વાર્તા**

A Tale of Two Dogs

દીપક પ્રહરાજ અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ

ચિત્ર : આર્ય પ્રહરાજ પૃ. 20 રૂ. 50.00

આ પુસ્તકમાં એક ગરીબ અને એક ધનવાન, બંને છોકરા પાસે પાળેલા કૂતરા છે. ધનવાન છોકરાના કૂતરાને ઘણી કરમાતો આવડે છે. અને ગરીબ છોકરાનો કૂતરો સામાન્ય છે. પણ એ સામાન્ય કૂતરો કેવી રીતે સાહસિક કાર્ય કરી મેડલ પ્રાપ્ત કરે છે. એની સરસ વાર્તા સુંદર ચિત્રો સાથે આલેખાઈ છે. ISBN 978-81-237-9500-3

**બ્રહ્માંડની યાત્રા**

A Journey Through Univers

જયંત નારલીકર અનુવાદ : રાજુભાઈ જંત્રાણિયા પૃ. 64 રૂ. 12.00

આ પુસ્તક ખગોળશાસ્ત્ર અને અવકાશવિદ્યા વિશે સચોટ માહિતી આપે છે. સૂર્યમાળા અને તારાવિશ્વનો પરિચય કરાવવા સાથે તે બ્રહ્માંડનાં વિવિધ રહસ્યોનો ખ્યાલ આપે છે. આકૃતિઓ અને ચિત્રો સહિત સમજાવવામાં આવ્યું છે. ISBN 81-237-0267-8

**ભક્ત સાલબેગા**

Bhakta Salbega

રવીન્દ્રનાથ સાહૂ પૃ. 16 રૂ. 40.00

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : રવીન્દ્રનાથ સાહૂ

ભગવાન જગન્નાથના મુસ્લિમ સિપાઈ ભક્ત સાલબેગાની વાર્તા સંક્ષેપમાં આ પુસ્તકમાં કહેવાઈ છે. સાલબેગાએ ભગવાનની આરાધનામાં ઘણાં ગીત અને ભજનો રચેલા છે. જે લોકપ્રિય છે. રથયાત્રા દરમિયાન આજે પણ ભગવાનનો રથ સાલબેગાને શ્રદ્ધાંજલિ આપવા રસ્તામાં થોભે છે. ISBN 978-81-237-9435-8

**ભાગ સન્ની ભાગ**

Bhag Sanny Bhag

જયંતી રંગનાથન

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : બરખા લોહિયા પૃ. 16 રૂ. 40.00

સન્ની નામના ઉંદરે તેના દાદા પાસેથી જ બહારની દુનિયા વિશે સાંભળ્યું હતું. તેને જાણવા મળેલું કે બિલાડી ઉંદરની દુશ્મન છે પણ અગાઉ તેણે કદી બિલાડી જોઈ ન હતી. દાદાના અવસાન પછી એક દિવસ તેનો ભેટો અજાણતામાં બિલાડી સાથે થઇ ગયો-પછી શું થયું તે જાણો આ સચિત્ર પુસ્તકમાં. ISBN 978-81-237-9450-1

**ભારતના તહેવારો**

Festivals Of India

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 88 રૂ. 55.00

ભારતમાં ઉજવાતા વિવિધ ધર્મના તહેવારો ઓણમ, દિવાળી, નાતાલ, હોળી, ઈદ, પોંગલ, રક્ષાબંધન વગેરે વિશેની સચિત્ર માહિતી આપવામાં આવી છે.

ISBN 978-81-237-2770-7

**ભારતમાં હૉકીની રમત**

Hockey In India

એફ. શરશિન્દુ સન્યાલ અનુવાદ : વિજયગુપ્ત મૌર્ય પૃ. 64 રૂ. 25.00

ભારતમાં હ.ૉકીની રમતની શરૂઆતથી માંડીને હૉકી ભારતની 'રાષ્ટ્રીય રમત' બની અને રમતમાં ભારતે કેવી સિદ્ધિ હાંસલ કરી તેની તસવીરો સહિત માહિતી આપવામાં આવી છે. હૉકી પ્રેમીઓ માટેનું ઉપયોગી પુસ્તક. ISBN 978-81-237-4237-1

### ભારતીય કલામાં પશુ-પક્ષીઓ

Birds and Animals In Indian Art

ગીતિકા જૈન અનુવાદ : સલોની ગાંધી પૃ. 24 રૂ. 65.00

આ રંગબેરંગી પુસ્તકમાં ભારતની પ્રાદેશિક લોકકલાઓમાં પશુ-પક્ષીઓના ઉલ્લેખની સચિત્ર માહિતી આપવામાં આવી છે. આકર્ષક ચિત્રોવાળું પુસ્તક. ISBN 978-81-237-4028

### ભારતે આઝાદી કેવી રીતે મેળવી

How India Won Her Freedom

કૃષ્ણ ચૈતન્ય અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : જ્યોતિષ દત્ત ગુપ્ત પૃ. 36 રૂ. 45.00

ભારત દેશે તેને ગુલામ બનાવી શાસન કરતા અંગ્રેજો સામે સ્વતંત્રતા સંગ્રામ લડીને કેવી રીતે આઝાદી પ્રાપ્ત કરી તેની સચિત્ર કહાણી. ISBN 978-81-237-1049-5

### ભૂલતા નહીં કાકા

Bhulna Mat Kaka

આનંદ પ્રકાશ જૈન

અનુવાદ : રમેશ તન્ના ચિત્ર : ફજરૂદીન પૃ. 52 રૂ.85.00

જમીનદારનો દીકરો જયમોહન અને થાણેદારની દીકરી નીલકમળ વચ્ચે પાકી મિત્રતા છે. શાળામાં તેઓ નાનાં નાનાં સાહસિક કારસ્તાનો કરે છે અને આગળ જતાં ડાકૂ સાથે મળીને ડર્યા વિના અજબ ગજબનાં સાહસ કરે છે. આ પુસ્તકમાં આઠ ભાગમાં પ્રસંગકથાઓ સચિત્ર વર્ણવવામાં આવી છે જે રોમાંચક ને મજેદાર છે. ISBN 978-81-237-9453-2

### ભોલુ અને ગોલુ

Bholu Aur Golu

પંકજ બિષ્ટ અનુવાદ : રમેશ પારેખ ચિત્ર : તાપસ ગુપ્તા પૃ. 80 રૂ. 40.00

સર્કસમાં રિંગ-માસ્ટરના ચાબુકની મારપીટથી ડરીને જાતજાતના ખેલ દેખાતા એક નાનકા રીંછ અને મહાવતના દીકરાની દોસ્તી-કથા. ભોલુના મનની મુરાદ પૂરી કરવા અનેક આફતો વચ્ચે અવનવાં સાહસો ખેડતાં આ બેઉ દોસ્તી આખરે કેવો રંગ લાવે છે એની મજેદાર કહાણી માર્મિક રીતે આલેખાઈ છે. ISBN 978-81-237-1884-2

### મત્સ્ય

Matsya

શાંતા રામેશ્વર રાવ

અનુવાદ : હરીશ નાયક ચિત્ર : સિગ્રુન શ્રીવાસ્તવ પૃ. 32 રૂ. 55.00

મત્સ્ય નામની એક મનોહર માછલીની વાર્તા. માછીમાર મનુએ મત્સ્યને સંકટમાંથી ઉગારી લીધી તો મનુના પરિવારને આફત સમયે મત્સ્યે કેવી રીતે મદદ કરી તેની સચિત્ર કથા.

ISBN 978-81-237-2101-9

**મદદગાર હાથ**

A Helping Hand

સમરેશ ચટર્જી  અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  પૃ. 16  રૂ. 40.00

જંગલમાં એકલા પડેલા બારસિંગા હરણને ચેન નથી પડતું તેથી તે જંગલની બહાર નીકળે છે. વગડામાં આવતાં તે જુએ છે કે એક છોકરીને પગમાં વાગી ગયું છે. હરણ તેને પીઠ પર બેસાડી ઘર સુધી મૂકી દે છે. પછી બનેં મિત્ર બની જાય છે. ISBN 978-81-237-9483-9

**મધર ટેરેસા**

Mother Teresa

લીલા મજુમદાર, બચી કરકરિયા  અનુવાદ : રૂપા મજમુદાર  પૃ. 64  રૂ.40.00

નોબેલ પારિતોષિક વિજેતા મધર ટેરેસા મૂળ પરદેશી હતાં પણ ભારતમાં વસીને તેમણે રોગી-નિરાશ્રિતોની સેવા કરી. એક સંત સમાન દરજ્જો પામનારાં મધર ટેરેસાની જીવનકથા તસવીરો સાથે વર્ણવાઈ છે. ISBN 978-81-237-9446-4

**મને જગત ગમે છે**

I Like the World

જયંતિ મનોકરન  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 16  રૂ. 35.00

એક નાની બાળકી જે જગતનાં આશ્ચર્યો અને કુદરતી ચીજ-વસ્તુઓ તથા દશ્યોમાં રસ લે છે. તેને જગતની દરેક ચીજ ગમે છે. સુંદર ચિત્રો દ્વારા બાળકીની કુતૂહલ કથા આકર્ષક રીતે રજૂ થઈ છે. ISBN 978-81-237-4039-3

**મંગુનો ભમરડો**

Mangu's Top

કામાક્ષી બાલસુબ્રણ્યન

અનુવાદ : વર્ષા દાસ  ચિત્રો : અમિતાભ સેનગુપ્ત  પૃ. 24  રૂ. 40.00

ગરીબ બાળક મંગુ બીજાં બાળકોની જેમ રમકડાં ખરીદી નથી શકતો. એક દિવસ અચાનક તેને એક ભમરડો મળે છે. પરંતુ ભમરડો જૂનો છે. મંગુ તેને નવોનકાર બનાવીને રમે છે. ચિત્રો સુંદર છે. ISBN 97881-237-3940-3

**માટલું બોલે છે**

Matku Bolta Hai

ગોવિંદ શર્મા  અનુવાદ : યોગેશ અવસ્થી  ચિત્ર : દુર્ગાદત પાંડે  પૃ. 24  રૂ. 55.00

આ પુસ્તકમાં પાણીની પરબ પર સૌની તરસ છિપાવતું માટલું પોતાની વાત કરે છે. પરબ પર આવતા લોકોને કંઈક સારી શિખામણ આપતું માટલું આવી રીતે બોલે છે કે લોકોને એ દિલની આવાઝ લાગે છે. સરસ ચિત્રોથી વાર્તા જીવંત થઇ ઊઠી છે.

ISBN 978-81-237-9437-2

**મારી બહેન નેહા**

Neha My Sister

મધુબી. જોશી અનુવાદ : ઉત્સવી ભીમાણી ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 16 રૂ. 40.00

પોતાની નાની બહેનનો જન્મ થવા પ્રસંગે ખુશખુશાલ થતી મુગ્ધા બાળકીના ભોળપણની લાગણીસભર ભાવાભિવ્યક્તિનું સચિત્ર ચિત્રણ કરતુ પુસ્તક. ISBN 978-81-237-9369-6

**મારી વાત**

This is My Story

વિકી આર્ય અનુવાદ : વર્ષા દાસ પૃ. 24 રૂ. 11.00

વર્ષાઋતુમાં જોવા મળતા દેડકાની આત્મકથાત્મક સુંદર ચિત્રવાર્તા.

**મારો ફૂટબૉલ**

Meri Football

ક્ષમા શર્મા અનુવાદ : અમિત મ. જોશી ચિત્ર : નિધિ સિંહ, અપૂર્વ જૈન પૃ. 28 રૂ. 75.00

બાળક નટુ તેના દાદા સાથે ફૂટબૉલ રમે છે અને પછી તેના બાળદોસ્તો સાથે રમતાં ફૂટબૉલ પાડોશીના ઘરમાં જાય છે તેથી એમનો ફૂટબૉલ ઝૂંટવાઈ જાય છે. ફૂટબૉલ પાછો મેળવવા દાદાજી બાળકોની વ્હારે આવે છે. ISBN 978-81-237-9343-6

**મુગ્ગીની દુનિયા**

Muggi Ki Duniya

રશ્મિ ચૌધરી

અનુવાદક : રીતિ શાહ ચિત્રકાર : મુગ્ધા કાલે પૃ. 16 રૂ. 40.00

મૃગનયની નામે એક નાની બાળકી જેને બધાં લાડથી મુગ્ગી નામે બોલાવે છે. તેને નાના- નાની પાસે ગામમાં મૂકીને માતાપિતા શહેરમાં ગયા અને પછી મુગ્ગીને શહેરમાં રહેવા જવું પડે છે ત્યારે એની મનોદશાનું માર્મિક ચિત્રણ આ પુસ્તકમાં કરાયું છે. ISBN 978-81-237-9342-9

**મુતુનાં સપનાં**

Muthu's Dreams

કામાક્ષી બાલસુબ્રમણ્યન અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : તાપસ ગુહા પૃ. 32 રૂ. 40.00

મુતુ નામનું બાળક જાતજાતના સપના જોય છે અને એ સપના આજના આધુનિક યુગમાં ભણીગણીને કેવી રીતે સાચા પાડી શકાય છે તે આ પુસ્તકમાં સમજાવવામાં આવેલ છે અને ચિત્રો ખૂબ સરસ છે. ISBN 978-81-237-0278-0

**મુનિયાને સોનું કેવી રીતે મળ્યું**

How Munia Found Gold

જગદીશ જોશી પૃ. 32 રૂ. 5.50

મુનિયા નામના નાનકડા પક્ષીની ચિત્રવાર્તા. મુનિયા નાનકડા છોડને જતનપૂર્વક ઉછેરે છે. એ છોડ પરથી તેનાં અન્ય સાથીઓ ચેરીનાં ફળ ખાય છે.

**મીતા અને એનાં જાદૂઈ બૂટ**

Meetha and Her Magic Shoes

બ.જ. ગજ્જરપ્પા અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 45.00

શાળામાં ભણતી નાનકડી બાળકી મીતાને એક દિવસ જાદુઈ બૂટ મળે છે. આ બૂટ વડે તે આકાશમાં ઊડવાની મજા માણે છે. અંતે એ બૂટનું શું થયું તે જાણવા માટે આ બોધપ્રદ પુસ્તક વાંચવું જ રહ્યું. ISBN 978-81-237-3705-8

**મેઘધનુષ**

The Rainbow

ઉષા જોશી અનુવાદ : વર્ષા દાસ ચિત્રકાર : મંજુલા પદ્મનાભન પૃ. 24 રૂ. 5.00

વરસાદના દિવસોમાં આકાશમાં દેખાતા રંગીન મેઘધનુષ્યના સાત રંગોની વાર્તા. ચિત્રો આકર્ષક છે.

**મોરા**

Mora

મુલ્કરાજ આનંદ

અનુવાદ : ભારતી વૈદ્ય ચિત્રકાર : રિપ્રેટ હેલર પૃ. 40 રૂ. 45.00

મોરા નામના હાથીના બચ્ચાની આત્મકથા શૈલીની વાર્તા. આ વાર્તામાં હાથીઓના જીવનની હકીકત અને તેમાં રહેલી કરુણતા સામે આવે છે. આટલું મોટું પ્રાણી હોવા છતાં પોતાના સંરક્ષણ માટે તેને કેવો કેવો સંઘર્ષ કરવો પડે છે તેની રોમાંચક કથા સચિત્ર આલેખાઈ છે.

ISBN 978-81-237-2074-6

**મોત્તાઈનાઈ દાદીમા**

મારિકો શિંજયુ અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ : 36 રૂ : 95.00

'મોત્તાઈનાઈ' જાપાની શબ્દ છે જેનો અર્થ આ પુસ્તક વાંચ્યા-વિચાર્યા પછી સમજી શકાય છે. આ પુસ્તક મૂળ જાપાની ભાષાનું છે જે અંગ્રેજી અને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થયું છે. ચિત્રો બહુ સરસ છે. ISBN 978-81-237-9344-3

## યુગ યુગની કથાઓ

Storie of All Times

શાંતા રંગાચારી   અનુવાદ : ભારતી વૈદ્ય   ચિત્ર : પી. ખેમરાજ   પૃ. 64   રૂ. 7.50

ઘણાં વર્ષો પહેલાં સત્યવાન નામે રાજા થઈ ગયા. એની પત્ની સાવિત્રી અને યમરાજના સંવાદની રસપ્રદ કથા આ પુસ્તકમાં અપાયેલી છે. ઉપરાંત મહાભારતમાંથી વીર અભિમન્યુ તથા ભીમ વગેરેની પ્રસંગ-કથાઓ આપવામાં આવી છે. ISBN 978-81-237-2078-4

## રસ્ટીનાં પરાક્રમો

Adventures of Rusky

રસ્કિન બૉન્ડ   અનુવાદ : મમતા પંડ્યા   પૃ. 102   રૂ. 20.00

આ પુસ્તકમાં બાળક રસ્ટીનાં પરાક્રમોની બે વાર્તાઓ છે. પહેલી વાર્તામાં રસ્ટી અને તેના મનમોજી કેનકાકા સાથેના રમૂજી પ્રસંગોનું વર્ણન છે અને બીજીમાં એક સાથી જોડે શાળામાંથી ભાગી છૂટવાની રસ્ટીની સાહસકથા આલેખાઈ છે. ISBN 978-81-237- 1430-1

## રણનું ઝાડ અને વાદળી પક્ષી

Registan Ka Ped Aur Neela Pakshi

સુરેશ યાદવ

અનુવાદ : અમિત મ. જોશી   ચિત્ર : પાર્થ સેનગુપ્તા   પૃ. 16   રૂ. 40.00

રણમાં ઉછરેલા એક ઝાડ અને વાદળી રંગના એક પક્ષીની દોસ્તીની સરસ વાર્તા. બંને સુખદુઃખની વાતો કરે છે અને પછી મિત્રો થઈને સાથે રહે છે. જીવનમાં સુખદુઃખ, સંઘર્ષ, તિરસ્કાર અને પ્રાકૃતિક પ્રેમની માર્મિક બોધ આ વાર્તામાં સરસ રીતે વણાયો છે.

ISBN 978-81-237-9463-1

## રવિવાર છે કેવો મજાનો

A Happy Sunday

દેવાશીષ દેવ   અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ   પૃ. 20   રૂ. 50.00

મોન્ટુ રવિવારના દિવસે પોતાને મનગમતી અનેક પ્રવૃતિઓ કરે છે અને આનંદ માણે છે. બીજા બધા વાર કરતાં રવિવારની મજા સમજાવતું સચિત્ર પુસ્તક.

ISBN 978-81-237-9505-8

## રંગીલી, ટિક્કી અને ગુલ્લુ

Rangili, Tikki Aur Gullu

રેનૂ સૈની

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ   ચિત્ર : પાર્થ સેનગુપ્તા   પૃ. 24   રૂ. 55.00

રંગીલી પતંગિયું અને ગુલ્લુ નામે ગુલાબ ફૂલ તેમ જ ટિક્કી નામની નાની છોકરીની ત્રિપુટીની મૈત્રીની સરસ વાર્તા આ પુસ્તકમાં સુંદર ચિત્રો સાથે આલેખાઈ છે. ગુલ્લુને તોડવા જતાં કાંટાથી ઘવાઈને ઉદાસ થયેલી ટિક્કીને રંગીલી કેવી રીતે ગુલ્લુ સાથે દોસ્તી કરાવે છે એની માર્મિક કથા.

ISBN 978-81-237-9533-1

**રંગોની રમત**

Colour Festival

મધુ પાવલે પૃ. 16 રૂ 25.00

રંગોની તહેવાર હોળીનાં દશ્ય ચિત્રોમાં કૃષ્ણ અને ગોપીઓને હોળી ખેલતાં દર્શાવીને વિવિધ રંગોનો પરિચય કરાવવામાં આવ્યો છે. મુખ્ય રંગો અને તેમની મેળવણીથી બનતા અન્ય રંગો વિશેની પણ સચિત્ર માહિતી આપવામાં આવી છે. ISBN 987-81-237-3700-3

**રાવણ**

Ravan

અંજની શર્મા

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : મિસ્ટુની ચૌધરી પૃ. 16 રૂ. 40.00

નાનકડા ગોપુને રાવણ બનાવવાની ઈચ્છા થાય છે પણ મોટો ભાઈ તેને નાનો સમજીને દૂર કરી દે છે. પછી ગોપુ તેના જેવડાં જ સાથી મિત્રો સાથે મળીને સરસ રાવણ બનાવે છે અને છેવટે મોટા ભાઈ એમની કમાલ જોઇને ખુશ થાય છે. સુન્દર ચિત્રો સાથે મજાની વાર્તા.

ISBN 978-81-237-9478-5

**રાવણનું શું કરીએ ?**

Ravan Remedy

શુદ્ધસત્વ બસુ અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ. 24 રૂ. 55.00

દશેરાના દિવસોમાં બાળકોએ એક મોટો સુંદર મજાનો રંગબેરંગી રાવણ બનાવ્યો. અને પછી પરંપરા મુજબ રાવણનું દહન કરવાની વાત આવી ત્યારે બાળકોએ શું કર્યું એ ચિત્રવાર્તામાં બતાવાયું છે. ISBN 978-81-237-9488-4

**રાહુલના સપનાનું બેટ**

Rahul and The Dream Bat

કેન સ્પીલમેન

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : સુવિધા મિસ્ત્રી પૃ. 20 રૂ. 60.00

ક્રિકેટ રમતા બાળક રાહુલને બેટિંગ કરતાં નિષ્ફળતા મળવાથી તે ઉદાસ થઇ જાય છે. અને એકલો પડી જાય છે. મૂંઝાઈને તે સુઈ જાય છે અને જાદુઈ બેટ મળવાનું સપનું જુએ છે. રાહુલ એ બેટથી રમવા જાય છે અને ગજબની શક્તિ અનુભવી ચોગ્ગા-છગ્ગા ફટકાવા લાગે છે. ઉત્સાહ વર્ધક સચિત્ર વાર્તા. ISBN 978-81-237-9443-3

**રિંટુ અને તેનું હોકાયંત્ર**

Rintu and his Compass

અભિજીત સેનગુપ્તા

અનુવાદ : રાજેશ કુમાર મોહનભાઈ પટેલ  ચિત્ર : યુદ્ધજીત સેનગુપ્તા  પૃ. 20  રૂ. 50.00

રિંટુને તેના જન્મદિવસે પિતાએ એક હોકાયંત્ર ભેટ આપ્યું. એ લઈને રિંટુ દરિયા કિનારે ગયો. ત્યાં તેને અજાણ્યો માણસ મળ્યો. રિંટુએ હોકાયંત્ર એ માણસને ભેટ આપી દીધું કેમકે તે એના માટે જ ઘણું કામનું હતું. ISBN 978-81-237-9467-9

**રૂપો હાથી**

Rupa the Elephant

મિકી પટેલ  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 32  રૂ. 10.00

રૂપા નામના હાથીની વાર્તા. પોતાના કદરૂપાપણાનો પસ્તાવો કરતા રૂપાને રંગીન બનાવવામાં ચીંચી નામનું ટચૂકડું પક્ષી મદદ કરે છે. પરંતુ આમ કરતાં અંતે રૂપાની શી દશા થઈ તે વાંચો આ મજાનાં ચિત્રોવાળા પુસ્તકમાં. ISBN 81-237-2074-2

**રેડક્રોસની કહાણી**

The Story of Red Cross

કૃષ્ણા સત્યાનંદ

અનુવાદ : સરલા જગમોહન  ચિત્રો : સિદ્ધાર્થ બેનરજી  પૃ. 64  રૂ. 30.00

યુદ્ધ દરમિયાન બીમાર અને ઘવાયેલા સૈનિકોની સંભાળ લેવાના હેતુથી શરૂ થયેલી તબીબી સેવા સંસ્થા 'રેડક્રોસ'ની સ્થાપના, એના સ્થાપક અને વિશ્વભરમાં સંસ્થાનો ફેલાવ તથા સેવાકાર્યો વિશેની સવિસ્તાર જાણકારી આપવામાં આવી છે.

ISBN 978-81-237-6566-2

**રેલગાડીમાં મારી પહેલી મુસાફરી**

My First Railway Journey

મૃણાલ મિત્ર  પૃ. 16  રૂ. 35.00

એક નાનો બાળક સૌપ્રથમ વાર રેલગાડીમાં મુસાફરી કરે છે ત્યારે તેને કેવી મજા પડે છે તેની રોમાંચક ચિત્રકથા. ISBN 978-81-237-2717-2

**રોહંત અને નંદ્રિય**

Rohantha and Nandriya

કૃષ્ણ ચૈતન્ય

અનુવાદ : રમણલાલ સોની ચિત્રકાર : પ્રણબ ચક્રબર્તી પૃ. 64 રૂ. 35.00

આ પુસ્તકમાં ભગવાન બુદ્ધના સમયની બે વાર્તાઓ આપવામાં આવી છે. પહેલી વાર્તામાં રોહંત નામનું હરણ શિકારના શોખીન એવા એક રાજાનું હૃદયપરિવર્તન કરાવે છે. બીજી વાર્તા નંદ્રિય નામના વાંદરાની છે જે પરગજુ સ્વભાવને કારણે અંતે મોતને ભેટે છે.

ISBN 978-81-237-2714-1

**લાખનની વાત**

Lakhan's Story

અમૃતા દાસગુપ્તા અનુવાદ : સોનલ પરીખ ચિત્ર : બરખા લોહિયા પૃ. 16 રૂ. 40.00

પંજાબના લાખન નામના એક જુના ટ્રેકટરની આત્મકથા આ પુસ્તકમાં બહુ રસપ્રદ રીતે આલેખાઈ છે. એક ટ્રેકટરને ગામથી લઈને શહેર સુધી કેવા કેવા અનુભવો થયા એ વિશેની મજેદાર કથા સુંદર ચિત્રો સાથે જીવંત થઇ ઊઠી છે.

ISBN 978-81-237-9440-7

**લાલ અને વાદળી પેન્સિલઃ સમાન પરંતુ સમાન નહીં**

Red and Blue Pencil

મિસ્ટુની ચૌધરી

અનુવાદ : રાજેશ કુમાર મોહનભાઈ પટેલ ચિત્ર : મિસ્ટુની ચૌધરી પૃ. 16 રૂ. 40.00

લાલ અને વાદળી રંગની બે પેન્સિલ એક સમાન હોવા છતાં તેમનો વપરાશ રંગને કારણે જુદી જુદી રીતે થાય છે. લાલ પેનના ઉપયોગથી જે પરિણામ આવે છે એ બહુ ભયાનક અને કરુણ જયારે વાદળી પેન દ્વારા નવસર્જન અને ખુશી લાવનારું હતું. બહુ માર્મિક સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9466-2

**લાલ પતંગ**

Red Kite

ગીતા ધર્મરાજન

અનુવાદ : વિભૂતિ મહેતા ચિત્રકાર : શરદિન્દુ સેન રૉય પૃ. 24 રૂ. 5.00

લાલ રંગના પતંગને ઊડવાની બહુ ઇચ્છા છે છતાં એને કોઈ ઊડાડતું નથી તેથી એ ઉદાસ રહે છે. છેવટે એક દિવસ તેને સૌથી ઉપર ઊડીને સૂર્યની નજીક જવાની તક મળે છે ! એવા એક પતંગની સચિત્ર કથા.

### લાલ પરી

Lal Pari

રંજના ફતેપૂરકર

અનુવાદ : લતા અમિત જોશી  ચિત્ર : સરોજ સરકાર  પૃ. 24  રૂ. 55.00

બગીચામાં ફૂલ તોડવાની કુટેવથી એક દિવસ શ્રેયને હાથમાં કાંટો વાગી ગયો. દુઃખી થઈને તે સુઈ ગયો તો સપનામાં તેને એક લાલપરી મળી. પરીએ પોતાની આપવીતી જણાવી અને એનાથી વગર કારણે ફૂલ તોડવાની શ્રેયની કુટેવ છૂટી ગઈ. ISBN 978-81-237-9473-0

### લાંબા અને ટૂંકા મોટા અને નાના

Long and Short, Big and Small

પુલક વિશ્વાસ

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : પુલક વિશ્વાસ  પૃ. 20  રૂ. 60.00

પાલતુ પશુઓ અને જંગલી પ્રાણીઓના શરીરની વિવિધતા ચિત્રોમાં સરસ સમજાવાઈ છે. જાનવરોનાં શરીરના લાંબા અથવા ટૂંકા અંગ અને નાના અથવા મોટા કદ વિશે સચિત્ર માહિતી સરખામણી કરીને તેમ જ ભેદ પાડીને વર્ણવાઈ છે. ISBN 978-81-237-9521-8

### લાંબી પૂંછડી

Big Tale

રામેન્દ્ર કુમાર

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ  ચિત્ર : પુલક વિશ્વાસ  પૃ. 24  રૂ. 70.00

સાપ અને નોળિયાની ગાઢ દોસ્તી કટ્ટર દુશ્મનીમાં કેવી રીતે બદલાઈ ગઈ હતી - સુંદર ચિત્રો સહિત સચિત્ર વાર્તા. ISBN 978-81-237-9492-1

### વૃક્ષોની દુનિયા

The World of Trees

રસ્કિન બૉન્ડ  અનુવાદ : વિજયગુપ્ત મૌર્ય  ચિત્ર : સિદ્ધાર્થ બેનરજી પૃ. 64  રૂ. 7.00

આપણા વિવિધ પ્રકારનાં વૃક્ષો વિષે તેમની ઉપયોગિતા, સ્થાન-પ્રદેશની માહિતી, તેમ જ વૃક્ષો વિશેની અવનવી માન્યતાઓ અને તેમના ઔષધીય ગુણો બાબતે સવિસ્તાર જાણકારી આપવામાં આવી છે.

### વાર્તા એક ઉંદરની

The Story of  A Mouse

ઉત્પલ તાલુકદાર  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 20  રૂ. 60.00

નિકી ઉંદરને ખાવાનો બહુ શોખ છે. તેથી તેનું વજન ઘણું વધી ગયું છે. માતા-પિતાના સમજાવતાં છતાં તે નથી સમજતી ને ભારે શરીરને કારણે વારંવાર મુસીબતમાં ફસાઈ જાય છે. તે આખરે કેવી રીતે માતા-પિતાની વાત સમજી જાય છે. ISBN 978-81-237-9497-6

**વાદળી નદીનો સોનેરી પથ્થર**

Vadali Nadino Sonari Patthar

સુરેશ યાદવઅનુ. : અંજલી જૈન ચિત્ર : ફઝરૂદ્દીન પૃ. 16 રૂ. 40.00

વાદળી રંગના પાણીવાળી નદીમાં રહેતો ખરબચડો પથ્થર એની ધારને લીધે મૂંઝાય છે અને ધીરે ધીરે એ રૂપાળા ગોલ પથ્થરો સાથે મૈત્રી કરવાનું વિચારે છે. પરંતુ એનાથી બધા નજીક તોય સંપર્કથી દૂર જ રહે છે. આખરે એ નદીના વહેણથી સમય જતાં ગોળમટોળ અને સોનેરીરંગનો બની જાય છે. ISBN 978-81-237-9273-6

**વાંસનું ઘર**

A House of Bamboo

નીરા જૈન

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : દેબાશીષ દેબ પૃ. 12 રૂ. 40.00

રાહુલના પપ્પાની બદલી દિલ્હીથી ઘણે દૂર અગરતલામાં થઇ ગઈ. તેથી દિલ્હી શહેર છોડવાથી રાહુલ ઉદાસ થઇ જાય છે, પણ અગરતલા જઈને તેને સુન્દર કુદરતી વાતાવરણ મળે છે. સુન્દર ચિત્રો સાથે મજાની વાર્તા. ISBN 978-81-237-9475-0

**વાંસળીના સૂર**

Bansuri Ke Sur

મીનાક્ષી સ્વામી

અનુ. : રાજેશકુમાર મોહનભાઈ પટેલ ચિત્ર : ફઝરુદ્દીન પૃ. 16 રૂ. 40.00

જંગલમાં એક બાળકને વાંસળી વગાડતો સાંભળી ત્યાં આવેલ ભૂરો રીંછ એની સાથે દોસ્તી કરી લે છે અને બાળક રીંછને વાંસળી ભેટ કરી દે છે એ વાંસળી રીંછ વગાડે છે તો બીજાં જાનવરો આપસની લડાઈ ભૂલી જાય છે. ISBN 978-81-237-9284-2

**વીર બાળકોની વાર્તાઓ**

Stories of Valour

રાજેન્દ્ર અવસ્થી

અનુવાદ : રમણલાલ સોની ચિત્રકાર : શરહિન્દુ સેન રૉય પૃ. 64 રૂ. 35.00

પિતૃભક્ત શ્રવણકુમાર, ગુરુભક્ત એકલવ્ય, જગત ઉદ્ધારક બાળકૃષ્ણ તેમજ અભિમન્યુ અને લવ-કુશ જેવા પરાક્રમી વીર બાળકોની સચિત્ર કથાઓનું પુસ્તક, રસપ્રદ શૈલીમાં આલેખાયેલી આ કથાઓ બાળકો માટે સંસ્કારપ્રેરક છે.

ISBN 978-81-237-4240-3

**વીરતા કંઈ એમ ને એમ નથી આવતી**

Heros Do Not Grows on Trees

સુધા પુરી અનુ. : આશિષ મહેતા ચિત્ર : અમિતાવ સેન ગુપ્તા પૃ. 24 રૂ. 55.00

અજય રમતિયાળ છોકરો. એનાં તોફાનોથી ઘરનાં અને વગડાનાં માણસો હેરાન રહેતાં. એકવાર વેકેશનમાં બધાં ફરવા ગયાં ત્યારે તફાવ પાસે ઘાયલ પડેલા એક ગીધને ઉગારવા અજયમાં અજબની વીરતા આવી ગઈ. ખૂબ સરસ વાર્તા. ISBN 978-81-237-9283-5

**શાકભાજીનાં કૂંડાં**

Sabjiyon Wale Gamle

વંદના પુષ્પેન્દ્ર પૃ. 16 રૂ. 40.00

અનુવાદ : સોનલ પરીખ ચિત્ર : પાર્થ સેનગુપ્તા

આ પુસ્તકમાં શાકભાજી ઉગાડવાનું મહત્વ સમજાવ્યું છે. રજની અને દીપક શાકભાજીની ખેતી ઘર પરિસરમાં કરવાનું શીખે છે. ઘરમાં શાકભાજી ઉગાડવાથી સ્વાદિષ્ટ શાક તો મળવા લાગ્યું સાથો સાથ લીલોતરીથી ઘરની શોભા પણ વધી ગઈ. સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9494-5

**શિબુ નામે ઘેંટુ**

Sheebu-The Sheep

નીતુ શર્મા પૃ. 12 રૂ. 35.00

અનુવાદ : રીતિ શાહ ચિત્ર : પાર્થ સેનગુપ્તા

શીબુ નામના ઘેટાને એક દિવસ ઘન્ટડી મળી તે તેણે ગળે લટકાવી. એક દિવસ એ ઘન્ટડી ખોવાઈ ગઈ તે શોધવામાં આગિયાઓએ તેને કેવી રીતે મદદ કરી તેની સચિત્ર વાર્તા. આગિયા વિશે રસપ્રદ માહિતી પણ આ પુસ્તકમાં અપાઈ છે.

ISBN 978-81-237-9472-3

**શીલા અને લીલા**

Sheela Aur Leela

નીતુ શર્મા

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : નીતુ શર્મા પૃ. 20 રૂ.50.00

શીલા અને લીલા નામની બે ગાયને સારો સારો ચારો ચરવાનું પસંદ છે. લીલાને હંમેશાં નવી નવી જગાએ જવાનું પસંદ છે. અને તેનો સ્વભાવ સાહસિક છે. એક દિવસ તે ગુમ થઇ ગઈ પછી તે શીલાને ક્યાં અને કેવી રીતે મળી એ મજાની વાર્તા સરસ શૈલીનાં ચિત્રોમાં કહેવાઈ છે. ગાય વિશે જાણવા જેવી માહિતી આપતું પુસ્તક. ISBN 978-81-237-9448-8

**શું તમે પોતના ચહેરાને ચૂમી શકો?**
Can You Kiss Your Own Face
રમેશ બિજલાની
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ   ચિત્ર : મોહિત સુનેજા   પૃ. 24   રૂ. 60.00
નાનકડી બાળકી પોતાનાં કામ પોતે કરવા માગે છે અને તેની માં તેને મદદ કરવા ઈચ્છે છે ત્યારે તે બહુ ચપળતાથી પોતાનું કામ કરી બતાવે છે. પરંતુ માં તેને પ્રેમથી ચૂમી ભરીને લાડ કરે છે ત્યારે તેને સમજાય છે કે પોતાના ચહેરાને પોતાનાથી ચૂમી નહિ શકાય. બાળકોને સ્વતંત્રપણે કામ કરવાની શીખઆ પુસ્તક આપે છે પરંતુ પ્રેમની આપલે એક વ્યક્તિ એકલા પોતે નહિ કરી શકે એ પણ આ માર્મિક વાર્તા સમજાવે છે.
ISBN 978-81-237-9381-8

**શું થયું!**
Kya Hua!
જગદીશ જોશી
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ   ચિત્ર : જગદીશ જોશી   પૃ. 24   રૂ. 55.00
ટીકુ વાંદરાએ અપ્પુ હાથીની મદદથી એક ઝાડને જીવતદાન આપ્યું. એ ઝાડ એની જગાએથી ઊખડી જઈને ઊંધું પટકાયું હતું. વાંદરાના સપના માધ્યમે પર્યાવરણ જતનનો સંદેશ આપતી વાર્તા કહેવાઈ છે.
ISBN 978-81-237-9503-4

**શોધી કાઢો**
Search
જગદીશ જોશી   અનુવાદ : વર્ષા દાસ   પૃ. 16   રૂ. 5.00
ચિત્રકારે વિશેષ કલાકારીથી દોરેલાં રેખાચિત્રોમાં વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, અન્ય પશુઓ, ફળો અને શાકભાજી વગેરેના આકારો છૂપાયેલા છે. આ આકારો શોધી કાઢવાની રમતવાળાં ચિત્રો બાળકો માટે ગમ્મત સાથે જ્ઞાન આપનારાં છે.

**સફેદ ઘોડો**
The White Horse
અમરેન્દ્ર ચક્રવર્તી
અનુવાદક : રાજેશકુમાર મોહનભાઈ પટેલ   ચિત્ર : પાર્થ સેનગુપ્તા   પૃ. 32   રૂ. 85.00
વિજય અનાથ છે અને ખૂબ જ મહેનતુ ગોવાળ છે. તેની પાસે એક સફેદ ઘોડો છે જેને તે પોતાની જાત કરતા પણ વધુ પ્રેમ કરે છે અને સાચવે છે. પરંતુ માલિકની દીકરી રોજ આ સફેદ ઘોડા પર સવારી કરવા માંગે છે. શું તે પોતાની ઇચ્છા પૂરી કરી શકશે. સુંદર ચિત્રો સાથે સરસ વાર્તા.
ISBN 978-81-237-9373-3

**સસલા અને કાચબાની દોડ**

Saha aur Kachar Daur

કિરણ તામૂલી

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : સમરજ્યોતિ દાસ પૃ. 16 રૂ. 40.00

સસલા અને કાચબાની દોડની હરીફાઈની વાર્તા બહુ જાણીતી છે. સસલો અભિમાનને કારણે જીતી નથી શકતો. એ વાર્તા આ પુસ્તકમાં બીજી વખતની હરીફાઈ તરીકે વર્ણવાઈ છે.અને એમાં કોણ જીતે છે જાણવા વાંચો આ મજાનું પુસ્તક. ચિત્રો ખૂબ સરસ છે.

ISBN 978-81-237-9502-7

**સારા મિત્રો**

Good Friends

જોન કીલાકા

અનુવાદ : લતા અમિત જોશી ચિત્ર : શૈલી તનાકા પૃ. 24 રૂ. 70.00

આ પુસ્તકમાં તાંઝાનિયાની પરંપરાગત કાલ્પનિક પ્રાણીવાર્તા જીવંત કરવામાં આવી છે. હાથી અને ઉંદર સારા મિત્રો છે પણ સ્વભાવે બંને બહુ જુદા છે. ઉંદર મહેનતુ ને પરગજુ મદદગાર છે જ્યારે હાથી આળસુ છે. દુકાળ પછી હાથી ચાલાકીથી ઉંદરનું અનાજ ઝૂંટવી લે છે. ઉંદર દુઃખી થઈ જાય છે. જેણે દગો દીધો છે એ મિત્ર સાથે તે શું કરશે એ જાણવા આ સચિત્ર પુસ્તક મેળવવું જ રહ્યું.

ISBN 978-81-237-9475-4

**સાચું શું ? ખોટું શું ?**

What's Right? What's Wrong?

સિગ્રુન શ્રીવાસ્તવ અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 35.00

નાની બાળકીને બગીચામાંથી અદ્‌ભુત પ્રકારનાં ચશ્મા મળે છે જે પહેરવાથી તેની આસપાસની સૃષ્ટિ વિચિત્ર અને અજબગજબની દેખાવા લાગે છે. રંગીન ચિત્રોવાળી રસપ્રદ વાર્તા.

ISBN 978-81-237-4065-2

**સાપમાં સલવાણાં**

Snake Trouble

રસ્કિન બૉન્ડ

અનુવાદ : મમતા પંડ્યા ચિત્રકાર : મિકી પટેલ પૃ. 32 રૂ. 35.00

અવનવાં પ્રાણીઓ પાળવાના શોખીન દાદાજી એકવાર એક અજગર લાવી બેઠા. આ અજગરે તો આખા ઘરમાં તોફાન મચાવી દીધા અને રીબીમાશીનાં તો હોંશ જ ઊડી ગયા હતા. વાર્તાનાં ચિત્રો પણ બહુ રમૂજી છે.

ISBN 978-81-237-1191-1

**સિંહ અને શેળો**

The Lion and the Hedgehog

જે. બી. શર્મા અનુવાદ : ભાગ્યેન્દ્ર પટેલ પૃ. 16 રૂ. 40.00

જંગલના રાજા સિંહે તુચ્છ અને ગંદા જાનવર ગણીને શેળાઓને પોતાની ગુફામાંથી કાઢી મુકાવ્યા. પરંતુ એ જ નાના જીવ ખૂબ ઉપયોગી હોવાનું સિંહને જાણવા મળ્યું તો એને દુ:ખ થયું અને શેળાઓને પાછા બોલાવી લીધા. સરળ શૈલીમાં એક માર્મિક વાર્તા.

ISBN 978-81-237-5268-6

**સિંહબાળ ગર્જના કરવાનું શીખે છે**

A Baby Lion Learns Roar

ઈંદુ રાણા

અનુવાદ : સોનલ પરીખ ચિત્ર : ગુરમીત સિંહ પૃ. 20 રૂ. 45.00

સિંહનું નાનું બચ્ચું પોતે ત્રાડ નથી પડી શકતું ત્યારે તેને ત્રાડ પાડવાનું શીખવવા તેના પિતા હાથી, શિયાળ, બિલાડી, વગેરે અનેક પ્રાણીઓને બોલાવે છે પરંતુ સિંહબાળ એમની પાસેથી ત્રાડ પાડવું શીખી શકતું નથી. છેવટે એકવાર સામે આવેલી પરિસ્થિતિ જ તેને ત્રાડ પાડવાનું શીખવી દે છે. સરસ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9438-9

**સુગરીનો માળો**

The Wearer Bird's Nest

આરીષ મહેતા

અનુવાદક : દીપન્વિતા રોય ચિત્રકાર : અનુપ રાય પૃ. 24 રૂ. 70.00

સુગરી નામનો પંખી કેવી રીતે પોતાનો માળો બનાવતા શીખ્યું તેની સરસ વાર્તા આ પુસ્તકમાં છે. ચિત્રો પણ ખુબ સુંદર છે.

ISBN 978-81-237-9368-9

**સુબ્રહ્મણ્યમ્ ભારતી**

Subramanyam Bharti

રા.અ. પદ્મનાભમ અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા પૃ. 72 રૂ. 7.00

પ્રકૃતિપ્રેમી સુબ્રહ્મણ્યમ બાળપણથી જ કવિતા રચવા લાગેલા. નાની ઉંમરે તેમની વિદ્વતા જોઈને મોટા વિદ્વાનો પણ અચંબો પામી જતા. કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા, સાહસ અને સ્પષ્ટતા તેમના મહાન ગુણ હતા. તેમનામાં આત્મવિશ્વાસ અને સ્વાભિમાનનો અજબ સમન્વય હતો. પણ ઘમંડ જરાય નહોતું. રાજકારણ અને સાહિત્યમાં તેમનું પ્રદાન છે.

**સૂરજ અને શશી**

The Sun and the Moon

વર્ષા દાસ ચિત્રકાર : જગદીશ જોશી પૃ. 16 રૂ. 13.00

ભારતીય લોકકથા પર આધારિત આ સચિત્ર પુસ્તકમાં સૂરજ, ચંદ્ર તથા દિવસ અને રાત્રિ વિશેની વાર્તા આપવામાં આવી છે. ISBN 81-237-2074-

**સૂરજ ચાંદો સાથે સાથે**

Suraj Chanda Sath Sath

સંજીવ જાયસ્વાલ 'સંજય'

અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : ઇરશાદ કપ્તાન પૃ. 24 રૂ.55.00

સૂરજ અને ચાંદો - બે ભાઈ ક્યારેય એકબીજાને ભેગા મળી શકતા ન હતા. એક્વાર ચાંદાની જીદથી બંને સાથે મળીને ફરવા નીકળ્યા. પછી શું થયું એ ભારે રોચક અને મનોરંજક કથા ચિત્રો સાથે આ પુસ્તકમાં માણવા મળશે. ISBN 978-81-237-9481-5

**સૂરજમુખી અને પતંગિયાં**

Sunflowers and Butterflies

જયંતિ મનોકરન

અનુવાદ : ચારુ દડિયા ચિત્રકાર : સુજષા દાસ ગુપ્તા પૃ. 24 રૂ. 45.00

નાનકડી છોકરી કંચને બાગમાં ઊડતાં પતંગિયાં પકડવાની બહુ કોશિશ કરી પણ એકે પતંગિયું તેના હાથમાં ન આવ્યું. આથી ઉદાસ થઈ તેણે પતંગિયા પકડવાનું છોડી કાગળ, પીંછી અને રંગો લીધાં. આમ કરતાં તેને એક અદ્‌ભુત દુનિયાની સફર માણવા મળી. ચિત્રો આકર્ષક છે.

ISBN 978-81-237-1476-9

**સોનપરી સાથે દોસ્તી**

Sonpari Se Dosti

અખિલેશ શ્રીવાસ્તવ 'અમન'

અનુ. : લતા અમિત જોશી ચિત્ર : ઈસ્સાદ કપ્તાન પૃ. 16 રૂ. 40

શ્વેતા નામની છોકરી સ્કૂલમાં તેની સખી સાથે કોઈ વાતમાં રિસાઈ ગયેલી. એ રાત્રે એને સ્વપ્ન આવ્યું અને સપનામાં સોનપરીએ શ્વેતાને ખૂબ સરસ શિખામણ આપી. બોધ આપતી વાર્તા સરસ શૈલીમાં આલેખાઈ છે. ISBN 978-81-237-9282-8

**સોનાની સફર**

Sona's Adventure

તારી તિવારી અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : મિકી પટેલ પૃ. 32 રૂ. 5.50

સોના નામના ઊંટની વાર્તા. તેના બેડોળ સ્વરૂપને લીધે અન્ય પ્રાણીઓને એને ચીડવે છે. બોધદાયક સચિત્ર કથા.

**સૌગંદ માટીરંગા મશરૂમના**
Kasam Matmele Masroom ki
નીલમ સક્સેના ચંદ્રા
અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ ચિત્ર : સુરેશ લાલ પૃ. 16 રૂ.40.00
રેશમ નામના ખૂબ સુંદર પતંગિયાને માટીરંગા મશરૂમની સાથે દોસ્તી થઈ તે રેશમનાં બીજાં સાથી પતંગિયાંઓને ન ગમ્યું. પરંતુ એકવાર ભારે મુસીબતના સમયમાં એ જ મશરૂમે પોતાનું બલિદાન આપીને બધાં પતંગિયાંને ઉગારી લીધાં. સુન્દર ચિત્રો સાથે મજાની વાર્તા.
ISBN 978-81-237-9447-1

**સૌથી વહાલું કોણ ?**
Mid Summer Contest
રાધા એમ. ખંબડકોણે
અનુવાદ : રમણલાલ સોની ચિત્રકાર : ડીન ગાસ્પર પૃ. 32 રૂ. 9.00
સૂરજ માટે કયા વૃક્ષને કેટલો પ્રેમ છે તે સાબિત કરવાની હરીફાઈ યોજાય છે. અંતે સૂરજે શો ફેંસલો આપ્યો તે જાણવા વૃક્ષોના દુનિયાની અદ્ભુત વાર્તા કહેતી આ સચિત્ર કથા વાંચવી જ રહી.
ISBN 81-237-0283-1

**સૌના સાથી સૌના દોસ્ત**
Sauna Sathi Sauna Dost
ઉમાશંકર જોશી ચિત્રકાર : મિકી પટેલ પૃ. 32 રૂ. 55.00
ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો સુંદર ચિત્રો સહિત રજૂ કરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં ગાંધીજીના વિશિષ્ટ વ્યક્તિત્વની ઝાંખી મળે છે.
ISBN 81-237-2083-1

**સ્વરાજ્યની કથા (ભાગ-1)**
Story of Swarajya Part-1
વિષ્ણુ પ્રભાકર
અનુવાદ : ભારતી વૈદ્ય ચિત્રકાર : એસ. ભટ્ટાચાર્ય પૃ. 64 રૂ. 8.50
સ્વરાજ્યની આ લડતમાં લડનારા કેટલાક ભારતીય દેશભક્તો, નેતાઓ અને શહીદો વિશેના સંક્ષિપ્તમાં સચિત્ર ઇતિહાસ.
ISBN 978-81-237-2083-8

**સ્વરાજ્યની કથા (ભાગ-૨)**

Story of Swarajya Part-2
સુમંગલ પ્રકાશ
અનુવાદ : ભારતી વૈદ્ય ચિત્ર : પી. ખેમરાજ પૃ. 64 રૂ. 30.00
સ્વરાજ્યની લડતમાં આખરે ભારતવાસીઓની જીત થઈ, દેશ આઝાદ થયો અને દેશનું ગણતંત્ર રચાયું એનો સંક્ષિપ્ત ઇતિહાસ આ પુસ્તકમાં આલેખાયો છે.
ISBN 978-81-237-6592-1

**સ્વર્ગની યાત્રા**

A Trip to Heaven
આર.કે. નારાયણ અનુવાદ : કુન્દનિકા કાપડીઆ પૃ. 184 રૂ. 29.00
પ્રખ્યાત વાર્તાકાર આર.કે. નારાયણની આ કૃતિમાં માલગુડીના દસ વર્ષના સ્વામીનાથનના શાળાજીવનના પ્રસંગોનું રસપ્રદ આલેખન થયેલું છે. રોમાંચક અનુભવો અને મોજમસ્તી વગર સ્વામીનાથનનો સંસાર અધૂરો છે. આ પુસ્તક પર આધારિત ટી. વી. સિરિયલ પણ ખૂબ પ્રસિદ્ધ થઈ હતી.
ISBN 81-237-1410-6

**સ્વામી અને મિત્રો**

Swami and His Friends
આર. કે. નારાયણ અનુવાદક : કુન્દનિકા કાપડીઆ
ચિત્રકાર : મનોભિરામ ચક્રવર્તી પૃ. 184 રૂ. 60.00
માલગુડીના દસ વર્ષના સ્વામીનાથન માટે જીવનનો અર્થ છે શિક્ષકો, શાળાનું કામ, ક્રિકેટ, દાદી તથા બીજું ઘણું બધું. રોમાંચક અનુભવો અને મોજમસ્તી વગર સ્વામીનો સંસાર અધૂરો છે. એને બે વખત નિશાળમાંથી કાઢી મૂકવામાં આવે છે અને પછી એક દિવસ તે પોતે જ ઘરેથી ભાગી જાય છે. આ પુસ્તક પરથી બનેલી 'માલગુડી ડેઈઝ' ટીવી સિરિયલ બહુ લોકપ્રિય થઈ હતી.
ISBN 978-81-237-1410-3

**શાક બજાર**

Sabzi Mandi
સર્વેંદ્ર વિક્રમ
અનુવાદક : અંજલી જૈન ચિત્રકાર : મિલ્ટુની ચૌધરી પૃ. 27 રૂ. 55.00
નાની બાળકી એક દિવસ પિતા સાથે શાકભાજી બજારમાં જાય છે. ત્યાં તે શાકભાજીના વેપારનાં અદ્‌ભુત દૃશ્ય જુએ છે. બજારમાં થોડીવાર તે પિતાથી છૂટી પડી જાય છે. બાળકીના કુતૂહલનું સચિત્ર વર્ણન કરાયું છે.
ISBN 978-81-237-9371-9

### હરિયાળી અને પાણી

Hariyali Aur Pani

રામેશ્વર કામ્બોજ 'હિમાંશુ'

અનુવાદક : અંજલી જૈન ચિત્રકાર : અરૂપ ગુપ્તા પૃ. 16 રૂ. 35.00

આ પુસ્તકમાં હરિયાળી માટે પાણીનું મહત્ત્વ સમજાવતી વાર્તા છે. હરિયાળી અને પાણી વચ્ચે એકવાર બોલાચાલી થતાં પાણી હરિયાળીને છોડીને ક્યાંક દૂર જતુ રહ્યું. પાણી વગર હરિયાળી સુકાવા લાગી. એવામાં સંયોગવશ પાણીને પણ હરિયાળીની યાદ આવી. પછી શું થયું તેની સચિત્ર સરસ વાર્તા આ પુસ્તકમાં છે. ISBN 978-81-237-9365-8

### હાથી અને કૂતરો

Elephant and Dog

બદ્રી નારાયણ પૃ. 88 રૂ. 10.00

એક રાજાને ત્યાં એક હાથી હતો. હાથીની દેખરેખ રાખતા મહાવતને ત્યાં એક કૂતરો હતો. હાથી અને કૂતરા વચ્ચે દોસ્તી થઈ. પછી શું થયું તે માટે આ સચિત્ર પુસ્તિકા વાંચવી જ રહી માર્મિક વાર્તા. ISBN 81-237-4016-6

### હાથી અને ભમરાની દોસ્તી

Aanayum Vandum Kottukaaraya Katha

ટી. આર. રાજેશ અનુવાદ : ભાગ્યેન્દ્ર બહાદુરભાઈ પટેલ પૃ. 24 રૂ. 55.00

મધ પીવા માટે કમળના ફૂલમાં ગયેલો એક લાલચુ ભમરો ફૂલમાં ફસાઈ ગયો. અને નાનકા હાથીએ એણે કેવી રીતે બચાવીને બહાર કાઢ્યો એની સરસ સચિત્ર વાર્તા.

ISBN 978-81-237-9504-1

### હ્યુઆન-ત્સાંગનો ભારત પ્રવાસ

Huan-Tsang's Journey to India

બિલિંદર અને હરિંદર ધનોઆ

અનુવાદ : જયન્ત મેઘાણી ચિત્રકાર : પોલીના ધનોઆ પૃ. 56 રૂ. 7.00

સમ્રાટ હર્ષના સમયમાં બૌદ્ધ ધર્મના જ્ઞાન-ભંડારની ખોજમાં ભારત આવેલા ચીની યાત્રી હ્યુઆન-ત્સાંગની પ્રવાસકથા. એ યુગના લખાણો પરથી આલેખાયેલી આ કથા. એણે જોયેલાં સ્થળો અને લોકોનાં વર્ણન એ કાળનો હિન્દુસ્તાનનો સરસ ચિતાર આપે છે.

ISBN 81-237-1309-6

# એશિયા-પૅસિફિક સંયુક્ત પ્રકાશન કાર્યક્રમ

**આધુનિક એશિયાઈ વાર્તાઓ**

Stories from Asia Today

અનુવાદ : વાસંતી મુનશી પૃ. 136 રૂ. 45.00

બાળ-કિશોરો માટેના આ સંકલનમાં એશિયાના ચૌદ દેશોની વાર્તાઓ આપવામાં આવી છે. બાળસહજ કૌતૂહલ અને નિર્દોષ કિશોરમાનસનું ચિત્રણ કરતી વાર્તાઓ માર્મિક શૈલીમાં આલેખાઈ છે. વાર્તાઓ સાથે સરસ ચિત્રો પણ અપાયા છે.

ISBN 978-81-237-2224-5

**ચાલો હસીએ**

Laughing Together

અનુવાદ : ધીરુબહેન પટેલ પૃ. 176 રૂ. 70.00

એશિયા-પૅસિફિક દેશોનાં વાર્તાઓ, હાસ્યકથાઓ, ઉખાણાં અને કહેવતોનું સંકલન. એશિયા તથા પૅસિફિકના યુનેસ્કો સદસ્ય પ્રદેશોના સંયુક્ત પ્રયાસો તથા યુનેસ્કોના સહકારથી તૈયાર થયેલ આ પુસ્તકમાં અઢાર દેશોની ચોપ્પન વાર્તાઓ, ચોપ્પન ઉખાણા, ત્રેવીસ કહેવતો અને ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ISBN 978-81-237-1465-3

**વૃક્ષો**

Trees

અનુવાદ : દીપક પી. મહેતા પૃ. 68 રૂ. 70.00

આ પુસ્તકમાં એશિયા-પેસિફિક પ્રદેશનાં આશ્ચર્યજનક વૃક્ષો, વાર્તાઓ અને લેખોની માહિતી છે. જંગલનું નિવસન તંત્ર અને આપણે વૃક્ષોનો ઉપયોગ કેવી રીતે કરીયે, એની સચિત્ર માહિતી આ પુસ્તકમાં અપાઈ છે.

ISBN 978-81-237-4209-0

# નવશિક્ષિત સાહિત્યમાળા

### અક્કલ બડી કે ભેંસ

Akkal Badi Ke Bhens

દિલીપ રાણપુરા ચિત્રકાર : શૈબાલ ચેટરજી પૃ. 16 રૂ. 3.50

બપોર વેળાએ જંગલને રસ્તે જતા બે ગરીબ જુવાન ભાઈઓએ શિકારે નીકળેલા તાલુકદાર અભેસિંહની તરસ છીપાવી. બદલામાં તેમને અક્કલ મોટી કે ભેંસ તેનો પાઠ શીખવા મળ્યો. બોધપ્રદ વાર્તા. ISBN 81-237-2053-X

### અજવાળું

Ujala

આશા દુબે અનુવાદ : રવીન્દ્ર ર. અંધારિયા પૃ. 16 રૂ. 14.00

પોતાના પતિનું અકાળે મૃત્યુ થવાથી વિધવા થયેલી ગવરીને સમાજના મહેણાટોણા સાંભળવા પડતા હતા. પોતે વૈદની દીકરી હતી એટલે આગળ ભણીને લોકસેવા કરવાની હામ ભરી એણે ઈર્ષ્યાળુઓનાં મોઢાં સીવી દીધાં.

ISBN 978-81-237-3673-0

### આ જવાબદારી કોની ?

He Jababdari Konachi ?

બાલકૃષ્ણ બોકીલ અનુવાદ : મીનળ દીક્ષિત ચિત્ર : મધુ પાટીલ પૃ. 28 રૂ. 40.00

વાર્તાલાપ શૈલીમાં લખાયેલા આ પુસ્તકમાં કન્યા-કેળવણીની બાબતે ભાર મૂકી પ્રૌઢ-શિક્ષણના વર્ગો દ્વારા અશિક્ષિત મહિલાઓમાં શિક્ષણની જાગૃતિ લાવવા બાબતે પ્રકાશ પાડવામાં આવ્યો છે. ISBN 978-81-237-8793-0

### આંખોની સંભાળ નજરનું રક્ષણ

Ankho Ki Dekhbhal Nazar Ka Bachav

ઉદયચંદ્ર ગુપ્ત અનુવાદ : સરલા જગમોહન પૃ. 28 રૂ. 8.00

માનવ શરીરની અણમોલ દોલત ગણાતી આંખોને સ્વસ્થ અને સુરક્ષિત રાખવા કેવી રીતે સંભાળ લેવી તેનું વર્ણન આ પુસ્તકમાં છે. નજરની ખામીઓ, આંખોના રોગ તથા તેની સારવારને લગતી માહિતી સચિત્ર આપવામાં આવી છે. નેત્રદાનનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું છે. ISBN 81-237-1762-8

**આંસુની ખારાશ**

Ansuni Karash

ચિનુ મોદી પૃ. 16 રૂ. 14.00

એક સંવેદનશીલ યુવક કિરપાના ત્યાગની કહાણી આ પુસ્તકમાં આલેખાઈ છે. ઊંચનીચના ભેદભાવ તેમજ સામાજિક કુરિવાજો પર આ વાર્તા પ્રહાર કરે છે.

ISBN 978-81-237-2733-2

**ઉત્તર-રામ-ચરિત**

Uttr-Ram-Charit

જયાનન્દ દવે પૃ. 24 રૂ. 7.00

રામના પાછલા જીવનની કથા ઉપર મહાકવિ ભવભૂતિએ રચેલા 'રામચરિત' નાટકને આધારે લખાયેલા આ પુસ્તમાં સીતાત્યાગ અને તે પછી રામના દુઃખની કહાણી છે.

ISBN 81-237-2888-3

**એણે કહેલું**

Usne Kaha The

ચંદ્રધર શર્મા 'ગુલેરી' રૂપાંતરકાર : અમિતેશ્વર

અનુવાદ : વર્ષા દાસ પૃ. 20 રૂ. 6.00

જવામર્દ સરદાર લહનાસિંહની કુરબાનીનું માર્મિક બયાન આ વાર્તામાં છે. સૂબેદાર તેમજ એના દીકરાનો જીવ બચાવીને લહનાસિંહે સૂબેદારણને આપેલું વચન પાળ્યું. પોતે ઘાયલ થઈને મોતને ભેટ્યો, માત્ર એટલા ખાતર કે 'એણે' એટલે કે સૂબેદારાણે કહેલું.

ISBN 81-237-1451-3

**એમ કેમ ?**

Asa Ksan?

બાળકૃષ્ણ બોકીલ અનુવાદ : વર્ષા દાસ પૃ. 24 રૂ. 20.00

સમાજમાં મહિલાને છોકરી તરીકે જન્મથી માંડીને ઘણા બધા અન્યાયના ભોગ બનવું પડે છે. એક વ્યથિત મહિલાની હૈયાવરાળ જૂજ શબ્દોમાં અસરકારક રીતે રજૂ થઈ છે.

ISBN 978-81-237-1380-9

**એ રાતની વાત**

Us Raat Ki Baat

મિથિલેશ્વર  અનુવાદ : વનમાળા દેસાઈ ચિત્ર : મનોભિરામ ચક્રવર્તી પૃ.12  રૂ. 20.00

મુશ્કેલીમાં સપડાયેલી ડોસીને ભિખારણ સમજી મદદ ન કરનારે એક શહેરીજનને પોતાને સંકટ પડ્યું ત્યારે એક ડોસીએ તેના પ્રત્યે કેવી સેવાભાવના દાખવી તેની કહાણી છે. આ વાર્તામાં ગ્રામીણ લોકોની પરોપકારી-સેવાભાવી વૃત્તિના દર્શન થાય છે.

ISBN 978-81-237-1442-4

**કાકી**

Kaki

સિયારામશરણ ગુપ્ત  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 8  રૂ. 5.00

કાકીના મરણનો સાચો મતલબ સમજી ન શકતા નાનકડા બાળક શામૂના બાળસહજ મનનું માનવીય ચિત્રણ કરતી માર્મિક વાર્તા.

ISBN 81-237-1649-4

**કાયદાના ફાયદા**

Kayadana Fayada

મીનળ દીક્ષિત  પૃ. 48  રૂ. 8.00

ગામડાના લોકોને ધ્યાનમાં રાખી લખાયેલા આ પુસ્તકમાં ભાડાના મકાન, છૂટાછેડા, ખેતમજૂરી કામ સંબંધી તેમ જ જમીન-મિલકતને લગતા કાયદાઓ વિશેની સમજણ ટૂંકી વાર્તાઓ માધ્યમે આપવામાં આવી છે.

ISBN 81-237-1213-8

**કાંઠા વિભાગનાં લોકગીતો**

Kantha Vibhagnan Lokgito

સોમભાઈ પટેલ  પૃ. 16  રૂ. 1.25

ગુજરાતના કાંઠા વિભાગમાં રહેતા લોકોનાં જીવન અને તેમની રીતભાતને વર્ણવતા લોકગીતો તેમની લોકબોલીના અસલ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. ચિત્રો ગીતોના ભાવ અને અર્થ વધુ સ્પષ્ટ કરે છે.

**કુટિર**

Kutir

નિખિલેશ દેસાઈ  ચિત્ર : લાલુ પટેલ, ડી.સરકાર  પૃ. 28  રૂ. 30.00

આ પુસ્તકમાં ગામડામાં રહેતી બહેનોને ઘર ઉપયોગી કેટલીક જરૂરી માહિતી આપવામાં આવી છે. ધુમાડારહિત ચૂલો, વરસાદમાં ધોવાઈ ન જાય એવી ઘરની પાકી દીવાલો વગેરેની રચના કઈ રીતે કરવી તથા શાકભાજી અને અનાજની જાળવણી કઈ રીતે કરવી તેની રીતો સચિત્ર સમજાવવામાં આવી છે.

ISBN 978-81-237-1137-9

### કોઠીની વાત કે'વી નંઈ !

Kothini Vaat Ke'vi Nain !

સ્વામી આનંદ પૃ. 16 રૂ. 17.00

પોતે શૂરવીર અને નિશાનચી હોવાની બડાશ હાંકતા રહેતા તીરમારુ હમીર બંકા સામે સાચે જ સંકટ આવી પડ્યું ત્યારે તેની શી દશા થઈ એની માર્મિક કથા.

ISBN 978-81-237-2667-0

### ખેતીનાં તીરથ

Khetinan Teerath

રાજુભાઈ જંત્રાણિયા પૃ. 16 રૂ. 1.25

ખેતી વિષયક માહિતી અને શિક્ષણ આપતાં દક્ષિણ ગુજરાતમાં કેટલાંક કેન્દ્રો જેવાં કે સુરત, નવસારી, બારડોલી વગેરેની માહિતી આપવામાં આવી છે. સ્થળો ખેડૂતોને માટે ખેતીની બાબતે તીર્થધામ જેવાં છે. રસપ્રદ શૈલીમાં લખાયેલું આ પુસ્તક ખેડૂતો માટે ઉપયોગી છે.

### ખેમી

Khemi

રામનારાયણ પાઠક 'દ્વિરેફ'

રૂપાંતરકાર : વર્ષા દાસ ચિત્ર : સ્વપન સરકાર પૃ. 16 રૂ. 17.00

વ્યસન, અજ્ઞાન અને અંધશ્રદ્ધાના પરિણામે હાથે કરી દુઃખમાં સપડાતાં સફાઈ કામદાર દંપતીની વ્યથાકથા વેધક રીતે રજૂ થઈ છે. સચિત્ર પુસ્તક. ISBN 978-81-237-1379-3

### ગાગરમાં સાગર

Gagarman Sagar

હર્ષદેવ માધવ ચિત્ર : પાર્થ સેનગુપ્તા પૃ. 24 રૂ. 7.00

કઠ, છાંદોગ્ય અને બૃહદારણ્યક નામનાં ઉપનિષદો પર આધારિત વાતીનું સંક્ષિપ્ત સંકલન. આ કથાઓમાં સત્ય, નમ્રતા, મહાનતા, નીડરતા જેવા ગુણો વિશે બોધ રહેલો છે.

ISBN 81-237-2886-7

### ગોવિંદ ગુરુ

Govind Guru

જ્યોતિપુંજ

અનુવાદ : પ્રમોદ જોશી ચિત્ર : રણજિત સિંહા પૃ. 44 રૂ. 40.00

વણજારા જાતિમાં જન્મેલા સંત ગોવિંદ ગુરુની જીવનકથાનું સંક્ષિપ્ત આલેખન, ભીલ જાતિના લોકોના ઉદ્ધાર માટે તેમણે અંગ્રેજીની સામે આંદોલન ચલાવ્યું હતું. આખું જીવન તેમણે ભીલ લોકોની સેવામાં વ્યતિત કર્યું. ISBN 978-81-237-1216-1

**ગ્રાહક મંચની ધાક**

Dande Ka Dar પૃ. 12 રૂ. 9.00

રાજુરકર રાજ

અનુવાદ : ભાગ્યેન્દ્ર પટેલ ચિત્રાંકન : દેવયાની દાસગુપ્તા

સીધાસાદા એવા કરસનને દુકાનવાળો છેતરી જતો હતો. એવામાં એક બૅંક કારકુન એની વહારે આવ્યો અને તેને ગ્રાહક મંચની જાણકારી આપી. આ રીતે એણે કરસનને તો છેતરાતાં બચાવ્યો જ પણ દુકાનવાળાનીય સાન ઠેકાણે લાવી દીધી. ગ્રાહક મંચનો પ્રભાવ સમજાવતું પુસ્તક.

ISBN 978-81-237-5536-6

**ચતુર દીકરી**

Chatur Deekri

ચિત્રા નાઈક અનુવાદક : વર્ષા દાસ પૃ. 8 રૂ. 18.00

આ વાર્તામાં એક ગરીબ ખેડૂતની દીકરી યુક્તિપૂર્વક કેવી રીતે એક શાહુકારથી પોતાને અને ઘરના કરજને બચાવી લે છે એ દર્શાવવામાં આવ્યું છે.

ISBN 978-81-237-1834-7

**ચાલો દ્વારકા**

Chalo Dwarka

મુકુલ કલાર્થી પૃ. 16 રૂ. 1.25

પવિત્ર ધામ દ્વારકા નગરી વિશેની માહિતીપ્રદ વાતો આ પુસ્તકમાં અપાઈ છે. દ્વારકા ધામના મહિમા અને તેના ઐતિહાસિક મહાત્મ્યનું આલેખન થયું છે.

**ચૂંટણીનું ચક્કર**

Chunavi Chakkar

પ્રેમસિંહ નેગી અનુવાદ : રમેશ ર. દવે ચિત્ર : પ્રબીરકુમાર સેનગુપ્તા પૃ. 16 રૂ. 17.00

દેવીપુરા ગામના લોકો વરસોથી સરપંચ બનતા રહેલા ચાલુરામનાં કરતૂતોથી ત્રાસી ગયા હતા. ચાલબાજ ચાલુરામ આ વખતે સરપંચની ચૂંટણીમાં છળકપટ કરવા જતાં ફાવ્યા નહીં. એન સીધાસાદા ભોળારામે કેવો પાઠ ભણાવ્યો એની ચોટદાર વાર્તા.

ISBN 978-81-237-3662-4

**જનકરાજાની સભા**

Janakrajani Sabha

વિજય પંડ્યા      ચિત્ર : પરેશ ચૌધરી      પૃ. 16      રૂ. 17.00

'બૃહદારણ્યક ઉપનિષદ' પર આધારિત આ પુસ્તકમાં મહાવિદ્વાન યાજ્ઞવલ્ક્ય અને અન્ય વિચારકોના સંવાદ રજૂ કરાયા છે જેમાં જીવન, જગતમાં મૂળતત્ત્વ વિશે ચર્ચા કરવામાં આવી છે. ISBN 978-81-237-2887-2

**ડોશીમાનું વૈદું**

Doshimanun Vadun

ચૂનીભાઈ ભટ્ટ      પૃ. 16      રૂ. 1.25

ગામડાના જનજીવનમાં નાનામોટા રોગોમાં ઉપયોગી જડીબુટ્ટીઓ અને દેશી ઉપચારોની વિગતો આપવામાં આવી છે. ઘર-આંગણે મળી આવતી દવાઓને ડોશીમાનું વૈદું તરીકે પણ ઓળખવામાં આવે છે.

**ઢોલ**

Dhol

અમિતેશ્વર   અનુવાદ : વર્ષા દાસ   ચિત્ર : શૈબાલ ચેટજી      પૃ. 16      રૂ.20.00

એક સુખી ખેડૂતનો એકનો એક દીકરો તેના પોતાના પુત્રના જન્મપ્રસંગે અંગ્રેજી બેન્ડવાજા વગડાવીને પૈસાનું પાણી કરી નાખે છે. બાપની સાદી સલાહને અવગણતાં આખરે એ ઉડાઉ દીકરાને કરજમાં પાયમાલ થવાનો વારો આવ્યો. મર્મસ્પર્શી વાર્તા સરળ ભાષામાં આલેખાઈ છે. ISBN 978-81-237-1650-3

**તરત સારવાર**

Turant Upchar

ડૉ. યતીશ અગ્રવાલ      અનુવાદ : રમેશ ર. દવે      પૃ. 40      રૂ. 10.00

આ પુસ્તકમાં નાની-મોટી ઈજાઓ અને અકસ્માત ટાણે શી અને કેવી રીતે પ્રાથમિક સારવાર તથા સંભાળ લેવી એની સચિત્ર માહિતી આપવામાં આવી છે. ISBN 81-237-3661-4

**ત્રણ કહાણી પંચતંત્રની**

Teen Kahaniyan Panchtantra Se

રૂપાંતર : વિનીતા અગ્રવાલ   અનુવાદ : વર્ષા દાસ      પૃ. 20      રૂ. 15.00

પંચતંત્રની ત્રણ રોચક વાર્તાઓ આ પુસ્તકમાં અપાઈ છે જે દરેકમાં બોધ રહેલો છે.

ISBN 978-81-237-1907-8

### ત્રણ સવાલ

Teen Sawal

લીઓ તોલ્સતોય  અનુવાદ : વર્ષા દાસ  પૃ. 16  રૂ. 5.00

એક રાજા એવા ઉપાયની શોધમાં હતો કે તેનો કદી પરાજય ન થાય. રાજાના મનમાં ત્રણ સવાલ ઉદ્ભવ્યા. કોઈ કાર્ય કરવા માટેનો સાચો સમય કયો ? કોની વાત સાંભળવી ? અને સૌથી જરૂરી કામ શું ? આ પ્રશ્નોના જવાબ એ સાધુએ કઈ રીતે આપ્યા તેનું મર્મસ્પર્શી આલેખન આ પુસ્તકમાં છે. ISBN 81-237-1560-9

### દયાળુ રાજકુમાર

Dayalu Rajakumar

કાલિન્દી પરીખ  ચિત્ર : સંતોષ ગુપ્તા  પૃ. 20  રૂ. 15.00

સંસ્કૃત કવિ શ્રીહર્ષના ‘નાગાનંદ’ નાટક પર આધારિત આ પુસ્તકમાં દયાસાગર રાજકુમાર જીમૂવાહનની કથા આલેખાઈ છે. દયાધર્મને નિભાવવા પોતાની જાતનું બલિદાન આપતાંય તે અચકાતો નથી. ISBN 978-81-237-2885-8

### દારૂડિયો નંબર એક

Sharabi Number Ek

પ્રેમસિંહ નેગી  અનુવાદ : વર્ષા દાસ  ચિત્ર : આર. ગોમ્સ  પૃ. 16  રૂ. 5.50

દારૂની લતે ચડેલો માણસ પરિવારમાં બરબાદી તો નોતરે જ છે અને પોતે વહેલું મોત પણ ભેટે છે. હાસ્ટ-કટાક્ષ શૈલીમાં આલેખાયેલી દારૂની બૂરી આદત સામે લાલબત્તી ધરતી આ વાર્તા માર્મિક અને ગંભીર પણ છે. ISBN 81-237-1186-7

### ને લાલી સમજણી થઈ

Aisa Huee Sayani Lali

દિનેશ પુરોહિત  અનુવાદ : મનુભાઈ સિન્હા  પૃ. 40  રૂ. 30.00

આ પુસ્તકમાં બે વાર્તાઓ છે. પહેલી વાર્તામાં લાલી નામની છોકરીના સામાજિક સંઘર્ષનું વિવરણ છે. બીજી વાર્તામાં શહેરમાં કામ કર્યા બાદ કાયમ માટે ગામ તરફ પાછા ફરતા યુવક હરિની કહાણી છે. પહેલી વાર્તામાં છોકરીને વિશે સમાજમાં કુરિવાજો તરફ તેમજ બીજી વાર્તામાં વસતિવધારાની સમસ્યા બાબતે અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

ISBN 978-81-237-1256-1

**પહેલવાનનું ઢોલક**

Pehalwan Ki Dholak

ફણીશ્વરનાથ 'રેણુ'

રૂપાંતર : ભારત યાયાવર   અનુવાદ : વર્ષા દાસ   પૃ. 24   રૂ. 16.00

હિન્દી સાહિત્યના અગ્રણી વાર્તાકાર 'રેણુ'ની કલમે આલેખાયેલી આ કહાણી એક એવા પહેલવાનની છે જે જીવનના તમામ ઉતાર-ચઢાવને વેઠતાં ઢોલની થપાટમાં પોતાની શ્રદ્ધા જાળવી રાખે છે. તેના ઢોલના તાલમાં અનેક સંકેતો છે.

ISBN 978-81-237-1561-2

**પહેલું રુદન**

Pahelum Rudan

ધીરજબહેન પારેખ   પૃ. 28   રૂ. 14.00

નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવનાર ફોજદાર કરીમખાનને માતાના લાડકોડમાં ઉછરતાં ક્યારેય પિતાનો ખાલીપો અનુભવાયો નહોતો; છતાં પિતા વિશે તેને મન કુતૂહલ રહેતું. અંતે એ વિશે ભાળ મળી તો કરીમની શી હાલત થઈ તેની હૃદયસ્પર્શી કહાણી આ પુસ્તકમાં છે.

ISBN 978-81-237-2103-3

**પ્રધાનની પ્રતિજ્ઞા**

Pradhanni Pratigna

ગૌતમ પટેલ   ચિત્ર : પાર્થ સેનગુપ્તા   પૃ. 20   રૂ. 17.00

મહાકવિ ભાસે રચિત નાટક 'પ્રતિજ્ઞાયોગન્ધરાયણમ્' પર આધારિત આ પુસ્તકમાં વત્સ દેશના રાજા ઉદયન અને ઉજ્જૈનની રાજકુમારી વાસવદત્તાના પ્રણયની કહાણી છે. વત્સરાજાનો ચતુર પ્રધાન યોગન્ધરાયણ બે પ્રેમીઓનું મિલન કરાવવાની પોતાની પ્રતિજ્ઞામાં સફળ થાય છે.

ISBN 978-81-237-2880-3

**પાણી**

Paani

રામદરશ મિશ્ર   અનુવાદ : વર્ષા દાસ   પૃ. 16   રૂ. 3.50

તરસને કારણે રસ્તામાં બેભાન પડેલા એક જુવાનને પછાત જાતિના બાપ-દીકરાએ પાણી પાયું અને ઘર સુધી મૂકવા ગયા. બદલામાં તે જુવાનના ઉજળિયાત હોવાના અહંકારી બાપે ઉપકાર માનવાને બદલે ગુસ્સાભેર ઠપકો આપ્યો. પણ અંતે પુત્રએ અહંકારી બાપની આંખો ખોલી નાખી. અસ્પૃશ્યતા નિવારણનો સંદેશ વાર્તા.

ISBN 81-237-2068-8

**પારસમણિ**

Parasmani

ઈશ્વર પેટલીકર    રૂપાંતર : વર્ષા દાસ    પૃ. 20    રૂ. 5.50

આ પુસ્તકમાં નાત-જાતના ભેદભાવમાં ચુસ્તપણે માનતા નાથા નામના એક ઢોલ-બજાણિયાના હૃદય પરિવર્તનની વાર્તા છે. અસ્પૃશ્યતા નિવારણની બાબત ખૂબ જ માર્મિક શૈલીમાં હૃદયસ્પર્શી રીતે રજૂ થઈ છે. ISBN 81-237-1375-6

**પિંજરું**

Pinjara

દ્રોણવીર કોહલી    અનુવાદ : સુષમા મેઢ    ચિત્ર : ચિત્રક    પૃ. 24    રૂ. 25.00

પક્ષીને (પાળવાના નામે) પાંજરામાં પૂરીને ખુશ થતા લોકો તરફ કટાક્ષ દર્શાવતી આ વાર્તામાં લેખકે પોપટના માધ્યમે માનવીય ભાવના અને સંવેદનાનું વેધક ચિત્રણ કર્યું છે.

ISBN 978-81-237-1172-0

**પુરંજન-ચરિત**

Puranjan Charit

અજિત ઠાકોર    પૃ. 20    રૂ. 7.00

આ પુસ્તક શ્રીમદ્ ભાગવત્ પુરાણના ચોથા સ્કંધમાં આવતા પુરંજન આખ્યાનને આધારે લખવામાં આવ્યું છે. આ રૂપકથામાં જીવનનું રહસ્ય વણી લેવાયું છે અને તે સરળ ભાષામાં રજૂ કરાયું છે. ISBN 81-237-2889-1

**પોતાના જ પગ પર કુહાડી**

Apne Hi Pairo Par Kulhadi

બી.કે. સિન્હા, સુભાષ ચન્દ્રા    અનુવાદ : વર્ષા દાસ    પૃ. 25    રૂ. 6.50

પૃથ્વી પર મનુષ્યની ઉત્પત્તિ થઈ ત્યારથી જ વૃક્ષો તેના જીવનમાં ઘણાં ઉપયોગી રહ્યાં છે. માણસ વૃક્ષનો ઉપયોગ કરતો રહ્યો પરંતુ બદલામાં બીજાં વૃક્ષો ઉગાડવા કે વૃક્ષોનું જતન કરવાની બાબતે કાળજી નથી રાખતો, પરિણામે વૃક્ષોનો વિનાશ થઈ રહ્યો છે. વૃક્ષોનું મહત્ત્વ સમજાવતી કથા. ISBN 81-237-0771-1

**પ્રેમનો સાર**

Prem Ka Saar

યશપાલ    રૂપાંતર : વિનીતા અગ્રવાલ

અનુવાદ : વર્ષા દાસ    ચિત્ર : પાર્થ સેનગુપ્તા    પૃ. 20    રૂ. 25.00

પાકિસ્તાન ચાલી ગયેલા પતિના વિયોગમાં ઝૂરતી પત્નીના પ્રેમ અને બલિદાનની હૃદયસ્પર્શી કહાણી આ પુસ્તકમાં આલેખાઈ છે. ISBN 978-81-237-1439-4

**બદલવાનો હક**

Badlav Ka Hak

રમેશ થાનવી અનુવાદ : વર્ષા દાસ પૃ. 16 રૂ. 5.50

લોકો માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવતાં તેમ જ સગવડ પૂરી પાડતાં શ્રમજીવીઓ પોતે અનેક અભાવો વચ્ચે જીવન વિતાવે છે. પોતાના હક વિશે ભાન થતાં તેઓ બદલાની દિશામાં કદમ ઉપાડે છે.
ISBN 81-237-1304-5

**બહેનો ભણવા માંડે તો ?**

Mahila Padh-Likh Le To ?

અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : જગદીશ જોશી પૃ. 12 રૂ.20.00

અભણ બહેનો ભણવા માંડે ને શિક્ષિત થાય તો તેમને કેવા કેવા લાભ થઈ શકે તે સચિત્ર સમજાવવામાં આવ્યું છે. વાચનમાળા વાંચતી બહેનો માટે ઉપયોગી પુસ્તક.
ISBN 978-81-237-0771-6

**બળતણની તંગી**

Indhan Ki Kami

ચિત્રા નાઈક

અનુવાદ : પ્રમોદ જોશી ચિત્ર : ચંદ્રશેખર જોશી પૃ. 12 રૂ. 25.00

ગામડાંના લોકો બળતણ માટે એકમાત્ર લાકડાં પર આધાર રાખે છે. આ પુસ્તકમાં ગોબરગેસ, સૂર્યકૂકર, નિર્ધૂમ ચૂલાઓ વગેરે બળતણની તંગી નિવારવાના વિકલ્પો વિશે માહિતી આપતી સચિત્ર કથા રજૂ થઈ છે.
ISBN 978-81-237-1286-4

**બાદશાહ સલામત**

Badshah Salamat

ચિનુ મોદી પૃ. 8 રૂ. 5.00

બાદશાહના દરબારમાં કાયમ જીહજૂરી કરનારા એક દીવાનજીને આખરે નિર્ણયની ભારે સંકટમાં ફસાવું પડે છે એની માર્મિક કથા.
ISBN 81-237-2587-6

**બાપુની વાતો**

Papu Ki Batein

ઉમાશંકર જોશી ચિત્ર : શાગાન મુખરજી પૃ. 32 રૂ. 25.00

ગાંધીજીના જીવનના મહત્ત્વના અને યાદગાર પ્રસંગોનું ટૂંકમાં આલેખન થયું છે. એમાં ગાંધીજીની ઉદારતા, સચ્ચાઈ જેવા સદ્‌ગુણોની પ્રતીતિ થાય છે.
ISBN 978-81-237-1127-0

## બેજુમામા

Bejumama

રામવૃક્ષ બેનીપુરી રૂપાંતર : સુરેશ દીક્ષિત

અનુવાદ : મીનળ દીક્ષિત ચિત્ર : જગદીશ જોશી પૃ. 24 રૂ.25.00

આ એક એવા વ્યક્તિની કહાણી છે જે ચોરી કરતાં પકડાઈ જાય છે. જેલથી છૂટ્યા પછી તે શરમનો માર્યો પોતાનું મોં કોઈને પણ બતાવવા નથી માગતો. ચિત્રો આકર્ષક છે.

ISBN 978-81-237-1530-8

## ભવાનીનું આયખું

Ek Aurat Ek Jindgi

રામદરશ મિશ્ર અનુવાદ : દિવ્યા જૈન પૃ. 20 રૂ. 7.00

પતિના મૃત્યુ પછી ભવાનીની માથે એકાએક જવાબદારી વધી ગઈ હતી. તેનાં બે છોકરા હજી નાના હતા અને ઘરમાં ખાવાના સાંસા હતા. આમ છતાં ભવાનીએ ધીરજ રાખી, જાતમહેનત અને સ્વમાનના બળે પગભર થઈ ઈર્ષ્યાળુઓની બોલતી બંધ કરી દીધી. માર્મિક વાર્તા.

ISBN 81-237-3298-8

## ભીમો જોધો

Bhima Jodha

અબ્દુલ મલિક ખાન અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા ચિત્ર : દીપક કુમાર પૃ. 52 રૂ.45.00

કામકાજની શોધમાં શહેરમાં ગયેલા ભીમાની કહાણી છે. શહેરમાં મુસીબતમાં ફસાઈ જતા ભીમાને તેની ભણેલી-ગણેલી પત્ની છૂટકારો અપાવે છે. આ પુસ્તક મહિલા-શિક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડે છે.

ISBN 978-81-237-1179-9

## ભૂત આવ્યું

Bhoot Aaya

ચિત્રા નાઈક અનુવાદ : ઈલા નાયક ચિત્ર : ચંદ્રશેખર જોશી પૃ. 8 રૂ. 20.00

ગામડામાં ભૂત-પ્રેત અંગે પ્રચલિત અંધશ્રદ્ધા અને વહેમ વિશેની ચિત્રકથા. આંબાની વાડીમાંથી ભૂત કેરીઓ ચોરી જાય છે એવી ખબરથી ગામલોકો ભરભીત બને છે, પરંતુ અંતે અસલી ચોર પકડાઈ જાય છે.

ISBN 978-81-237-1258-1

### ભોજન અને આપણું શરીર

Bhojan Aur Hamara Sharir

રેણુ ચૌહાણ અનુવાદ : સરલા જગમોહન ચિત્ર : સ્વપન સરકાર પૃ. 52 રૂ. 30.00

શરીરરૂપી મશીનને યોગ્ય રીતે ચાલવા માટે ખોરાક જરૂરી છે. ખોરાકમાંથી વિટામિન, પ્રોટીન વગેરે કેવી રીતે મેળવી શકાય; ક્યારે, કેટલું ને કેવી રીતે ખાવું; બીમારીમાં શું ખાવું; સસ્તો અને પૌષ્ટિક આહાર મેળવવાના વિવિધ ઉપાયો જેવી બાબતો પર વિસ્તૃત માહિતી આ પુસ્તમાં છે. ખોરાક સંબંધી જ્ઞાનવર્ધક રમતો પણ છે. ISBN 978-81-237-1176-0

### માસ્તર

Masterji

પૃથ્વીરાજ મોગા અનુવાદ : વર્ષા દાસ ચિત્ર : સુભાષ રોય પૃ. 20 રૂ. 19.00

શિક્ષણનું ભાથું આપી વિદ્યાર્થીને નોકરીમાં ઊંચા આસન સુધી પહોંચાડવામાં શિક્ષકનો નિઃસ્વાર્થ ફાળો હોય છે; પણ એક માસ્તરને પોતે ભણાવેલા એક વિદ્યાર્થી તરફથી કેવો અનુભવ થયો એની મર્મસ્પર્શી કહાણી. ISBN 978-81-237-2106-4

### મારી ગાય

Mari Gaay

ગિજુભાઈ બધેકા ચિત્ર : તાપોશી ઘોસાલ પૃ. 28 રૂ. 30.00

દૂધની સગવડના વિચારથી બ્રાહ્મણે ગાય પાળી, પરંતુ ગાય સાથે એને એવી પ્રીત બંધાઈ ગઈ કે ગાય અને એ પોતે જાણે કે એક જીવ થઈ ગયાં.ગૌપ્રેમની હૃદયસ્પર્શી કહાણી આ પુસ્તકમાં છે. ISBN 978-81-237-1292-8

### મેના માસીની વાત

Maina Didi Ki Kahani

જયંતકુમારત્રિભુવન

અનુવાદ : મીનળ દીક્ષિત ચિત્ર : ચંદ્રશેખર જોશી પૃ. 36 રૂ. 35.00

આ પુસ્તકમાં બે વાર્તાઓ છે. બંનેમાં સ્ત્રીને પોતાના અધિકારો વિશે જાણકારી મેળવવા અને અન્યાય સામે લડવાની બાબતનું વર્ણન છે ISBN 978-81-237-1275-8

### રાજકુમાર સાધુ બન્યો

Rajakumar Sadhu Banyo

રમેશ દેસાઈ 'આચાર્ય' પૃ. 12 રૂ. 6.00

મહાકવિ અશ્વઘોષના 'બુદ્ધિચરિત' પર આધારિત આ પુસ્તકમાં ભગવાન બુદ્ધની સાંસારિક જીવન ત્યાગ કરી સંન્યાસી બનવાની વાર્તા છે. ISBN 81-237-2890-5

### રામબાબુની ઑફિસ

Rambabu Ka Office
પ્રેમસિંહ નેગી

અનુવાદ : સરલા જગમોહન ચિત્ર : ચૈતાલી ચટર્જી પૃ. 12 રૂ. 20.00

પોતાના અંગત જીવનમાં તેમ જ ઓફિસના કામકાજમાં સદા બેદરકાર રહેનારા રામબાબુના જીવનમાં અચાનક પલટો આવ્યો. પોતાની દીકરીના તરફથી શિસ્ત અને નિયમપાલનની શિખામણ પામતા રામબાબુની કહાણી બોધપ્રદ શૈલીમાં આલેખાઈ છે.

ISBN 978-81-237-1705-0

### લખમી

Lakhmi
ધૂમકેતુ

રૂપાંતર : ચંદ્રકાન્ત શેઠ ચિત્ર : સંતોષ ગુપ્તા પૃ. 20 રૂ. 19.00

કરકસર કરીને ઘર ચલાવનારી લખમીએ બચાવી રાખેલા પૈસા તેના પતિ પૂંજાને અણીને સમયે કામ લાગ્યા. પૂંજો પોતાને તથા ઘર-પરિવારને બરબાદીમાંથી પણ ઉગારી શક્યો. આકર્ષક ચિત્રોવાળી સંવેદનશીલ કથા.

ISBN 978-81-237-1519-3

### લતા

Ekti Maye Lata
ગાર્ગી ચક્રવર્તી

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા ચિત્ર : નીતા ગંગોપાધ્યાય પૃ. 36 રૂ. 35.00

નાનપણથી સંઘર્ષો વેઠતી લતાની કહાણી. છોકરી માટે સમાજે ઊભી કરેલી અધિકારોની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને છોકરી કરતાં છોકરાનું મહત્ત્વ ઊંચુ આંકતા રૂઢિજડ સમાજની આંખો ખોલવાનો પ્રયત્ન કરતું પુસ્તક.

ISBN 978-81-237-1310-6

### લાલપટેલની 'લાયબરી'

Lalapatelni 'Laybari'

રમણલાલ વ. દેસાઈ પૃ. 28 રૂ. 18.00

સાક્ષરતા અભિયાનને સાર્થક બનાવવા ગામેગામમાં પુસ્તકાલયોની ખૂબ જરૂર છે. એક અભણ ગામડિયા લાલા પટેલે પોતાના ગામના લોકોમાં પુસ્તકો પ્રત્યે અભિરૂચિ કઈ રીતે જગાડી એ બાબત આ વાર્તામાં કહેવામાં આવી છે.

ISBN 978-81-237-2020-3

## વકીલની ફી

Vakil Ki Fees
જીવન યદુ
અનુવાદ : રવિન્દ્ર અંધારિયા    ચિત્ર : પાર્થ સેનગુપ્તા    પૃ. 20    રૂ.19.00
ભણતરના અભાવે ભલીભોળી જીવી અને તેનું કુટુંબ અંધશ્રદ્ધા અને ઠગાઈનો ભોગ બની રહ્યાં હતાં. ગામનો લુચ્ચો શેઠિયો તેને હિસાબકિતાબની વાતે છેતરી રહ્યો હતો. એવામાં એક પરગજુ વકીલે જીવીની વકીલાત કરી અને ફી તરીકે તેમણે જીવી પાસે વાંચતા-લખતાં શીખવા અંગેનું વચન માંગ્યું.
ISBN 978-81-237-3161-2

## વનદેવતા

Vandevta
મોહન પઢીકર    પૃ. 16    રૂ. 1.25
દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વસતાં આદિવાસી લોકોનાં કુળદેવતાઓ અને કુળદેવીઓ વિશેની તેમના મહિમા, માન્યતાઓ સહિત આપવામાં આવી છે.

## વહુ તો આવી જ જોઈએ

Vahu To Aavi Ja Joie
રવીન્દ્ર ખાંડવાલા    ચિત્ર : મનીષ વર્મા    પૃ. 12    રૂ. 16.00
મહાકવિ દંડી લિખિત 'દશકુમાર ચરિત'ની છઠ્ઠી વાર્તા પર આધારિત આ પુસ્તકમાં પોતાના લગ્ન માટે યોગ્ય વધૂની તલાશમાં નીકળતા કાંચી શહેરના નવયુવાન શેઠની કથા. એક ગુણિયલ વહુમાં કેવા સંસ્કારો હોય તેની વાત આલેખાઈ છે.
ISBN 978-81-237-2891-9

## વાદળી સરોવર

Neeli Jheel
કમલેશ્વર    રૂપાંતર : રમેશ થાનવી
અનુવાદ : ઉષા ઉપાધ્યાય    ચિત્ર : દીપક દાસ    પૃ. 24    રૂ. 20.00
સરોવર કિનારે મુક્ત રીતે રહેતાં પંખીઓનો શિકાર થતો જોઈ હૃદયથી દ્રવી ઊઠેલા મહેલા પાંડેએ સરોવરની આસપાસ શિકાર કરવાની મનાઈ ફરમાવી હતી. મહેસા જીવનમાં પણ કેવી કરુણતા હતી તેનું માર્મિક આલેખન પ્રસ્તુત વાર્તામાં થયું છે.
ISBN 978-81-237-3160-5

### શકુન્તલા અને દુષ્યંત

Shakuntla Ane Dushyant

જશવંતી દવે ચિત્ર : સંતોષ ગુપ્તા પૃ. 24 રૂ. 20.00

મહાકવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટક પર આધારિત આ પુસ્તકમાં રાજા દુષ્યંત અને શકુન્તલાની પ્રણયકથા આલેખાઈ છે. ISBN 978-81-237-2884-1

### સત્યની શોધ

Sach Ki Khoj
લીલી જ્યોર્જ
રૂપાંતર : પૂર્વા યાજ્ઞિક કુશવાહા અનુવાદ : વનમાળા દેસાઈ પૃ. 40 રૂ. 8.00
ગૌતમ બુદ્ધના જીવનના કેટલાક પ્રસંગોનું સંક્ષિપ્ત સંકલન. ભગવાન બુદ્ધે સત્યનું જ્ઞાન થયા પછી જીવનભર અનેક સત્યોની શોધ કરી અને લોકોને સત્યનો માર્ગ બતાવ્યો. આકર્ષક ચિત્રો પુસ્તકની સુંદરતા વધારે છે. ISBN 81-237-1486-6

### સવા શેર ઘઉં

Sava Sher Gehun
પ્રેમચંદ રૂપાંતર : મન્નુ ભંડારી
અનુવાદ : મીરા ભટ્ટ ચિત્ર : જગદીશ જોશી પૃ. 24 રૂ. 30.00
માત્ર સવા શેર ઘઉંની ઉધારી ભલાભોળા ગરીબ ખેડૂત શંકરને એટલી મોંઘી પડી કે દેવું ચૂકવતાં એણે પોતાની પ્રાણની આહુતિ આપી તોય તેનું કરજ તો ચૂક્તે ન જ થયું. શાહુકારો દ્વારા થતાં ગરીબ ખેતમજૂરોનાં શોષણન આ હૃદયદ્રાવક કહાણી.

ISBN 978-81-237-1452-3

### સાગર

Sagar

લેખન : વર્ષા દાસ તસવીરો : શંકરરાવ દેશમુખ પૃ. 16 રૂ. 7.00

આ પુસ્તકમાં મનમોહન શ્વેત-શ્યામ તસવીરો સાથે કાવ્યાત્મક શૈલીના આલેખન દ્વારા સાગર અને તેના કિનારાની સ્મરણી સૃષ્ટિ જીવંતપણે રજૂ થઈ છે. ISBN 81-237- 3345-3

### સંગ્રહસ્થાનની મુલાકાતે

Sangrahsthanni Mulakate

મંગેશભાઈ વૈદ્ય પૃ. 16 રૂ. 1.25

સુરતના સરદાર પટેલ સંગ્રહસ્થાન વિશેની માહિતી આપવામાં આવી છે. આ સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલી ઐતિહાસિક ચીજ વસ્તુઓ, તેમના નમૂનાઓ તથા જોવાલાયક અન્ય પ્રાચીન વસ્તુઓ વિશેની જાણકારી આ પુસ્તકમાં છે.

**સોન ટેકરીનું રહસ્ય**

Son Tetdichen Gopik

ચિત્રા નાઈક  અનુવાદ : સરલા જગમોહન  પૃ. 28  રૂ. 7.00

ગામલોકોની અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી સાધુબાવાના વેશમાં ચોરલોકોએ સોન ટેકરી પરના મંદિરને પોતાનો અડ્ડો બનાવી લીધો હતો. શહેરમાં ભણતા છોકરાઓ જ્યારે રજાઓમાં પોતાના ગામમાં આવ્યા તો તેમણે હિમ્મત અને બહાદુરીથી એ ડાકૂઓને પોલીસને પકડાવી દઈ બાવાનું રહસ્ય છતું કર્યું. ISBN 81-237-1736-9

**હડકાયું મોત કહીશું કે હડકવા**

Pagal Maut Kahen Ya Rabiz

ઉદય વીર સિંહ રાણા

અનુવાદ : પ્રમોદ જોશી  ચિત્ર : જગદીશ જોશી  પૃ. 32  રૂ.30.00

ભયાનક રોગ હડકવા વિશેની વિસ્તૃત માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે. હડકવાથી બચવા માટે, કૂતરાં, બિલાડી, વાંદરા વગેરે પ્રાણીઓના કરડતાંવેંત તરત જ સારવાર કરવાની બાબતે ભાર મૂકવામાં આવ્યો છે. ISBN 978-81-237-1220-1

**હવે જવાબ આપો**

Ab Jawab Do

નરેન્દ્ર બામ  અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા  ચિત્ર : જગદીશ જોશી  પૃ. 40  રૂ. 35.00

આ પુસ્તકમાં બે વાર્તાઓ છે. પહેલી વાર્તામાં ગામડાનાં લોકોમાં પ્રવર્તતા ભૂત-પ્રેત ડાકણ અંગેના વહેમ અને અંધશ્રદ્ધાની વાત છે. બુધિયાનો ભણેલો ગણેલો દીકરો મંગળ ગામલોકોના વહેમ દૂર કરે છે. બીજી વાર્તામાં ગરીબી અને કોશિશ વચ્ચેના સંવાદનું માર્મિક આલેખન છે.

ISBN 978-81-237-1173-7

**હાડકું તૂટે તો...**

Haddi Tootne Par...

જિતેન્દ્ર માહેશ્વરી  અનુવાદ : સુષમા મેઢ  ચિત્ર : સુબ્બા ઘોષ  પૃ. 32  રૂ. 30.00

હાડકાં (અસ્થિભંગ)ના નિષ્ણાત દ્વારા લખાયેલા આ પુસ્તકમાં હાથ કે પગનું હાડકું તૂટે તો તેની સારવાર અને સંભાળ કઈ રીતે લેવી એ વિશે સચિત્ર માહિતી આપવામાં આવી છે.

# સતત શિક્ષણ

### અસૂર્યલોક

Asooryalok
લેખક-સંક્ષેપકર્તા : ભગવતીકુમાર શર્મા
ચિત્રકાર : જગદીપ સ્માર્ત    પૃ. 48    રૂ. 30.00

ભારતીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત નવલકથાની સંક્ષિપ્ત આવૃત્તિ. અંધાપાની વ્યથા સાથે ત્રણે પેઢીના જીવનસંઘર્ષની કહાણી ખૂબ જ માર્મિક રીતે આલેખાઈ છે. જ્ઞાનના ઉજાસ આગળ અંધત્વનો અભિશાપ ગૌણ બની જાય છે એની કથા વર્ણવતી મૂળ છસો પાનાની નવલકથાની માત્ર અડતાળીસ પાનામાં સચિત્ર રજૂઆત. ISBN 978-81-237-2181-1

### દૂસરી આઝાદી 'સેવા'

Doosri Azadi-SEWA
ઈલા ર. ભટ્ટ    ચિત્રકાર : પાર્થ સેનગુપ્તા    પૃ. 88    રૂ. 35.00

પહેલી આઝાદી તે વિદેશી હકૂમતમાંથી મુક્તિ. રાજકીય આઝાદી મળ્યા પછી પ્રજા આર્થિક રીતે પગભર થાય તે અત્યંત મહત્ત્વનું બન્યું હતું. એ દિશામાં 'સ્વાશ્રયી મહિલા સેવા સંઘ' (સેવા) દ્વારા પાછલાં પચીસ વર્ષોમાં થયેલ કાર્યોને આ પુસ્તક 'દૂસરી (બીજી) આઝાદી' તરીકે વર્ણવે છે. ISBN 978-81-237-2304-4

### પાણીની જાળવણી

Paanini Jalavani
શામજીભાઈ આંટાળા    ચિત્રકાર : રમણીક ઝાંપડિયા    પૃ. 64    રૂ. 35.00

આ પુસ્તક જીવનની પ્રાથમિક જરૂરિયાત પાણીનો મહિમા અને તેનું મૂલ્ય સમજાવે છે તેમ જ પાણી ગમેતેમ ન વેડફતાં વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરવા બાબતે ચેતવણી આપે છે. પાણીના કરકસરપૂર્વક વપરાશ અને મોટે પાયે પાણીની જાળવણી માટે અનેક ઉપાયો વિશે સચિત્ર માહિતી આ પુસ્તકમાં અપાઈ છે. ISBN 978-81-237-2250-4

### મહાયોગી શ્રી અરવિંદ

Mahayogi Sri Aurobindo
મનોજ દાસ
અનુવાદ : રમેશ બેટાઈ    પૃ. 52    રૂ. 25.00

મહાપુરુષ શ્રી અરવિંદનું આંતરિક જીવન એક યોગીનું હતું. આ મહાન યોગીના જીવન અને કાર્ય વિશે આ નાનકડા પુસ્તકમાં સચોટ ખ્યાલ આપવામાં આવ્યો છે.

ISBN 978-81-237-3676-1

### રાજા રામમોહન રાય

Raja Rammohan Roy

વિજિતકુમાર દત્ત  અનુવાદ : દિનેશ શુક્લ  પૃ. 72  રૂ. 35.00

આ પુસ્તકમાં ક્રાંતિકારી સમાજ-સુધારક રાજા રામમોહન રાયના વિવિધ જીવનપ્રસંગોનું જીવંત ચિત્રણ થયેલું છે. સંક્ષેપમાં લખાયેલા જીવનચરિત્રમાં એમના લાક્ષણિક વ્યક્તિત્વનો પરિચય મળે છે.

ISBN 978-81-237-3675-4

### સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ગીતો

Swatantrya Sangramnan Geeto

સંપાદક : મહેન્દ્ર મેઘાણી  ચિત્રકાર : પાર્થ સેનગુપ્તા  પૃ. 72  રૂ. 30.00

આપણી સ્વરાજની લડત દરમિયાન દેશભક્તિનાં અનેક ગીતો પ્રજાઓ ઉત્સાહભેર ગાયેલાં જેમાં માતૃભૂમિની મુક્તિ માટે ઝંખતો લોકહૃદયનો સાચો રણકો ગાજતો હતો. અનેક ગુજરાતી કવિઓએ આઝાદીની લડતોનો રંગ ઝીલી તેને ગીતો માધ્યમે વાચા આપી હતી. એમાંથી ચૂંટેલાં ગીતો આ સંકલનમાં રજૂ કરાયાં છે.

ISBN 81-237-2182-8

### સ્વાતંત્ર્ય-સંગ્રામની વસંત

Swatantrya Sangramni Vasant

નારાયણ દેસાઈ  ચિત્રકાર : દીપક મૈત્રા  પૃ. 72  રૂ. 30.00

આઝાદીની લડત દરમિયાન ગાંધીજીની આગેવાનીમાં દેશમાં વિવિધ ચળવળો થયેલી જેણે અંગ્રેજ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખેલા. આ પુસ્તક 1871થી 1931ના ગાળામાં થયેલા સત્યાગ્રહોની સંક્ષિપ્ત હેવાલ રજૂ કરાયો છે જે લડતકાળનું જીવંત ચિત્ર ખડું કરે છે.

ISBN 978-81-237-2230-6

### 'હિન્દ છોડો' લડત

'Hind Chhodo' Ladat

ચંદ્રકાન્ત મહેતા  ચિત્રકાર : દીપક મૈત્રા  પૃ. 48  રૂ. 25.00

ભારતીય પ્રજાને ગુલામ બનાવી રાજ કરી રહેલા અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવા હિન્દવાસીઓએ 'કરેંગે યા મરેંગે'ના મંત્ર સાથે સત્યાગ્રહની લડતમાં ઝૂકાવેલું. આ પુસ્તકના લેખક પણ એક સ્વાતંત્ર્ય-સેનાની તરીકે એમાં સામેલ હતા. આઝાદી સંગ્રામકાળનો આંખે દેખ્યો હેવાલ ચિતાર સંક્ષેપમાં આપતાં લેખકે સ્વાનુભવો પણ વર્ણવ્યા છે.

ISBN 978-81-237-8780-0

# નેશનલ બુક ટ્રસ્ટની 'પુસ્તક ક્લબ'ના સભ્ય બનો
# અને
# પુસ્તકોની ખરીદીમાં વળતર મેળવો

નેશનલ બુક ટ્રસ્ટનાં પુસ્તકો 18 ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં વાજબી કિંમતે ઉપલબ્ધ છે. ટ્રેસ્ટનો હંમેશ પ્રયાસ રહ્યો છે કે દેશભરના પુસ્તક વિક્રેતાઓને મોટી સંખ્યામાં નામાંકિત કરીને પુસ્તકો દરેક જિલ્લામાં પહોંચાડવામાં આવે. વી.પી.પી. દ્વારા પુસ્તકોનો ઓર્ડર મોકલવાની રીત સરળ બનાવવા માટે ટ્રસ્ટે 1994થી 'નેશનલ બુક ટ્રસ્ટ પુસ્તક ક્લબ'ની શરૂઆત કરી છે. પચાસ રૂપિયા રકમ જમા કરીને કોઈપણ વ્યક્તિ / સંસ્થા 'પુસ્તક ક્લબ'ના સભ્ય બની શકે છે. સભ્યોને નીચે પ્રમાણે સુવિધાઓ અપાશે :

1. નેશનલ બુક ટ્રસ્ટનાં બધાં પુસ્તકો પર 20 ટકા વળતર.

2. ઓર્ડરનાં પુસ્તકોની કિંમતને આધારે ટપાલ ખર્ચમાં વળતર;

3. 'પુસ્તક ક્લબ'ના કોઈપણ સભ્ય દ્વારા એક વર્ષ દરમિયાન 500 રૂપિયા સુધીની ખરીદી પર 25 રૂપિયા સુધીની કિંમતનાં પુસ્તકો ભેટ રૂપે અપાય છે જેને માટે સભ્યો વર્ષ દરમિયાન (ટ્રસ્ટમાંથી) કરેલી પુસ્તક ખરીદીનું વાસ્તવિક પ્રમાણ રજૂ કરવાનું રહેશે. વર્ષની ગણતરી નાણાંકીય વર્ષના આધારે કરાશે, જેમકે ચાલુ વર્ષની 1 એપ્રિલથી આગામી વર્ષના 31 માર્ચ સુધી. દાવાની મુદત પૂરી થયેલ વર્ષ પછીના છ મહિના સુધી માન્ય રહેશે;

4. નેશનલ બુક ટ્રસ્ટનાં માસિક બુલેટિન, સૂચિપત્ર (માંગણી કરવાથી) તથા અન્ય પ્રચાર સામગ્રીના માધ્યમે ટ્રસ્ટનાં નવા પ્રકાશનો તથા બીજી પ્રવૃત્તિઓની નિયમિત માહિતી.

નિયમો અને શરતો :

સભ્ય કોણ અને કેવી રીતે બની શકે :

5. ભારતમાં રહેતા કોઈપણ વ્યક્તિ/સંસ્થા સભ્ય બની શકે છે.

6. સભ્યો પાસેથી માત્ર 100 રૂપિયા સભ્ય ફી લેવાય છે અને સંસ્થા પાસેથી 500 રૂપિયા સભ્ય ફી લેવાય છે.

7. વળતર : સભ્ય ટ્રસ્ટનું કોઈ પણ પુસ્તક 20 ટકા વળતરે ખરીદી શકે છે.

8. ટપાલ ખર્ચ : પુસ્તકો વી.પી.પી. દ્વારા મોકલવામાં આવે છે. 200 રૂપિયા સુધીનો કે એથી આ ઓર્ડર હોય તો પૂરેપૂરો ટપાલ ખર્ચ ઉમેરવામાં આવે છે. 201 રૂપિયાથી વધારેના ઓર્ડરના પુસ્તકો પર ટપાલ ખર્ચ ઉમેર્યા વિના મોકલાય છે.

## નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

મુખ્ય કાર્યાલય : નહેરુ ભવન 5, ઇન્સ્ટીટ્યૂશનલ એરિયા, ફેસ - II
વસંતકુંજ, નવી દિલ્હી-110070
ફોન : 011-26707700
પશ્ચિમ ક્ષેત્રીય કાર્યાલય : રવીન્દ્ર નાટ્ય મંદિર, પહેલો માળ, પી.એલ. દેશપાંડે
મહારાષ્ટ્ર કલા અકાદમી, પ્રભાદેવી મુંબઈ-400025
ટેલીફોન : 022-24320380
વેબસાઈટ : www. nbtindia.gov.in
ઈ-મેલ : nbtindiamumbai@yahoo.com
wro.nbt@nic.in

### પુસ્તક ક્લબ સભ્ય પત્રક

મહેરબાની કરી આ પત્રક બે નકલમાં ભરીને 100 રૂપિયા/500 રૂપિયા સભ્ય ફી તરીકે 'નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા'ને નામે બેંક ડ્રાફ્ટ સાથે મોકલાવો.

1. નામ/સંસ્થા (સ્પષ્ટ અક્ષરોમાં) : ....................................
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ........................................
   ..................................................................
   ..................................................................
   પિન કોડ : ....................................................
3. ફોન / મોબાઈલ નં. : ............................................
4. ઈમેલ : ........................................................
5. વ્યવસાય : ......................... 6. ઉંમર .................
7. સભ્ય ફી બેંક ડ્રાફ્ટ / રોકડ દ્વારા મોકલવામાં આવી છે.
   બેંક ડ્રાફ્ટનો નંબર અને તારીખ : .................................
   બેંકનું નામ : ..................................................
   જેને નામે અપાયો છે : ...........................................

મેં નેશનલ બુક ટ્રસ્ટ પુસ્તક ક્લબના નિયમો અને શરતો વાંચી લીધાં છે અને મને તે માન્ય છે.

......................
સહી

તારીખ : ...................

---

I, ....................................................................., have received Rs. ..................
from ................................................................................towards the fee for Book Club Membership.

(Signature)
For National Book Trust, India